
કુમાર

આવતી કાલનાં નાગરિકો
માટેનું જ્ઞાન, સંસ્કાર અને
ચારિત્ર્યઘડતરનું સામયિક

સંસ્થાપક · શ્રી રવિશંકર રાવળ
વર્ષ છત્રીસમું · અંક અગિયારમો
માહે નવેમ્બર ઓગણીસસો ઓગણસાઠ
સળંગ અંકસંખ્યા ૪૩૧ ચારસો એકત્રીસ



હવા અને પાણી (વૂડકટ) એમ. સી. એસ્ચર
[પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'માં]

તંત્રી · બચુભાઈ રાવત



ચિત્રો

હવા અને પાણી (વુડકટ) કલાકાર: એમ. સી. એસ્ચર — પૂઠું
લક્ષ્ય, ઉપાશ્રય પ્રતિ ફોટો : ડૉ. કાન્તિલાલ કોઠારી — મુખચિત્ર પાછળ
કામગરાં કલાકાર: દિનેશ શાહ — ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

કહે — સુન્દરમ્ ૪૫૧
દેશી — રાજેન્દ્ર શાહ ૪૫૧
મોરલીને વેણ — પ્રદ્યુમ્ન તન્ના ૪૫૧
બે મન — ઉશનસ્ ૪૫૧
પરિવર્તન — 'તુષાર' ૪૫૧
જીવનની મૂંગી સાંજે — પિનાકિન્ ઠાકોર ૪૫૧

ચરિત્ર

રવિશંકર મહેતા — વલ્લભદાસ અક્કડ ૪૫૨
રુક્મિણીદેવી — સુનીલ કોઠારી ૪૫૭
ડૉ. કાન્તિલાલ કોઠારી — રવિશંકર રાવળ ૪૬૨

નાટિકા

એક સાંજની મુલાકાત — ચન્દ્રકાન્ત બક્ષી ૪૫૫

લેખો

ચન્દ્ર અને પૃથ્વી વચ્ચેનો પૂલ — ગિરીશ દેસાઈ ૪૫૯
ઉષ્ટ્રાસન (યોગાસનો-૧૭) — હાસુભાઈ શુક્લ ૪૬૨
શસ્ય-શ્યામલ સિયામ (અગ. ૫.-૨૯) — નવનીત પારેખ ૪૬૪
પ્રાચીન ભારતીય વહાણવટું-૫ — સ્વ. 'સુકાની' ૪૬૬
મોંઘવારીનાં મૂળ (સમારોપ-૧) — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૪૭૩
વિનોબાજી સાથે કલાવિષયક પ્રશ્નોત્તરી — દિનેશ શાહ ૪૭૮
બ્રિજ (પાનાંની રમત) — સાધુરામ દવે ૪૮૧
શેક્સ્પીઅર નાટ્યમહોત્સવ જયંતી — ૪૮૪
સાહિત્ય-સમસ્યા — મહેન્દ્ર ન. પંડ્યા ૪૮૮

વિભાગો

વાચકો લખે છે — ૪૫૦
ટિકિટસંગ્રહ — ૪૬૧
કલાવાર્તા (દિનેશ શાહ, આફ્રિક આર્ટ, નૂતનવર્ષાભિનંદનપત્રો) — ૪૬૮
પચ્ચીસ વર્ષ પહેલાં — ૪૭૫
માધુકરી (સ્વ. સર હરિલાલ ગોસલિયા, કેશવલાલભાઈ, કોણું) — ૪૭૯
પાટલાઘો (આપણાં પ્રાણીઓ-૩૦) — ૪૭૯
વિચારવિશેષ — ૪૮૩
સાહિત્યસંપર્ક (શબ્દકથા 'છેલબટાઉ' : હરિવલ્લભ ભાયાણી) — ૪૮૭
આ માસ ઇતિહાસમાં (વ્યક્તિવિશેષ : વૉલ્તેર) — ૪૮૯
છેલ્લું પાનું — ૪૯૦
જર્મન પત્રમિત્રો — પૂઠામાં

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો





ફોટોકલાકાર ડૉ. કાન્તિલાલ કોઠારી(જેમનો પરિચય આ અંકમાં અન્યત્ર છે)ની બે કૃતિઓ–મથાળે: લક્ષ્ય, નીચે: ઉપાશ્રય પ્રતિ



કામગરાં

ચિત્રકાર · દિનેશ શાહ

ઓબડધોબડ બાંધેલા, પણ ગોબર-ચૂને લીંપીધોળીને ચોખ્ખાચણક રાખેલા ઘરને ઓટલે નવરાશની વેળમાં—સાધારણતઃ બપોરે સરખી સહિયર સાથે, બરૂની સળીઓને રંગરંગીન ધાગાએ ગૂંથીને વીંઝણા બનાવતી રાજસ્થાની ગ્રામનારીનું આ ઝૂમખું યે, પોતે ગૂંથી રહેલા વીંઝણા જેવું નયનમનોહર નથી? અને ચિત્રનું સંયોજન પણ એ ઓબડધોબડ ઘરની બાંધણીની એવી જ નયનરંજક રેખાઓ સાથે લય લેતું કલાકારે કર્યું છે.

વાચકો લખે છે

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ સપ્ટેમ્બર અંકના 'વાચકો લખે છે' વિભાગમાં અપાએલો શ્લોક 'સુભાષિત-રત્નભાંડાગાર'માં તેના અન્વયસહિત મળશે. અમારા વિદ્યાલયના સંસ્કૃત-શિક્ષક શ્રી શંકરલાલ વૈજનાથ પાધ્યા(કાવ્યતીર્થ)ને પૂછતાં મળેલો ઉત્તર આ પ્રમાણે છે: 'શ્લોકનો સંધિવિગ્રહ કરતાં પાયાદ્ વः करणः अरणः रणरणः राणः रणोवारणः दत्ता येन रमारमारमरमा रामरमाः सा रमा। सः श्रीमान् उदयोदयः अदयदयः दायोदयोदेदय. विष्णुः जिष्णुःअभीरभीरभि अभीराभीरभीसारभीः॥

તેનો અર્થ: जिष्णुः વિજેતા विष्णुः વિષ્ણુ वः તમને पायाद् રક્ષો. (શ્લોકમાં વિષ્ણુના દશાવતારનું વર્ણન આ પ્રમાણે છે–) करणः–कं रणति इति–જલમાં જાય છે તે–મત્સ્ય૧–કૂર્મ૨–અવતારધારી, अरणः જેને રણ નથી તે–સંગ્રામરહિત વામન૩, (જેનો) राण–યુદ્ધનો रणरणः–રણરણકાર અવાજ છે તેવા, रणो–रणस्य उः–યોદ્ધાઓને वारणः–વારનાર નરસિંહ૪, येन જેણે सा रमा તે લક્ષ્મી रमारमरमाः– રમાથી રમનાર વિષ્ણુમાં રમનાર બ્રાહ્મણોને अरम् જલદીથી दत्ता આપી એવા आरमाः અરિકુલહન્તા પરશુરામ૫, सः તે श्रीमान् શોભાવાનલક્ષ્મીવાન, उदयोदयः–જેને ઉદય પ્રાપ્ત નથી એવા મહીમંડળનો ઉદ્ધાર કરનાર વરાહ૬–અવતાર–ધારી, अदयदयः નિર્દયો ઉપર પણ દયાવાન બુદ્ધ૭, दायोदयोदेदयः-દાય-ભાઇ-ભાગ માટે જેમણે उदय લોઢું ઉગામેલું છે એવા કૌરવોને दे મારનાર અર્જુન પર दयः દયાળુ કૃષ્ણ૮, अभीरभीरभिः (अभीरेषु भियै रमते) રાવણ વગેરે નીડરોને બીક આપવાને હુમલો કરનાર રામ૯, अभीराभीरभीसारभीः બહાદુર છતાં ડરનારાઓને ડરાવનારા–મ્લેચ્છો–ને ડરરૂપ કલ્કિ૧૦.

(સિદ્ધપુર) —દા. દ. ભાવસાર

★ સપ્ટેમ્બર અંકમાં શ્રી ચન્દ્રકાન્ત પટેલે લખી મોકલેલો શ્લોક થોડાંક વર્ષો પહેલાં મારા એક મિત્રે જરા પાઠાન્તર સાથે મને મોકલેલો, એનો નડિયાદના પ્રસિદ્ધ કથાકાર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીએ કરેલો અર્થ:

આ શ્લોકની સંધિનો નીચે પ્રમાણે વિગ્રહ છે: अव्याद् वः करणोरणः रणरणः राणः अरणः रावणः धृत्वा येन र आर मारं अरमा रामा रमासारमा। सः श्रीमानदयोदयः दयदयः दायः अत् अयः वेदयः विष्णुः जिष्णुः अभीरभीरभरभीराभीः अभीसौः अभी॥

તેનો શબ્દાનુસારી અર્થ: येन જે(રામે) अयः શસ્ત્રને धृत्वा ધારણ કરીને रावणः રાવણ दायः ખંડિત કર્યો सः તે विष्णुः રામ वः તમને अव्यात् રક્ષો. રામ કેવા?—रामा (જે રામની પત્ની) સીતા, रं અગ્નિમાં आर પ્રવેશ્યાં, (જે સીતા) मारं કામની પ્રત્યે अरमा અભિલાષ વિનાનાં છે, रमासारमा (જે સીતા) (रमा) લક્ષ્મીના (सार) તેજને (मा) માપનારાં-ઝાંખું કરનારાં છે. श्रीमानदयोदयः (જે રામથી) શ્રી, માન, દયાનો ઉદય થાય છે, दयदयः (જેને) દય (દાન)માં દયા છે, (જે) (માનવદેહ લઇ) वेदयः જ્ઞાનદાતા છે, जिष्णुः વિજેતા છે, अभीर–भीर–भर–भीराभीः (अभीर) પવનને (પણ भीर) ભય આપનાર (સર્પ)ને (भरभीः) ધારણ કરનાર ગરુડનો अभीः (જેને) ભય નથી એવા વિષ્ણુ(રામ).

(અમદાવાદ) —સિદ્ધાર્થ ન. ત્રિવેદી

[*આ બંને ભિન્ન અર્થો પરથી જોઈ શકાશે કે બંને શ્લોકોમાં वारणो, दत्ता, श्रीमानुदयोदयः, दायोदयोदेदयो અને अभीराभीरभीसारभीः જેવા શબ્દો પૂરતો ફેરફાર છે.]

'કલાવાર્તા' વિભાગમાં ભારતનાં અગ્રગણ્ય સંગ્રહસ્થાનોની આવતી માહિતી રસપ્રદ તેમજ પ્રકાશ પાડનારી છે. તે પરથી એક સૂચન કરવાનો લોભ થાય છે. આમ તો ખ્યાતનામ કલાકારો સંબંધી લેખો 'કુમાર'ના અંકોમાં અવારનવાર આવતા જ રહે છે; પણ અભ્યાસીઓને માર્ગદર્શન મળે તે માટે ઉપર્યુક્ત વિભાગમાં જગતના અને ભારતના પ્રથમ પંક્તિના દરેક ક્ષેત્રના દસેક કલાકારોની યાદી તેમનાં ઉત્તમ સર્જનો વિષેની માહિતી આપતાં પ્રકાશનો, કિંમત તથા પ્રાપ્તિસ્થાનની વિગતો સાથે આપશો તો તે ઘણી ઉપયોગી નીવડશે; ને દરેક કલાક્ષેત્રના નવનીતરૂપ થશે.

'વાચકો લખે છે' વિભાગમાં પ્રગટ થતા ઉત્તમ પત્ર માટે એક રૂપિયો પુરસ્કાર આપવામાં આવે છે તેને બદલે તમારું એકાદ નાનું સરખું પ્રકાશન આપવાનું રાખો તો તમારો હેતુ વધુ જળવાશે. છેવટે, જે અંકમાં તે પ્રગટ થાય તે અંક મોકલવાનું રાખો તો પણ ખોટું નથી. અગાઉની રંગીન ચિત્ર આપવાની યોજના રોકડ રકમ કરતાં સારી હતી.

(ભાવનગર) —કનૈયાલાલ પ્ર. દવે

'કુમાર'માં જુદાજુદા વિષયો વિષે લેખમાળા ચાલુ રહે છે. મને લાગે છે કે જો 'અર્થશાસ્ત્ર' ને લગતી એક લેખમાળા શરૂ થાય તો વાચકોને ખૂબ જ ફાયદો થશે. આપણી પંચવર્ષીય યોજનાઓથી થતી પ્રગતિનો પણ ખયાલ આવશે તેમજ દુનિયાના જુદાજુદા દેશો વચ્ચેના આર્થિક સંબંધો તથા આર્થિક દૃષ્ટિએ થતી પ્રગતિનો પણ ખયાલ આવશે.

(મુંબાઇ) —પ્રવીણ ખોના

ઑગસ્ટ અંકમાં ૧૯૫૮ ને ૧૯૫૯ના રાષ્ટ્ર-પદકધારકોના ફોટો વગેરે આપેલાં છે. આ સાલ બરાબર છે? કે ૧૯૫૭-૫૮ની જોઇએ? પૃ. ૩૨૬ ઉપર મનોહર બલવન્ત દીવાન 'કૃષ્ણધામ' છે તે 'કુષ્ઠધામ' જોઇએ. તે જ પાના પર 'પદ્મશ્રી'ની યાદીમાં 'પ્રતાપરાય ગિરધરલાલ મહેતા'ના નામ પહેલાં પરીક્ષિતલાલ મજમુદાર (પ્રમુખ ગુજરાત હરિજન સેવક સંઘ')નું નામ છાપવું રહી ગયું જણાય છે.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

[*'૧૯૫૮-૫૯ના પદક ધારકો' એ સાચું છે. પરીક્ષિતલાલ મજમુદારનું ચિત્ર મળ્યું ન હતું. એ નામ રહી ગયાની અમને દિલગીરી છે.]

'કુમાર'ના ડિસેંબરના અંકમાં જેમ આખા વર્ષનું સાંકળિયું આપવામાં આવે છે તેમ કુમારના આજ સુધીના બધા જ અંકોનું એક સંપૂર્ણ સાંકળિયું બહાર પાડવામાં આવે તો સારું, કારણ કે કુમારની ફાઇલો સમૃદ્ધ સાઈક્લોપીડિયાની ગરજ સારે છે. પરંતુ જ્યારે કોઇ પણ એક વિષયને લક્ષમાં રાખીને અભ્યાસ કરવો હોય ત્યારે કુમારના લગભગ સાડી ચારસો અંકો ફેરવવામાં મોટી મુશ્કેલી પડે છે. જો કે સંપૂર્ણ સાંકળિયું બનાવવાનું કામ મોટું તો છે જ, છતાં આવકાર્ય પણ ખરું જ.

(બાકરોલ) —પટેલ જયંતીલાલ ડાહ્યાભાઈ

[* પ્રસ્તાવ ઉપયોગી છે, પણ વ્યવહારુ નથી. કામ ઉપરાંત છપાવવામાં ખર્ચ પણ ઘણું મોટું, ને ખરીદનાર રડ્યાખડ્યા.] (અનુ૦ ૪૮૬મે)

કહે

· શિખરિણી ·

કહે, મારાથી કો નિકટ અધિકું તારી જ રહ્યું?
કહે, મારાથી કો અધિક તુજ શું સ્નેહ કરતું?
કહે, આ સૃષ્ટિમાં મુજ સમ તને સાથી અવર?
કહે,—તારું મારું યુગલ બસ તે એક યુગલ.

સુન્દરમ્

દેશી

· વસંતતિલકા ·

મેં તો તને નિરખી યૌવનને ઉઘાડ,
એકાન્ત પંથ ગિરિ–નિર્ઝરની સમીપ:
ઘેરી ઘટાથી ઢળતાં જ્યહિં આમ્ર, નીપ,–
ત્યાં ટ્હૌકતી (મદિર ઊર્મિની આવી બાઢ)!

તું જેની તેની સહ કોટિ કરંત લાડ,
હો મંજરી અગર કંકર કે વિહંગ:
આલિંગતી નિખિલનાં સહુ અંગ અંગ;
રે તું હવા શી વળી જાય, ન કોઈ આડ!

તું શ્યામ, વર્ણ તવ અંચલનો વસંતી:
ભૂલે દૃગો પલક, શીતલ એવી આગ!
ને પાશ જેમ વીંટળાઇ વળે પરાગ
તારો, તું વન્ય રણકાર થકી હસંતી!

એ આપણું મિલન મંગલ, મુગ્ધ દેશી!
તું યે ઉશીર ખડની કુટિરે પ્રવેશી!

રાજેન્દ્ર શાહ

બે મન

· પૃથ્વી ·

અમારું મન એક ચાલ્યું અવકાશયાત્રાદિશે
ગ્રહેથી ગ્રહ ઊર્ધ્વ ઊર્ધ્વતર; કૂદતો મદ્ય પી
ન હોય બસ સૂર્યમાળ થકી સૂર્યમાળે કપિ
વિરાટવિટપી નભોવટની ડેટીડેટી ઠિશે!
વટાવતું પથાંતરાલમહીં આંધીઓ ઊઠતી
અનંત ઉડુઓની ચંડ ધૂમકેતુ–સ્વર્ગંગની!
નવાં ઊઘડતાં નભો! ફૂટતી શ્રેણીઓ પૃથ્વીની!
અનંત અટનોથી આ વિરમશે મતિ ક્યાં જતી!

અને અવર જે ગણેશ સરખી અમારી મતિ
(જુદેરી કંઇ કાર્તિકેય થકી) ઊપડે સૃષ્ટિના
પરિક્રમણ અર્થ; માર્ગ પણ લે ન એ બુદ્ધિના,
હતી ખબર:'બુદ્ધિ તો મૂંઝવી આખરે મારતી;'
અને પરમ શ્રદ્ધધાન પ્રીતની ગ્રહે એ ગતિ,
'પરિક્રમણ પૂર્ણ સર્વ તવ પાય મા, પાર્વતી!'

'ઉશનસ્'

રાગિણી દેશી · સમય મધ્યાહ્ન... પ્રાચીન સાહિત્યમાં જણાવ્યા મુજબ ઉશીર (ઘાસ)ની ઝૂંપડીમાં રહેતી આ યુવતીનો વર્ણ ગૌર ન રાખતાં અહીં શ્યામ કલ્પ્યો છે. એનાં પ્રાચીન વર્ણનો નીચે પ્રમાણે છે:

ઉશીરાગારનિવાસં કુસુમમાલાં ચ કરાં સુગૌરાંગીમ્
રુચિરાંવરાંવૃતાંતાંદેશીંધ્યાયામિ યુવતીકરસુસંગીમ્.

*

નીલ વસન ગૌર સુતન સોવત પતિ પૈ(?) ખરી
આમ્રન તન પાની અંજન ચાહ રમનકી ભરી
રૂપરસિક ગાવન પિક પ્રિતમ મનમોહની
જોવન મત રિઝત ચિત દેશી કહત રાગની.

મોરલીને વેણ

· ગાન ·

તુંને ના કાન! તારી મોરલીને વેણ અમીં મોયાં જી રે!
સાંભળી છે ત્યારની આ નેણુંની નીંદ ને
ચિતડાનાં ચેન અમીં ખોયાં જી રે,
કાન! મોરલીને વેણ અમીં મોયાં જી રે!

ઊમટી આષાઢની હેલીની જ્યમ કશું, ઊઘલી ઊઘલીને જર્યે ગાતી,
એવા ઉમંગ–લોઢ હૈયે હિલોળતા કે છાતી તો ફાટફાટ થાતી!
હરખ-મૂંઝારે તર્યે બાવરાં બનીને હાય!
દા'ડીને રેણુ અમીં રોયાં જી રે,
કાન! મોરલીને વેણ અમીં મોયાં જી રે!

એકલાં અમીં ન કાંઇ ઘેલાં રે બોલ ઇંને, ઘેલાં વિહંગનાં ટોળાં,
ડોલે કદંબની કુંજ બધી તાનમાં, ને જમના યે લેત " હિલોળા!
સૂરની તે વાંહોવાહ ખીલડેથી ભાગતાં
વાછરાં ને ધેન અમીં જોયાં જી રે,
કાન! મોરલીને વેણ અમીં મોયાં જી રે!

એલી વળડવું, હાલ્યા ક્યાં આમ અરે એવું શું મનમાંહી લીધું?
જીવતરના સમ! રાખી હૈયે આ હાથ જુવો, હાર્યું જો હોય જરી કીધું!
એટલું ન જાણીએ કે કાઠના ઇ કટકામાં
કાળજનાં કેણુ તમીં પ્રોયાં જી રે!
કાન! મોરલીને વેણ અમીં મોયાં જી રે!

પ્રદ્યુમ્ન તન્ના

પરિવર્તન

વસંતતિલકા

હું તો હતો જ બસ ચાહક પર્વતોના
ભૂંડા અને ભૂખર, શુષ્ક શિલાપટોનો,
તે આજ આ કિસલયો, થઇ મુગ્ધ, ન્યાળું,
ને ખીલતી કળીમહીં તવ આસ્ય ભાળું.
ઉન્મત્ત વારિલહરો જ્યહિં નર્તતી, ને
જ્યાં રુદ્રતા હસત તે જલાધ તણો હું
પ્રેમી, હવે ઝરણના કલનાદ માંહિ
રેં તાહરા સ્વર તણો રણકાર શોધું?
મધ્યાહ્નના પ્રખર સૂર્ય તણા પ્રચંડ
તાપે સદાય તપનાર, હવે નિશાના
અંધારને તવ સુકોમળ શ્યામ કેશ
માની, સુબંકિમ શશી તણી વેણી પેખું.
ને તાંડવો ભૂલી જઇ તવ લાસ્ય સાથે
હું કાં હવે ઝણણતું મુજ ચિત્ત રાખું?

'તુષાર'

જીવનની મૂંગી સાંજે

· ગાન ·

જીવનની મૂંગી સાંજે છલોછલ અંતરે એક જ બોલ:
આયુષ આખરે પ્હેલાં ને છેલ્લાં બાર હૈયાનાં ખોલ!
ઓ મૂંગી મૂરતી! ઘડીક ડોલ.

જીવનભર મેં ઝંખ્યા કર્યું તારું બ્હાલપનું એક વેણ,
જીવનભર મેં ઝૂર્યાં કર્યું તારું નેહઝર્યું બસ નેણ:
જો મૂંગી મૂરતી સાંભળે કે'ણ.

આયખું ઓવારી નાખ્યું હસીહસી, લાધ્યો ના તવ સંતોષ,
વર્ષ્યો સૌ અંતર-સ્નેહ છતાં તારો પામિયો યે નહિ રોષ:
ઓ મૂંગી મૂરતી! સતાવે શોષ.

આજ આ અંતિમ સાંજ વિદાયની મોહવ્યથા પારાવાર,
આછેરા સ્મિતના એક ઇશારાની આરઝૂ આખરી વાર;
મારી આ સાંજરે સ્હેજ જામે ઝરી કરુણાબિન્દુ પલવાર:
મૂંગી મૂરતી! મારે અપરંપાર
જીવનની મૂંગી સાંજરે આખરી અંતરે એક જ બોલ.

પિનાકિન ઠાકોર

ગુજરાત સદ્ભાગી છે. ભારતના અર્વાચીન નવોત્થાનને લગભગ પ્રત્યેક ક્ષેત્રે ગુજરાતે પહેલ કરી છે. સમાજ-સુધારણા, શિક્ષણ, સાહિત્ય, રાજકારણ, વ્યાપાર-વાણિજ્ય, પત્રકારત્વ આદિ સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં એ મોખરે રહેતું આવ્યું છે. તેમાં યે પત્રકારત્વમાં તો વિશેષ પ્રાધાન્ય રહેલું છે. લગભગ દોઢસો વર્ષ પહેલાં ઈ. સ. ૧૮૨૨માં ફર્દુનજી મર્ઝબાનજીએ 'મુંબઈ સમાચાર' સ્થાપ્યું, એ આપણા પત્રકારત્વનો આદિયુગ. તે પછી નર્મદ, કરસનદાસ મૂળજી અને ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ આદિનો મધ્યકાલીન યુગ; અને છેલ્લો ગાંધીયુગ.

આ ગાંધીયુગમાં ભારતને અનેક નરરત્નો ગુજરાતે ધર્યાં છે. પત્રકારત્વ ક્ષેત્રે પણ ગાંધીજી, મહાદેવભાઈ, મશરૂવાળા, અમૃતલાલ શેઠ, મેઘાણી, સામળદાસ ગાંધી વગેરે સમર્થ માણસો થઈ ગયા. કૃષ્ણલાલ શ્રીધરાણી અને મહેન્દ્ર દેસાઇ જેવા અંગ્રેજી પત્રકારત્વમાં પણ ગુજરાતનું નામ આજે રોશન કરી રહ્યા છે.

પણ વર્તમાન વિદ્યમાન ગુજરાતી પત્રકારોમાં એક રત્ન આજ સુધી ઢાંક્યું રહેલું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદે એ રત્નનું તેજ પારખ્યું અને એને ગયા માસમાં અમદાવાદમાં ભરાએલી પોતાની વીસમી બેઠકના પત્રકારત્વ વિભાગને અધ્યક્ષપદે મૂક્યું.

એ છે, શ્રી રવિશંકર વિઠ્ઠલજી મહેતા : મુંબાઈના 'ફ્રી પ્રેસ' જૂથના ગુજરાતી દૈનિક 'જનશક્તિ'ના તંત્રી. સાહિત્યકાર કે કેળવણીકાર થતાં-થતાં એ પત્રકાર રૂપે ઘડાયા અને એમની સાહિત્યની શક્તિ પત્રકારત્વને પ્રાપ્ત થઈ; વિદ્વત્તાનો વારસાગત સંસ્કાર સાર્વત્રિક જ્ઞાન ઝંખતો ઝંખતો પત્રકારત્વમાં પાંગર્યો; અને તેથી આજે જ્યારે પીઢ અને પંડિતયુગી પત્રકારત્વની ગુજરાતમાં ઓટ આવતી વર્તાય છે ત્યારે શ્રી રવિશંકર મહેતા ગઈ અને ચાલુ પત્રકાર-પેઢીના સેતુ સમા છે.

ગુજરાતમાં 'ગુજરાતી' પત્રના અસ્ત પહેલાં ગાંધીયુગ બેસી ગયો હતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી આવી ભારતમાં પાદાર્પણ કર્યું ત્યાર પછી મુંબાઇમાં શ્રી રણછોડદાસ ભવાન લોટવાળા 'હિન્દુસ્તાન' પત્ર દ્વારા ગુજરાતના પત્રકારો ઘડી રહ્યા હતા. રાજદ્વારી આંદોલનમાં હોમરૂલ લીગની બોલબાલા હતી. ગુજરાતી પત્રકારત્વના લાલનપાલનમાં એ લોટવાળાની સેવા નોંધપાત્ર છે. એમનું પત્રજૂથ મોટું હતું ને તે દ્વારા ઘણા પત્રકાર-સાહિત્યકારોને પ્રોત્સાહન ને તાલીમ મળતાં. એ જમાનામાં એમનાં 'હિન્દુસ્તાન' અને 'ઍડ્વોકેટ ઑવ ઇન્ડિયા'ની પ્રતિષ્ઠા હતી. એ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવવામાં જે અનેક પત્રકારોનો હિસ્સો હતો તે પૈકી શ્રી રવિશંકર વિઠ્ઠલજી મહેતા પણ એક પ્રબળ લેખક લેખાતા. ૧૯૩૦ના જમાનામાં સોળ પાનાંના એક અભ્યાસપૂર્ણ લેખ (વિરોધજન્ય ઉત્ક્રાંત્યાત્મક ભૌતિક વાદ—ડાયાલેક્ટિકલ મટીરીઆલિઝમ) માટે રૂ. ૩૦૦ જેટલો માતબર પુરસ્કાર મેળવનાર શ્રી રવિશંકર અને એ આપનાર શ્રી લોટવાળા!

જન્મ અને સંસ્કાર-વારસો

પણ પત્રકાર રવિશંકર માત્ર 'હિન્દુસ્તાન' પત્ર કે લોટવાળાના પ્રોત્સાહનથી જ ઘડાયા છે, એમ નથી. એમના વ્યક્તિત્વમાં મૂળગત સાહિત્ય-વારસો એક નહિ તો બીજે સ્વરૂપે હતો જ. એમનો જન્મ ઈ. ૧૯૦૪ના ઑક્ટોબરની ૧૦મી તારીખે ગોંડલમાં થએલો. ગુજરાતી સાહિત્ય પરિષદ ૧૯૦૫માં સ્થપાઈ ત્યારે રવિભાઈ ઘોડિયામાં માનાં હાલરડાં સાંભળતા હશે. પણ ગોંડલે એ દાયકામાં બીજા સાહિત્ય-સેવકો યે આપ્યા છે: ધૂમકેતુ, બચુભાઈ રાવત ને દેશળજી પરમાર. આ ત્રણે રવિભાઈની આગળ—અને રવિભાઇના જ શબ્દોમાં કહીએ તો, 'અમે જ્યારે નિશાળમાં ભણતા ત્યારે અમે આ ત્રિપુટી પરત્વે અહોભાવથી જોતા.'

એમના પિતા શ્રી વિઠ્ઠલજી તલાટી હતા, પણ સંસ્કૃત, ફારસી, ઉર્દૂ, હિન્દી, મરાઠી અને ગુજરાતી એમ છ-છ ભાષાના જ્ઞાતા હતા. ધોરાજીના ઈશાનંદ બ્રહ્મચારી પાસે સંસ્કૃત અને એક મૌલવી પાસે ઉર્દૂ-ફારસી શીખેલા એ જૂના પેઢીના ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ સાહિત્યરસિયા યે ખરા. કવિ 'વિહારી' (શ્રી બેચરલાલ ત્રિકમજી પટેલ: ગોંડલના ભગવદ્ગોમંડળ કોશના સંપાદક શ્રી ચંદુલાલ પટેલના પિતા) પણ વિઠ્ઠલજીભાઇના મિત્ર. આમ જ્ઞાનસંસ્કારના વાતાવરણમાં એમનું બાળપણ ઘડાયું. પણ સંસ્કૃતનો સવિશેષ વારસો તો એમના માતામહ શ્રી શ્યામજી શુક્લ પાસેથી મળ્યો હતો. શ્યામજી શુક્લને ત્યાં વૈદિક સ્વરો ને મંત્રોચ્ચાર થતા. જનોઈ પણ એ માતામહે જ દીધેલું.

બાળપણની શિક્ષા-દીક્ષાના આ સંસ્કાર પછી માધ્યમિક શાળા ને બહાઉદ્દીન કૉલેજ (જૂનાગઢ)માં બલવત્તર થયા. પૂનાની સર્વન્ટ્સ ઑવ ઇંડિયા સોસાએટીવાળા શ્રી નારાયણ મલ્હાર જોશી અને પહેલી મરાઠી નવલના કર્તા શ્રી વામન મલ્હાર જોશીના ભાઈ પ્રા૦ મહાદેવ મલ્હાર જોશી એ કૉલેજમાં એમના સંસ્કૃતના ગુરુ હતાં.


૧૯૨૨માં જ્યારે ગોંડલની હાઈસ્કૂલમાંથી એ મૅટ્રિક થયા ત્યારે ગુજરાતમાં ગાંધીજીની અસહકારની રણભેરી બજી ચૂકી હતી. ઈ. ૧૯૨૭માં એ સંસ્કૃત ઑનર્સ સાથે બી.એ. થયા તે દરમ્યાન એમણે સંસ્કૃત પુસ્તકો જ નહિ, પણ ગાંધીવાદી વિચારસરણીનું સાહિત્ય પણ વાંચી લીધું હતું. સ્નાતક થયા પછી ધોરાજીની માધ્યમિક શાળામાં ટૂંક સમય શિક્ષક થયા. પછી એમ.એ. કરવા મુંબાઈ ગયા, પણ એલએલ.બી.માં જોડાયા ને સાથેસાથે બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે પણ કામ કરતા રહ્યા.

કૉલેજમાં જ એમણે પોતાની કારકિર્દીનો સંગીન પાયો નાખ્યો હતો. જ્હૉન સ્ટુઅર્ટ મિલ અને મોર્લે સમા વિચારકોના ગ્રંથો તેમજ રૂસો આદિનું ચિંતનશીલ સાહિત્ય એમણે પચાવવા માંડયું હતું. ધર્મ અને તત્ત્વજ્ઞાન પ્રત્યે એમને સ્વાભાવિક રસ રહેતો.

૧૯૩૦માં ગાંધીજીના નમક-સત્યાગ્રહમાં જોડાવા એમણે શિક્ષકનો વ્યવસાય છોડયો. એ લખતા થયા હતા તો છેક વિદ્યાર્થી અવસ્થાથી. ધોરાજીની પાઠશાળામાં જૂની પંડિતશાહી પદ્ધતિથી એ સંસ્કૃત શીખેલા, એટલે સુભાષિતો ને શ્લોકો તો અનેક એમને કંઠસ્થ. આમ જાગૃત થએલા કાવ્યરસથી અંગ્રેજી પાંચમા ધોરણથી તો એ છંદ અને પિંગળશાસ્ત્ર વાંચતા. એ રસવૃત્તિનો આવિર્ભાવ થયો, 'ગુજરાતનો બુદ્ધ' નામે કાવ્ય રૂપે, જેમાં ગાંધીજી પ્રત્યેનો અહોભાવ મૂર્ત થયો છે. એમણે કંઈ નહિ તો ૨૦૦–૨૫૦ કાવ્યો લખ્યાં હતાં. નિબંધો, વાર્તાઓ અને ઇતર લેખો પણ ખરા. 'બુદ્ધિપ્રકાશ', 'સાહિત્ય', 'સમાલોચક' અને 'વસંત'માં એ બધું પ્રકટ થતું રહેતું.

નક્કર રાજકારણના અભ્યાસમાં તો એ આવ્યા ૧૯૨૯–૩૦ના અરસામાં. ત્યારે અનેક તેજસ્વી યુવાનોની પેઠે એમને પણ સામ્યવાદી વિચારસરણી આકર્ષી ગઇ ને ડૉ. શાહના 'બેઝિક પ્રિન્સિપલ્સ ઑવ સાયન્ટિફિક સોશ્યલિઝમ'થી એ મુગ્ધ થયા. પરિણામે માર્ક્સવાદના બસ્સો જેટલા ગ્રંથોનું એમણે પરિશીલન કર્યું. એમાં મુખ્યત્વે લેનિન, માર્ક્સ, સ્તાલિન, એન્જલ્સ વગેરે હતા. બુખારિનનું 'હિસ્ટૉરિક મટીરીઅલિઝમ' પણ પ્રેરક નીવડયું. આ બધાને પરિણામે એ સામ્યવાદના પ્રશંસક થયા ને એ કાળે એવા જ ઝોકવાળા પ્રભાવશીલ લેખો પણ લખ્યા. એમાં ઇંદુલાલ યાજ્ઞિક ને ... [illegible]

તેજસ્વી બહુશ્રુત અને પ્રતિભાવાન ગુજરાતી પત્રકાર



રવિશંકર મહેતા

પણ એમના વિપુલ જ્ઞાનની ભૂમિકા, રાજકારણની એમની મર્મવેધક મીમાંસા, એમની સર્વગ્રાહી પ્રતિભા, ભારતીય વેદોથી માંડી પશ્ચિમના અર્વાચીન અર્થકારણ સુધીના વિષયોનો એમનો બહુવિધ અભ્યાસ, ને એમાંથી જન્મતી એમની સ્વતંત્ર તોલનશક્તિને લઇને તેઓ આજે ગુજરાતી પત્રકારોમાં એક પ્રમાણભૂત વૃત્તવિવેચક અને સમર્થ તંત્રી તરીકે પ્રેમ અને આદરનું ભાજન બની રહ્યા છે. આ ગુણસંપત્તિ જ એમને સાહિત્ય પરિષદના પત્રકાર વિભાગના સુકાની તરીકે સ્થાપિત કરે છે.

લેખક · વલ્લભદાસ અક્કડ

★

અંગ્રેજી સાહિત્યનો એમનો અભ્યાસ પણ સંગીન હતો અને પત્રકારત્વની સરિતાનાં જળ વહેતાં રહે તે ખાતર એમણે અંગ્રેજી શૈલીકારોનું સાહિત્ય પણ વાંચવા માંડેલું. ઇગ્લંડના જે. એલ. ગાર્વિન ને મુંબાઈના હૉર્નિમેન જેવા સમર્થ પત્રકારોની અગ્રેજી શૈલી તથા ઇંગ્લંડનાં 'ઑબ્ઝર્વર'ને 'ટાઇમ્સ' જેવાં અખબાર એમનાં પ્રેરક બળ થઈરહેલાં.

વિચાર, વાચન, ચિંતન અને શૈલીના ચતુર્વિધ સાધનમાંથી જે પ્રાબલ્ય પ્રાપ્ત થાય તે લોકહૃદયને ખેંચી રાખવામાં સમર્થ નીવડે છે. રવિભાઇની કલમમાં એ જોમ રહેતું, કુશળ ધારાશાસ્ત્રીના તર્ક રહેતો, વિચારસરણીને વફાદાર રહેવાની નિષ્ઠા રહેતી. 'હિન્દુસ્તાન-પ્રજામિત્ર'ના ૧૯૩૮મા પ્રકટેલા રજત મહોત્સવ અંકમાં એમણે પોતાના એ પત્રની નીતિના સમર્થનમાં જે લખ્યું હતું તેમાંથી નીચેનું અવતરણ એમની એ કાળની તાતી શૈલીની શાખ પૂરશે:

'...હિંદુસ્તાન પત્રોને મન વ્યક્તિઓ અને સંસ્થાઓનું મહત્ત્વ નથી; આ મંદિરે એમની પૂજા નથી; એ તો સિદ્ધાંતો ને એ સિદ્ધાંતોને પામવાંના સાચા માર્ગોને જ પિછાને છે; એ સિદ્ધિ અને એ સાચી સાધનાને જ તેઓ અર્ધ્ય આપે છે. તેમનો એ દોષ છે કે તેમણે કોઇની કંઠી બાંધી નથી; તેમનો એ અપરાધ છે કે અંધશ્રદ્ધા તેમને ખપતી નથી; તેમનું એ અક્ષમ્ય પાપ છે કે પાખંડ તેમને પોષાતું નથી; તેમની એ ગુનેગારી છે કે કડવું સત્ય ન કહેવાની કાયરતા તેઓ કેળવી શકતાં નથી; તેમની એ ખતા છે કે ટોળાંને અનુસરવાની તત્પરતા તેમણે અપનાવી નથી. હિંદુસ્તાન પત્રોના એ ગુનેગારી અમર રહો!'

આ પ્રકારની પ્રચારપ્રધાન ને ખુમારીભરી કલમ ચલાવનારા રવિભાઈ તે કાળે ૩૪·૩૫ વર્ષના જુવાન હતા. આજે તો એમને પંચાવન પૂરાં થયાં છે, અને એમની શૈલી સ્વસ્થ અને ચિંતનભરી બની છે.

સમર્થ તંત્રી

૧૯૩૪માં 'જન્મભૂમિ' નીકળ્યું અને શ્રી રવિભાઈ એમાં ૧૯૩૯માં જોડાયા. પછી એ પત્રનો 'લોકવાચકા'નો વિભાગ, અને ૧૯૩૯નું બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં 'સંજય'ને ઉપનામે તેમાં લખાતી યુદ્ધસમીક્ષા ગુજરાતી જનતાનું ધ્યાન ખેંચી રહ્યાં. સમગ્ર સમરાંગણની રોજબરોજની ખબરો આટલી સરસ રીતે અને ઇતિહાસ, ભૂગોળ તથા રાજકારણની ત્રિવિધ ભૂમિકા પર, ગુજરાતમાં પહેલી વાર લખવા માંડી. એનો લેખક જેવોતેવો ન હોય. દેશપરદેશનાં ઇતિહાસ, ભૂગોળ અને રાજકારણના આંતરપ્રવાહોના તર્કબદ્ધ જ્ઞાન વિના એ લખી શકાય નહિ. એ પછી જ એ વિભાગનાં અનુકરણ બીજાં અખબારોમાં પણ થતાં રહ્યાં. નકશા, ચિત્રો અને લેખનશૈલીથી મંડિત માહિતીપ્રચુર એ વિભાગ પ્રબળ લોકમત ઘડતો, લોકો એ વાંચવા તલપાપડ થઈ રહેતા. શ્રી રવિભાઇની આ સિદ્ધિ આગવી હતી.

પ્રાચીન આર્ય વિદ્યાનો પર્યાપ્ત પરિચય થયા પછી અને આંગ્લ સાહિત્ય તેમજ પશ્ચિમી રાજકારણનો તલસ્પર્શી અભ્યાસ કરવાને લઈને એમની વિચારસરણી આજે તો માનવતાવાદની પુરસ્કર્તા થઈ છે.

૧૯૩૯થી ૧૯૪૬ સુધી એઓ 'જન્મભૂમિ'માં રહ્યા, જ્યાં થોડો વખત તેના કાર્યવાહક તંત્રી પણ હતા. તેના જોડિયા પત્ર 'પ્રવાસી'ના તંત્રી પણ રહ્યા હતા. આ સાત વર્ષનો ગાળો એટલે ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામનો આખરી તબક્કો; વિશ્વયુદ્ધની સંહારલીલા અને ગાંધીજીના અહિંસાવાદના બે ઉત્તર-દક્ષિણ માર્ગોની અગ્નિપરીક્ષાનો નિર્ણયાત્મક તબક્કો. આ વ્યાપક અસરથી કોઈ પણ પત્રકાર કે વિચારક મુક્ત ન રહી શકે. ૧૯૫૧થી એઓ 'જનશક્તિ' દૈનિકના તંત્રીપદે આવ્યા ત્યારથી એમને ગાંધીજીના અહિંસાવાદમાં જે ઇતબાર આવવા માંડયો હતો તે હવે એમના વિચારો, અગ્રલેખો ને પત્રમાં પ્રમાણિત થવા લાગ્યો છે. એમની શૈલી પણ હવે નિરાડંબરી, સોંસરી અને શબ્દસત્કારાકાંક્ષિણી બની છે. એમના અગ્રલેખોમાં હવે રચનાત્મક અને લોકોપકારક વિચારોનો પુરસ્કાર થએલો હોય છે. એમની ટીકામાં કટુતા ક્વચિત જ દેખાય છે. છતાં એ વિચારોના વાહનરૂપ એમની શૈલીમાં નવા શબ્દોની રચના અને પરંપરાગત પીઢતા દાખલ કરવાનો પ્રયોગ પણ પ્રતીત થાય છે. એથી ક્યાંક-કદીક એ શૈલી ક્લિષ્ટ થાય છે ખરી.

પત્રકારની 'પરમહંસ' દૃષ્ટિ

તેઓ એક કર્મઠ, આત્મસંતુષ્ટ અને કર્તવ્યનિષ્ઠ પત્રકાર છે. લોકૈષણા, મહત્ત્વાકાંક્ષા ને કીર્તિલોલુપતાથી એ મુક્ત રહે છે. પત્રકાર એક સાર્વજનિક પુરુષ હોઇ એણે તો રાજદરબારોથી માડી આમ જનતાના નીચલા થર સુધીના આદમીનો પ્રત્યક્ષ સંપર્ક રાખવો જોઇએ. પણ રવિભાઈની નિર્મોહવૃત્તિ, અનારંભિક વૃત્તિ અને નિરાગ્રહતા એમને

લેખન-વાચનના મેજને ખૂણે પૂરી રાખે છે. પરિણામે એમને પ્રજાકીય પ્રવૃત્તિઓના પ્રણેતાઓ સાથે સીધો સંબંધ બહુ ઓછો રહે છે.

એમનું આ લક્ષણ સંભવતઃ એમના યોગાભ્યાસના નિષ્કર્ષ રૂપે હશે. વિવેકાનંદના રાજયોગથી લઈ પતંજલિના યોગદર્શન સુધીના નિદિધ્યાસને એમને એકમાર્ગી અને નિરપેક્ષ સ્વાધ્યાયી કરી મૂક્યા હશે. એઓ વાંચે છે ખૂબ પ્રમાણમાં, વિવિધ પ્રકારનું અને અદ્યતન, છતાં પંડિતો અને પ્રમાણભૂત નિષ્ણાતોની વચ્ચે બેસીને વિચાર-વિનિમય કરવાની પોતાની ઉત્તમ શક્તિને જાણીજોઇને કુંઠિત રાખ્યા કરે છે. એમ નથી, કે એમને આત્મવિશ્વાસ નથી કે એમનામાં નિર્ભયતા નથી; પણ નમ્રતા ને યજ્ઞાર્થે અર્પણ કરવા જેવી પોતાની શક્તિ સ્વયંભૂ જે સેવા કરે તે ખરી, એવી ઉદાસીનવૃત્તિથી એઓ એકાકી પ્રકૃતિ પસંદ કરે છે. બહિર્મુખતા કરતાં અંતર્મુખતા જ એમનું જીવનલક્ષ્ય બની છે.

રવિભાઈનાં જ્ઞાનક્ષેત્ર

જીવનમાં જ્ઞાનાર્જનને જ એમણે પ્રાધાન્ય આપ્યું છે. એમના સંસ્કૃત પ્રાધ્યાપક જોશી એમના પ્રત્યે પુત્રવત્ હેત દાખવતા; પિતા અને માતામહ પુરાણી પંડિત પેઢીના સંસ્કારપૂજકો; પોતે કાવ્ય ને સાહિત્યના રંગે રંગાયા પછી પશ્ચિમી વિચારસરણીમાં એવા પ્રવીણ થયા કે સામ્યવાદીઓની મંડળીમાં વિચારોનું આદાનપ્રદાન કરતા; પછી ષટ્-શાસ્ત્રો અને વેદાદિના ઊંડાણમાં ઊતરતા થયા (ચાતુર્માસમાં એ 'પ્રસ્થાનત્રયી'નું પારાયણ કરતા—આજે યે કરે છે); શાસ્ત્રીય સંગીતના ઉસ્તાદો સાથે તેની ચર્ચામીમાંસા કરવા જેવા તેના પણ જ્ઞાતા થયા અને અબ્દુલ કરીમખાં સાથે દસ વર્ષ સુધી રાતોની રાત બેસી આજે એ કલાની ઉપાસના ને શાસ્ત્રાર્થમાં પ્રવીણ થયા છે; ફૈયાઝખાં, અલ્લાદીખાં, હાફીઝઅલીખાં અને પંડિત ઓંકારનાથ સમા સમર્થ ભારતીય સંગીતજ્ઞોનો સત્સંગ તો એમનાથી છૂટતો નહિ; ચારે વેદના મૂળ ગ્રંથોનાં વાચન, સંશોધન ને વિશ્લેષણ અર્થે સાતવળેકરજી સમા વૈદિક વિદ્વાનોના વિચારો પચાવવાની એમની રસવૃત્તિ આજેય ખૂટતી નથી; પશ્ચિમના વિચારકોનાં મંતવ્યોને સતર્ક બુદ્ધિથી મૂલવવાની મૌલિક શક્તિ પણ વિકસ્યા કરી છે. 'જન્મભૂમિ' પત્રે પંચાંગોનું પ્રકાશન શરૂ કર્યું તો જ્યોતિષશાસ્ત્રમાં યે ઊંડા—તેનાં મૂળ સુધી ઊતર્યા ને પંચાંગસુધારણમાં ક્રિયાશીલ ઉત્સાહ પ્રમાણિત કર્યો; પોતાનાં પત્નીને ગળથૂથીમાં ડોશીવૈદાની લગની અને આયુર્વેદનો તીવ્ર શૉખ તેથી આયુર્વેદમાં પર્યાપ્ત જ્ઞાન મેળવવાની ઝંખનાથી ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ સમા પ્રાચીન આયુર્વેદ-નિર્માતાઓના ગ્રંથોનું પણ પરિશીલન;—આમ જીવનને સ્પર્શતા કોઇ પણ વિષયને એમણે અસ્પૃશ્ય રાખ્યો નથી. પત્રકાર-જગતમાં આટલા બધા વિષયોનું લગભગ સર્વગામી જ્ઞાન વિદ્યમાન ગુજરાતી દૈનિક-પત્રકારોમાં અન્ય કોઇને હોવાનો સંભવ કદાચ નથી.

સાત્ત્વિક વ્યક્તિત્વ

રવિભાઈ પરમ વિદ્યાવ્યાસંગી જીવ છે. વિદ્યાપ્રેમીઓ એમને શોધતા આવે છે અને એમના સહવાસને એક આભૂષણ માને છે. અઠ્ઠાવીસ વર્ષના અનુભવ અને પાકટ હથોટી પછી પણ એમને ક્યાં યે, કદી યે, મોટા થવાનો શોખ લાગતો નથી. પત્રકાર એક અર્થમાં એક લોકજ્ઞ નાયક છે. કાકાસાહેબે કહ્યું છે કે 'પત્રકાર એટલે લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રાહ્મણ અને ચારણોનો ચારણ....આવી રીતે લોકસેવક, લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પદવી પત્રકાર ભોગવી શકે છે.'

રવિભાઈ બ્રાહ્મણોના બ્રાહ્મણ અને લોકશિક્ષણના આચાર્ય અવશ્ય છે, પણ એઓ પેલી 'ચતુર્વિધ પદવી' ભોગવતા નથી. એમનું વ્યક્તિત્વ મોટે ભાગે એકાંગી એકાગ્રવૃત્તિનું છે; એમનું ચિત્તતંત્ર સ્વભાવગત જ વિદ્યાગામી (ઍકેડેમિક) છે; એમની પ્રકૃતિએ જીવન પ્રત્યે એક નિઃસ્પૃહતાભાવની દૃષ્ટિ કેળવી છે. એમની અધ્યયનનિષ્ઠાએ ને યોગાનુરાગે એમને પ્રવૃત્તિમાત્ર પ્રત્યે અનાસક્ત બનાવ્યા છે. પત્રકારની સૃષ્ટિ તો લોકૈષણાવર્ધક સૃષ્ટિ છે. એવી સૃષ્ટિમાં પ્રવૃત્ત રહેલો જીવ આમ જળ-કમળવત્ રહેવાનું યોજે એ સુલભ નથી, દુર્લભ છે. અને પોતાની જ્ઞાનારાધનાનું આ પુણ્ય આટલે દરજ્જે પરિણામજનક નીવડે તો તેને પણ એઓ પૂર્વજન્મના સંસ્કારનું જ પ્રાબલ્ય લેખે છે,—પોતાની પ્રતિભા, પરિશ્રમ અને પુરુષાર્થનું નહિ. એમની આ નમ્રતા વંદનાની અધિકારી છે.

પત્રકાર મિત્રોમાં એમણે પ્રેમ અને આદર ઉભય પ્રાપ્ત કર્યા છે. એમણે જ્ઞાનને ગૌરવ અર્પ્યું છે. નિરભિમાનતાએ ને સકોચશીલતાએ એમને લોકપ્રિયતાથી પર રાખ્યા છે. જ્ઞાનાર્જનનો વિનિયોગ કરવામાં પણ એમને મોહ નથી થયો, નહિ તો એમણે આજ સુધીમાં ઘણાં પુસ્તકો લખી નાખ્યાં હોત. સામ્યવાદ પર, યોગ પર, ધર્મ-સંસ્કૃતિ પર ને પત્રકારત્વ તથા સમકાલીન રાજકારણ પર ઘણું સાહિત્ય આપી શકે એવી એ સમર્થ કલમ પાસેથી આજે તો આપણે માત્ર (૧) ગૃહજીવનની નાજુક કલા, (૨) જીવનની કલા અને (૩) વર્તમાન-પત્ર કેવી રીતે તૈયાર થાય છે—એ ત્રણ જ પુસ્તિકા પામીને સંતોષ મેળવવો પડ્યો છે.

એમને મન પત્રકારત્વનો વ્યવસાય પણ એક યજ્ઞકર્મ છે. જીવનને જે કર્તવ્ય લાધે તેમાં પોતાની સર્વોત્તમ શક્તિ સમય અને બુદ્ધિ અર્પણ કરવાં એવી ધ્યેયનિષ્ઠા (મિશનરી સ્પિરિટ)થી તે સંપાદનકાર્યમાં જ ઓતપ્રોત અને તન્મય રહે છે. રાતના સમયે પણ સત્યાન્વેષણાર્થે, વિશેષ જ્ઞાનોપાસના થઇ શકે તે ખાતર, એમણે ચારેક વર્ષથી આહાર અને નિદ્રા ઓછાં કરી નાખ્યાં છે.

એમનું ગૃહજીવન મધુર છે. એમનું લગ્ન ઇ. ૧૯૨૫માં શ્રીમતી મંગળાગૌરી સાથે થયું હતું. એમનાં પત્ની આદર્શ માતા ને ગૃહિણી છે, આયુર્વેદનાં પ્રયોગશીલ અભ્યાસી છે. એમનાં સાત સંતાનો (પાંચ પુત્રી અને બે પુત્રો) પૈકી એક પુત્રી આયુર્વેદ મહાવિદ્યાલયમાં અને બે પુત્ર કૉલેજમાં ભણે છે. હળી જાય તેની સાથે એ મન મૂકીને વાત-વિનોદ કરે છે, અન્યથા ઓછા પરિચયવાળાને એ અતડા, ઓછાબોલા અને તેથી કંઇક જ્ઞાનગર્વિષ્ઠ પણ લાગતા હશે.

રવિભાઈની પ્રકૃતિ પત્રકાર કરતાં સાહિત્યકાર થવાનું વલણ વધારે ધરાવે છે; પણ સાહિત્યકાર વત્તા પત્રકારની ઉભય પ્રતિભાવાળા મહાદેવભાઇના વિધાનાનુસાર 'સાચો સાહિત્યકાર જેટલો મહાન છે, તેટલો જ સાચો પત્રકાર પણ છે'; એટલે રવિભાઈ એ અર્થમાં મહાન છે. એમનાં તેજ-ઓજનો ગુજરાતને હજુ પૂરતો લાભ મળ્યો નથી. મહાગુજરાતનું નિર્માણ આંગણે આવી ઊભું છે એવે ટાણે આપણને ઘણા સમર્થ નિપુણો જોઇશે. ગુજરાતની અભિલાષા પરિપૂર્ણ કરવા ને એમની સાધના સિદ્ધ કરવા પ્રભુ એમને તંદુરસ્ત દીર્ઘાયુ બક્ષો.

પી. ઈ. એન.ને આશ્રયે સાહિત્યકાર અધિવેશન

આ ડિસેમ્બર માસમાં મદ્રાસ ખાતે ભરાશે. તેમાં ભાગ લેનાર ગુજરાતી સાહિત્યકારોને રહેવાઊતરવા વગેરેના બંદોબસ્ત માટે નીચેને સરનામે અગાઉથી જાણ કરવા વિનતિ કરાઈ છે: મંત્રી, 'શ્રી ગુજરાતી મંડળ', ૧૭૦ નેતાજી સુભાષચન્દ્ર બોઝ રોડ, મદ્રાસ-૧.

સાહિત્યિક સમસ્યાના ઉત્તરો: ૧-૧૧; ૨-૫; ૩-૬; ૪-૮; ૫-૯; ૬-૪; ૭-૧૦; ૮-૩; ૯-૨; ૧૦-૭; ૧૧-૧૨; ૧૨-૧

એક સાંજની મુલાકાત

—ચન્દ્રકાન્ત બક્ષી



ડિસેમ્બરના ત્રીજા અઠવાડિયામાં અમે ઘર બદલી નાખ્યું, ને નવા ફ્લૅટમાં આવી ગયાં. ફ્લૅટ ભોંયતળિયે હતો. એમાં ત્રણ રૂમ અને કિચન-બાથરૂમ હતાં. બહાર નાનું ચોગાન હતું અને એને ફરતી દસેક ફૂટ ઊંચી ઇંટની દીવાલ હતી, જે તાજી વ્હાઈટવૉશ કરેલી હતી. દીવાલની પાછળનાં છૂટાંછવાયાં ઝાડ અને નીચાં મકાનોનાં કાળાં પડી ગએલાં છાપરાં તથા બદલાતું આકાશ દેખાતાં. બારીઓમાંથી ચોગાન દેખાતું અને એમાં જાતજાતનાં ફૂલો ઉગાડવામાં આવતાં.

અમારી ઉપર અમારો બંગાળી મકાનમાલિક અક્ષયબાબુ એની સ્ત્રી અને ત્રણ બાળકો સાથે રહેતો. એ કોઈ ગવર્ન્મેન્ટ ઑફિસમાં કલર્ક હતો. એની પત્ની—શોભા—કાળી હતી અને બહુ ખુલ્લા દિલથી હસતી, ને રાતના અંધારામાં ચોગાનના ફૂલના છોડોમાં ફરતી. ત્રણે બાળકો બાલીગંજ તરફની કોઈ હાઈસ્કૂલમાં ભણતાં.

જ્યારે હું મકાનની તપાસે એક દલાલની સાથે આવેલો ત્યારે મારી પહેલી મુલાકાત શોભા સાથે થઈ હતી. મકાન જૂનું હતું અને અમારો ફ્લૅટ વ્હાઈટવૉશ થતો હતો. દલાલે મને બહાર ઊભો રાખી અંદર જઇને વાત કરી લીધી અને પછી મને બોલાવ્યો. વાંસના બાંધેલા મચાન પર બેસીને રંગમિસ્ત્રીઓ ડિસ્ટેમ્પરના કૂચડા ફેરવતા હતા. રૂમ ખાલી હોવાથી મોટો લાગતો હતો અને દીવાલોમાંથી ભીના રંગની, ચૂનાની ને માટીની મિશ્રિત વાસ આવતી હતી.

'તમે જગ્યા લેશો?' નમસ્કારોની આપ-લે થયા બાદ એણે પૂછ્યું.

'હા.'

'તમે બે જણાં છો?'

'હા,' દલાલે વચ્ચે કહ્યું, 'પતિ-પત્ની બે જ જણાં છે. બીજું કોઇ નથી. તમારે કોઈ જ જાતના ખટખટ નથી. અને માણસો બહુ સારા છે.'

હું ચૂપ રહ્યો અને બહારના ચોગાન તરફ જોઇ રહ્યો. શોભા મારું નિરીક્ષણ કરી રહી હતી એ હું સમજી ગયો.

જગ્યા અમને પસંદ હતી. આરંભિક વિધિઓ પતાવીને અમે બે દિવસ પછી લૉરીમાં સામાન ખસેડી લીધો. અઠવાડિયા પછી સારો દિવસ જોઇને અમે રહેવું શરૂ કર્યું.

હું રોજ સવારે આઠ વાગ્યે નાહીને, ગરમ નાસ્તો કરીને જતો. બપોરે એક વાગ્યે આવતો, અને જમીને એક કલાક આરામ કરીને ફરી ચાલ્યો જતો. રાત્રે પાછા ફરતાં મને સાડા નવ વાગી જતા, અને પછી જમીને, મારી પત્ની સરલા સાથે થોડો ઝગડો કરીને સૂઈ જતો!

મારી અને શોભાની મુલાકાત બહુ ઓછી થતી. પણ એ મારા જવા-આવવાના સમયનો બરાબર ખયાલ રાખતી. એક રવિવારે સવારે હું પલંગ પર પડ્યો પડ્યો એક ચોપડી વાંચતો હતો ત્યારે એણે બારીની જાળી પાછળ આવીને કહ્યું, 'મિ. મહેતા, તમને ફૂલોનો શૉખ ખરો કે?'

હું ચમક્યો. મેં ચોપડી બાજુમાં મૂકી અને બેઠો થઇ ગયો. રસોડામાંથી સ્ટવ પર ગરમ પાણી થવાનો અવાજ આવતો હતો. સરલા રસોડામાં હતી. મેં કહ્યું, 'ખાસ નહિ.'

એ હસી ગઇ: 'તમારાં શ્રીમતીને તો બહુ શૉખ છે. રોજ સાંજે મારી પાસેથી બે-ચાર જૂઈનાં ફૂલ લઈ જાય છે.' હું જોઈ રહ્યો.

એટલામાં રસોડામાથી સરલાનો અવાજ આવ્યો. શોભા બારીમાંથી ખસી ગઇ અને હું ઊભો થઇ ગયો. બધું એક સ્વિચ દબાઈ હોય એટલી ઝડપથી બની ગયું.

મારી અને શોભાની મુલાકાત બહુ જ ઓછી થતી. હું રવિવાર સિવાય આખો દિવસ મારી દુકાને રહેતો. બપોરનો થોડો વિરામ બાદ કરતાં હું સવારના આઠથી રાતના સાડા નવ સુધી ઘરની બહાર જ રહેતો. સવારે શોભા નીચે ઊતરતી અને મારા ગયા બાદ સરલા સાથે વાતો કરતી. રાત્રે સરલા મને રોજની વાતોનો રિપોર્ટ આપતી અને હું બેધ્યાન સાંભળતો.

થોડા દિવસો આ રીતે વીત્યા બાદ મને લાગ્યું કે મારામાં શોભાને માટે કંઇક આકર્ષણ થઈ રહ્યું હતું. એ અસ્વાભાવિક ન હતું, પણ એનો સ્પષ્ટ સ્વીકાર કરવા હું તૈયાર ન હતો. શોભા કાળી હતી, વયસ્ક હતી, ત્રણ બાળકોની મા હતી. હું અનાયાસે વિચારોમાં ઊતરી જતો. પણ એનામાં આકર્ષણ ખરેખર હતું. એના શરીરમાં ત્રણ બાળકો થઈ ગયા પછી પણ સરલા કરતાં વિશેષ સુરેખતા હતી. એ હસી ઊઠતી, મજાક કરતી, જોતી—બધું જ ગભરાટ થાય એટલી નિર્દોષતાથી. એની ઊંચી, ભરેલી છાતી પરથી હું પ્રયત્ન કરીને તરત જ નજર હટાવી લેતો અને મને ગુનેગાર જેવી અસર થતી. કોઈકોઈ વાર મને એવો ખયાલ પણ આવતો કે કોઈ દિવસ સરલા ઘરમાં નહિ હોય અને એ એકાએક મારા ઓરડામાં આવી જશે, અને બારીઓ બંધ કરી દેશે, અને સાંજ હશે, —અને હું પ્રયત્નપૂર્વક વિચારોને અટકાવી દેતો. મેં સરલાને આ વિષે કોઈ દિવસ કહ્યું ન હતું, અને એ જ્યારે વાતવાતમાં શોભા વિષે વાત કરતી ત્યારે હું લાપરવાહ સ્વસ્થતાનો ડોળ રાખીને પણ પૂરા ધ્યાનથી એની વાત સાંભળી લેતો.

સરલા અને હું દર શનિવારે રાત્રે અથવા રવિવારે સવારે ફિલ્મ જોવા જતાં. અને લગભગ અચૂક, અમે બહાર નીકળતાં ત્યારે, એ બારીમાં બેઠેલી હોતી સરલા પાસે એ મારી પ્રશંસા કરતી અને સરલા મને બધું કહેતી. એક દિવસ અમે ફિલ્મ જોવા જતાં હતાં ત્યારે રસ્તામાં સરલાએ કહ્યું, 'શોભા બહુ હોશિયાર સ્ત્રી છે. એ ઉપર રહે છે એટલે મને આ જગ્યામાં બિલકુલ ડર લાગતો નથી.'

'ખરી વાત; છે તો વાઘણ જેવી. એ હોય પછી ગભરાવાનું નહિ.'

'કોણ કેટલા વાગ્યે આવ્યું, ક્યારે ગયું–બધાંનો ખયાલ રાખે છે. તું કયા બસ-રૂટમાં જાય છે અને ગયા રવિવારે તેં શું પહેર્યું હતું એની પણ એને ખબર છે.'

'એમ?...તને કહેતી હશે!'

'હા. મને કહે છે કે સરલા, તેં છોકરો સરસ પકડ્યો છે...'

મેં સરલાની સામે જોયું. મારી આંખો મળતાં જ એ હસી પડી.

'એની વાત ખરી છે.' મેં ઉમેર્યું 'તેં છોકરો ખરેખર સરસ પકડ્યો છે.'

'ચાલ હવે; પરણવાની ઉતાવળ તો તને આવી ગઈ હતી. મેં તો પહેલાં ના જ પાડેલી...'

'...પછી થયું. કે વધારે ખેંચવા જઇશું તો હાથથી જશે; એટલે હા પાડી દીધી!' મેં કહ્યું.

સામેથી આવતી ખાલી ટૅક્સીને ઊભી રાખીને અમે બન્ને બેસી ગયાં.

દિવસો પસાર થતા ગયા. કોઇકોઈ વખત હું દુકાને જવા બહાર નીકળતો અને શોભા ચોગાનમાં ઊભીઊભી મને જોયા કરતી. સરલાની હાજરીમાં યે એ મારી સાથે હસીને વાત કરતી. ત્યારે અમે બંગાળીમાં વાતો કરતા અને સરલા બંગાળી સમજતી નહિ. અક્ષયબાબુ સાથે મારે ખાસ વાત થતી નહિ. એ માણસ ઑફિસ સિવાયનો આખો દિવસ ઘરમા જ બેસી રહેતો. કોઇકોઈ વાર ઉપરથી કંઈક રવીન્દ્ર-સંગીત ગાવાનો અવાજ આવતો અથવા સવારે બજારમાંથી શાકભાજી લેવા જતો ત્યારે દેખાતો.

સરલાએ એક વાર મને પૂછેલું, 'આનો બાબુ કંઇ કરતો લાગતો નથી. વિધવાના જેમ આખો દિવસ ઘરમાં બેસી રહે છે.'

'ક્યાંક નોકરી કરે છે અને આપણું ભાડું મળે છે,–ગાડી ચાલે છે. પણ માણસ બાચારો બહુ શાંત છે.'

'પણ આ બેનું જોડું કેવી રીતે બેસી ગયું? શોભાનો બાપ તો પૈસાવાળો છે. ઝવેરાતના દુકાન છે ને એ નાનપણમાં કન્વેન્ટમાં ભણી છે.'

'કન્વેન્ટમાથી બાચારી જનાનખાનામાં ભરાઇ ગઈ...' મેં કહ્યું.

'જનાનખાનામા કંઈ ભરાઈ નથી.' સરલાએ કહ્યું, 'એના પતિને ભરી દીધો!' અને અમે બન્ને હસ્યાં.

'તને ખબર છે? આપણા ફ્લૅટનું રંગ–રીપેરિંગ બધું એણે જાતે કરાવ્યું છે. પક્કી ઓઝનસવૂમન છે! બંગાળીઓમાં તો આવી સ્ત્રી ભાગ્યે જ જોવા મળે!' સરલાએ જવાબ આપ્યો નહિ. કૈં વિચારમાં હોય એવું પણ લાગ્યું નહિ.

દિવસો જતા તેમતેમ શોભાએ મારા વિચારો પર સખત પકડ જમાવવા માંડી. મને દિવસ-રાત એના જ વિચારો આવતા. એ પણ મારી સાથે વાત કરવાની તક શોધતી ફરતી એ હું સમજી ગયો હતો; પણ બેવકૂફી કરે એવી સ્ત્રી એ ન હતી. બાગમાં ફૂલો લેવા એ ઊતરતી અને હું છુટ્ટીને દિવસે પલંગ પર પડ્યો હોઉં અથવા શેવિંગ કરતો હોઉં ત્યારે એની આંખોમાં હું મને મળવા આવવાની, એકાંતની ઇચ્છા જોઈ શકતો. સરલા આખો દિવસ ઘરમાં જ રહેતી, શોભાને એનાં બાળકોમાથી સમય મળતો નહિ, અને હું ઘણો ખરો વખત દુકાને રહેતો. એક દિવસ સવારે એણે મને કહ્યું, 'તમે તો બહુ મજૂરી કરો છો, મિ. મહેતા!'

'શું થાય?' મેં કહ્યું, 'તકદીરમાં લખાવી છે તે ...'

'તમારા જેવું તકદીર તો...' એ રહસ્યભર્યું હસી 'બહુ ઓછા માણસોનું હોય છે.' હું પણ હસ્યો.

'મારે એક વાર તમારી દુકાને આવવું છે.' એણે કહ્યું.

હું સખત ગભરાયો. દુકાનની દુનિયામાં હું શોભાને ઘૂસવા દેવા માગતો ન હતો. મેં તરત કહ્યું, 'તમારે કંઈ જોઇએ તો મને કહેજોને, હું લેતો આવીશ. દિવસમાં ચાર વાર તો આવ-જા કરું છું. એટલે દૂર તમે ક્યાં તકલીફ લેશો? વળી હું કદાચ બહાર ગયો હોઉં, મળું કે ન યે મળું...' શોભા મારી સામે જોઈ જ રહી.

સરલાની હાજરીમાં મેં શોભા સાથે વાતો કરવી ઓછી કરી નાખી હતી. એ પણ સમજીને સરલાની હાજરીમાં મારી સાથે વાત કરતી નહિ. સરલા સાથે એને સારો સંબંધ હતો. મારી ગેરહાજરીમાં બંને બહુ વાતો કરતાં. કોઇ વાર હું આવી જતો ત્યારે એ હસીને કહેતી, 'ચાલો હું જાઉં છું; હવે તમે બંને વાતો કરો—' અને તરત ચાલી જતી.

ઘણા દિવસો થઈ ગયા હતા. શોભા એકદમ પાસે હતી અને છતાં ય કેટલી દૂર હતી. મને એની સાથે દિલ ખોલીને વાત કરવાની તક મળતી ન હતી. એ હમેશાં પ્રયત્નશીલ રહેતી—મારી પાસે આવવા; પણ ઘરમાં એકાંત મળતું નહિ. સરલા હમેશાં ઘરમાં જ રહેતી. એવું ભાગ્યે જ બનતું કે સરલા બહાર ગઈ હોય અને હું ઘરમાં એકલો હોઉં. હું ફક્ત એ દિવસની કલ્પના જ કરીને સમસમી જતો. શોભાના વિચારમાં હું એકદમ ગરમ થઈ જતો, અને છેવટે નિરાશ થઇને વિચારતો કે કદાચ એવો પ્રસંગ કોઇ દિવસ નહિ આવે જ્યારે ફ્લૅટના એકાંતમાં મળી શકીશું. અને જેમજેમ નિરાશા થતી તેમતેમ ઇચ્છા વધુ સતેજ બનતી. શોભા ગરમ સ્ત્રી હતી, એની આંખોમાં જવાનીનું તોફાન જરા પણ શમ્યું ન હતું અને વજનદાર શરીરમાં હજી પણ ભરતી હતી. હું એને માટે જાણે તરફડી રહ્યો હતો.

મને આડાઅવળા બહુ વિચારો આવતા. રોજ સાંજ નમતી અને રસ્તાઓ પર ઝાંખી ગૅસલાઇટો ઝબકી ઊઠતી ત્યારે હું ઉદાસ થઈ જતો અને મારું અરધું માથું દુખવા આવતું. કોઇકોઇ વાર મને ઘેર ચાલ્યા આવવાનું મન થતું અને હું દુકાનની બહાર નીકળીને એકાદ ઍર-કન્ડિશન્ડ હોટલમાં જઇને બેસી જતો અને કૉફી પીતો. એક દિવસ મને બેચેની લાગવા માંડી અને સાંજે જ હું ઘેર આવી ગયો. સરલા શાક લેવા ગઇ હતી. હું બારણું બંધ કરીને, કપડાં બદલીને પલંગ પર પડ્યો અને બહાર ડોરબેલ વાગ્યો;–સરલા આવી ગઈ હતી.

મેં ઊઠીને બારણું ખોલ્યું—સામે શોભા ઊભી હતી!

'તમે આજે બહુ વહેલા આવી ગયા?' એણે પૂછ્યું.

'હા, જરા તબિયત ઠીક ન હતી.' મેં કહ્યું...અને મારી તબિયતને હું એકદમ ભૂલી રહ્યો હતો!

'સરલા હમણાં જ શાક લેવા ગઈ છે. એને હજી અરધો કલાક લાગશે—આવતાં. તમને મેં આવતા જોયા એટલે થયું કે મળી લઉં... મને પણ થયું કે તબિયત ખરાબ હશે!'

'અંદર આવો.' મેં કહ્યું. મારા કાન ગરમ થઈ ગયા હતા. એ અંદર આવી ને બારણું બંધ કર્યું. અમે બન્ને એકબીજાને સમજી ગયાં હતાં. જાણે મારી તક અનાયાસે જ હાથમાં આવી ગઈ હતી.

અમે બન્ને વચ્ચેના મોટા ખંડમાં આવ્યાં. મારું હૃદય ધડકવા લાગ્યું. શોભા સાગે હતી, અને સરલાને આવવાને હજી અરધા કલાકની વાર હતી, અને—

'મારે તમારી સાથે એક ખાસ–પ્રાઇવેટ–વાત કરવી છે.' એણે કહ્યું.

'અંદર ચાલો.' હું બોલી શક્યો. અમે બન્ને ખૂણાવાળા રૂમમાં આવી ગયાં. સાંજ હતી, અંધારું હતું. મેં બત્તી જલાવી નહિ.

'અહીં કોઇ નથી?' એણે દબાતા અવાજે પૂછ્યું.

'ના ફ્લૅટમાં આપણે બે જ છીએ.'

એણે જરાક ખસીને વચ્ચેનું બારણું બંધ કરતાં કહ્યું, 'સામેના મકાનવાળા આપણને જુએ એ મને પસંદ નથી...'

આખા રૂમમાં શૂન્યતા છવાઈ ગઇ.

એણે મને એની પાસે આવવાનો ઈશારો કર્યો. હું ખેંચાયો. મને લાગ્યું હું ધ્રૂજી ઊઠીશ. (અનુસંધાન પૃષ્ઠ ૪૬૬ ઉપર)

ભારતીય નૃત્યોનાં શિરટોચ ઉન્નેત્રી અને અધ્યાત્મદષ્ટિપૂત કલયિત્રી

રુક્મિણીદેવી

ગયા અંકથી પૂરું

લેખક • સુનીલ કોઠારી

શુભલક્ષ્મી અમ્માએ 'કુરવંજી' વિષે લાગણીભીના સ્વરે આટલાં સ્મરણો કહ્યા બાદ સરસ્વતીબહેને ત્યાર પછીની, ૧૯૪૦થી તે આજ લગીની રુક્મિણીઅમ્માની પ્રવૃત્તિઓની રૂપરેખા આપી દીધી. પણ તે મારા શબ્દોમાં રજૂ કરવાને બદલે કુલપતિ ડૉ. કઝિન્સની જ નોંધ જોઇએ: '...કલાક્ષેત્રની અનેકવિધ પ્રવૃત્તિઓમાં એ યુગલ (રુક્મિણીદેવી તથા ઍરુંડેલ) રમમાણ રહેતું અધ્યાત્મભાવ વિષે બંનેનો આગ્રહ. અનેક પ્રવાસો અને પ્રયોગો ઉપરાંત કદી કદી થતા મીઠા કલહો એ અમારા ત્યારના દાયકાનાં મધુર સ્મરણો છે.

પણ ૧૯૪૫ના ઑગસ્ટની ૧૧મીએ ડૉ. જ્યૉર્જ સિડની ઍરુંડેલનું લાંબી બીમારી પછી અવસાન થયું. ત્રિવેન્દ્રમ ને મદ્રાસ વચ્ચે ટ્રેનમાં મેં એ સમાચાર સાંભળ્યા. હું પહોંચ્યો તે પૂર્વે જ અગ્નિસંસ્કારાવિધિ પતી ગયો હતો. પરંતુ કલાક્ષેત્રે યોજેલી શોકસભાનું પ્રમુખપદ લેવાની ફરજ મને પડી. આ આશ્વાસન-સભામાં રુક્મિણીદેવી દાખલ થયાં ત્યારે તેમના મુખ ઉપર આક્રંદ કરતી વિધવાની છાયા નહોતી, પણ પતિની છેવટની લાંબી બીમારીમાં કરેલી અખંડ સેવાશુશ્રૂષાનો થાક જણાતો હતો. એ બે વ્યક્તિઓને પચ્ચીસ વર્ષના લાંબા સહવાસમાં રહેલી મેં જોઈ છે. એમનો જીવન-સહચાર સાહિત્ય-કળાનાં કલ્પના-મિશ્રિત વર્ણનો કરતાં વાસના અને રોમાંચક પ્રસંગોથી વિરહિત એવા જુદા જ પ્રદેશનાં કોઇ ભવ્ય ભૂતકાળનાં પાત્રો સમો ભાસતો હતો. ડૉ. ઍરુંડેલે ૧૯૩૫માં થીઑસોફિકલ સોસાએટીના વ્યાખ્યાનમાં થીઑસોફીનો પાંચમો લક્ષ્યાર્થ 'થીઑસોફી ઇઝ બ્યૂટી' કહીને જે નિરૂપેલો તેનું વાસ્તવિક સ્વરૂપ જાણે રુક્મિણીદેવી હતાં. મારે બંનેના પ્રોન્નત, ગૌરવાન્વિત, આદર્શમય, કલા દ્વારા જિવાએલા જીવન વિષે બોલવાનું હતું. પા સદીથી ય વધારે ગાળાથી અમે સૌ એમનાં સુખી લગ્ન જીવન ને પ્રસન્ન દાંપત્યને જાણતા હતા. રુક્મિણીએ જે ધીરજથી આ ઘા સહન કર્યો છે તેનું બયાન મારી કલમ નહિ કરી શકે! ભારત-હિતૈષી ડૉ. ઍરુંડેલના અવસાનથી, લગભગ બેંતાળીસ વર્ષ સુધી આ દેશને પોતાની સેવા અર્પી રહેલા એક મહાન સેવકની ખોટ ભારતને પડી છે. આજે તો, થીઑસોફિકલ સોસાએટી તેમજ શ્રીમતી ડૉ. ઍની બેસાંટનું રાજકારણ એ બેની જ્યારે બોલબાલા હતી એ જમાનો ઘણો જુનવાણી લાગે છે. પરંતુ ડૉ. ઍરુંડેલ જેવા જાગ્રત આત્માઓએ ભારતની પ્રજા, સંસ્કૃતિ અને શિક્ષણક્ષેત્રમાં જે મહાન સેવાઓ આપી છે અને એ રીતે પ્રજા-ઉત્થાનના કાર્યમાં જે મોટો ફાળો આપ્યો છે તેને કોઇ પણ હિંદી કૃતઘ્ન થયા વગર વીસરી જ ન શકે.* • • • • •

• • ડૉ. ઍરુંડેલના અવસાનથી કલાક્ષેત્રને સંભાળવા ઉપરાંત બીજી અનેકવિધ જવાબદારીઓ રુક્મિણીદેવીને શિરે આવી પડી. તેમાં એમની દૃઢતા, નિશ્ચયી સ્વભાવ, વ્યવસ્થા અને આયોજનશક્તિનો મને ઊંડો અનુભવ થયો.' • • •

'અને એ ચિવટથી કામ લેવાની એમની આવડતે જ આજે 'કલાક્ષેત્ર'ને ભરતનાટ્ય-નૃત્યો તથા કર્ણાટકી સંગીતની એક ઉત્તમ નૃત્યશાળા તરીકે માત્ર ભારતમાં જ નહિ, વિદેશમાં પણ પ્રતિષ્ઠા અપાવી છે.' સરસ્વતીબહેને એનો તંતુ પકડી લઇને આગળ કહેવા માંડ્યું: 'લગભગ પા સદીથી ય વધારે સમય થયાં એકધારી રીતે આ સંસ્થા ભારતના સાંસ્કૃતિક જીવનમાં મહત્ત્વનો ફાળો પુરાવી રહી છે. હવે કલાક્ષેત્રથી રુક્મિણીઅમ્માને નોખાં પાડીને કોઇ પ્રવૃત્તિ વિષે કહેવું અઘરું છે. તમે તો કલાક્ષેત્ર ગયા નથી, એટલે ત્યાંની ઇતર પ્રવૃત્તિઓ વિષે નથી જાણતા. ડિસેમ્બરમાં જરૂર એક વાર ત્યાં જજો એટલે તમને સમગ્રતયા એ શુભ પ્રવૃત્તિઓનો ખયાલ આવશે. ત્યાંના 'ડૉ. સ્વામીનાથ અય્યર પુસ્તકાલય' ઉપરાંત તમિળ ભાષાવિષયક સંશોધનપ્રવૃત્તિઓ, નૃત્યવિષયક હસ્તપ્રતોનું વર્ણનાત્મક કૅટલાગ, શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક સાહિત્યનાં તમિળ, અંગ્રેજી ને સંસ્કૃત ભાષાનાં પ્રકાશનો એ પણ તેની પ્રવૃત્તિઓ છે. વળી 'કલાક્ષેત્ર'માં ગુરુકુલનું વાતાવરણ જમાવવાનો રુક્મિણીદેવીનો આદર્શ પણ મહદ્અંશે ફળીભૂત થયો છે. ત્યાંનાં ચાર છાત્રાલયોમાં કન્યાઓ માટે, નાનાં બાળકો માટે, કુમારો માટે અને યુવકો માટે અલગ વ્યવસ્થા છે અને ભારતભરમાંથી ત્યાં વિદ્યાર્થીઓ આવીને વસે છે.



*એમના ચારિત્ર માટે જુઓ 'કુમાર', સપ્ટેમ્બર ૧૯૪૫ની માધુકરી

૧૯૫૨માં રુક્મિણીઅમ્મા પાર્લમેન્ટમાં રાજ્યસભાનાં સદસ્ય તરીકે સરકાર તરફથી નિયુક્ત થયાં છે. હવે જાહેરમાં નૃત્યો કરતાં નથી. ૧૯૫૬માં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે તેમની નૃત્યક્ષેત્રની મોટી સેવાઓના ઉપલક્ષ્યમાં તેમને પદ્મભૂષણના ચન્દ્રકથી નવાજ્યાં અને ઈ.સ. ૧૯૫૭માં સંગીતનાટક અકાદમીએ નૃત્યમાં અપાતા સંગીત સાથેના વિશિષ્ટ શબ્દભાર, ગીતોની પસંદગી, નૃત્યભૂષા તથા નૃત્યોના દિગ્દર્શન બાબતમાં કરેલા મહત્ત્વના પ્રદાન બદલ તેમને પુરસ્કાર આપેલો.'

રુક્મિણીઅમ્માએ મને કલાક્ષેત્ર વિષેની વિગતવાર માહિતી મોકલતાં ૧૯૪૮માં આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ એમને એક પત્રમાં લખેલું તેનો ઉલ્લેખ કર્યો હતો. પંડિતજીએ લખેલું: 'તમે રજૂ કરેલી નૃત્ય નાટિકાઓ જોઈ મને ઘણો આનંદ થયો. 'કલાક્ષેત્ર' વિષે જે જે માહિતીઓ મને મળી છે તે પરથી અને આ પ્રયોગ જોઈ મને એ સંસ્થાની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિષે લેશમાત્ર સંદેહ રહ્યો નથી. એને હર પ્રકારે ઉત્તેજન મળવું ઘટે. સમગ્ર વિશ્વમાં ને ભારતભરમાં આપણાં શાસ્ત્રીય નૃત્યો લોકપ્રિય બને એવી આતુરતા હું સેવું છું. એ વિષે માત્ર જાણવું જ જરૂરી નથી, પણ મારું માનવું છે કે આપણા જનસમાજનું સાંસ્કૃતિક ધોરણ ઊંચું આણવામાં પણ બન્ને કળાઓ મહત્ત્વનો ફાળો આપે તેમ છે.'

રુક્મિણીઅમ્માને મેં નિકટથી ને નિરાંતે તો જોયાં હતાં અખિલ ભારતીય નૃત્ય પરિષદમાં—નવી દિલ્હી ખાતે ૧૯૫૮ના એપ્રિલ મહિનામાં. એમના પ્રવચન વખતે સમગ્ર સભાખંડ ચિક્કાર હતો. હું કથક નૃત્યના મહાન પુરસ્કર્તા લચ્છુ મહારાજ જોડે બેઠેલો. એ અત્યંત રસપૂર્વક અમ્માનું પ્રવચન સાંભળતા જાય ને મને કથક તથા ભરતનાટ્યનૃત્યની આંતરિક સંવાદિતા વિષે કહેતા જાય. કુ. શારદા, પુષ્પા મુખર્જી, કુ. જયલક્ષ્મી, શ્રી પશુપતિ અને પદ્મ સિનીબાઈ આદિ કલાક્ષેત્રનાં શિક્ષકોએ 'અભિનયદર્પણ' વગેરે સાંસ્કૃતિક ગ્રંથોમાંના નૃત્યને લગતા શ્લોકોને આધારે સુંદર પ્રયોગો કરી બતાવેલા. પ્રવચનને અંતે





રુક્મિણીદેવીના મોટા ભાઈ શ્રીરામનાં પુત્રી શ્રીમતી રાધા શ્રીરામ, જે રુક્મિણીદેવી જોડે નૃત્યો રજૂ કરતાં. આર. બર્નીયર નામના વિખ્યાત ફોટોકલાકારને તે પરણ્યાં છે; હાલ અડ્યારમાં લાયબ્રેરીનું કાર્ય સંભાળે છે.

નીચે

'કુટ્રાલ કુરવંજી' નૃત્યમાં 'વસન્તવલ્લી'ની ભૂમિકામાં કુ. એ શારદા. પૂર્વે રુક્મિણીદેવી એ ભૂમિકા ભજવતાં.

થએલી પ્રશ્નોત્તરીમાં એ વિષે ભારે ચર્ચા થઈ હતી. શ્રીમતી બાલા સરસ્વતીએ પણ તમિળમાં પ્રશ્નો પૂછી પૂછી રંગત જમાવેલી. કેટલાક લોકોએ એ વાતને વળ આપીને 'બાલાસરસ્વતી અને રુક્મિણીદેવી વચ્ચે થએલો ઐતિહાસિક ઝગડો' એવાં વિઘાતક વિધાનો કરી દક્ષિણ ભારતમાં નાહકની સનસનાટી જગાવેલી. બન્યું હતું એવું કે અમ્માએ એમ કહ્યું કે 'શૃંગારપ્રધાન કેટલીક રચનાઓને હું અભિનય દ્વારા રજૂ ન કરું, કારણ અધ્યાત્મદૃષ્ટિથી પણ મને શૃંગારનું એટલી કક્ષાએ નિરૂપણ કરવું હિતાવહ લાગ્યું નથી. અલબત્ત ઉચ્ચ કક્ષાની નૃત્યાંગના એમાં પ્રાણ રેડીને તે જરૂર રજૂ કરી શકે.' આ વિધાનને બાલાસરસ્વતીએ પોતા પ્રત્યે થએલા કટાક્ષ રૂપ ગણી પૂછેલું કે 'અમ્મા! ઉચ્ચ કક્ષાની નૃત્યાંગના કહીને તમે શું સૂચવવા માગો છો? દેવદાસી-વર્ગે તો આ નૃત્યને જાળવ્યું છે.' એટલે પછી રુક્મિણીદેવીએ ચોખવટ કરી કે 'મારા કહેવાનું તાત્પર્ય એટલું જ હતું કે હું શૃંગારપ્રધાન રચનાઓને ખાસ કરીને રજૂ કરવી યોગ્ય ગણતી નથી.' આટલી અમસ્તી જ વાત હતી. પણ જે સ્વસ્થતાથી અમ્માએ એ કહી તે એમના નિરભિમાની અને વિનયી સ્વભાવની સાક્ષી પૂરતી હતી. રુક્મિણીએ જીવનભર ભરતનાટ્ય અને સંગીતની સાધના પાછળ ખૂબ જહેમત ઉઠાવી છે. આજે માત્ર છ-આઠ મહિના કોઈક ગુરુ પાસે ભરતનાટ્યની કેટલીક 'આઈટમ્સ' શીખીને 'નૃત્યાંગના' તરીકે રંગમંચ પર આવવાનો જે ધખારો લાગ્યો છે તેના વિષે એમને ભારે રોષ છે. આ નૃત્યના અતુલ સૌંદર્ય તથા એના આંતરિક ભક્તિભાવને પરિપોષક સાધના તો સહેજે પાંચ સાત વર્ષનો ગાળો માગે છે. એટલે એમનો રોષ સમજી શકાય છે.

સ્વભાવે કંઈક અતડાં રુક્ષ વાત્સલ્યમૂર્તિ છે. એમના પરિચયમાં આવનાર વ્યક્તિ એમની વિશાળ દૃષ્ટિ, ઉદાર હૃદય અને ભક્તિપૂત સ્નેહભાવથી પ્રભાવિત થયા વિના ન રહે. લોકસભાનાં સભ્ય હોવા ઉપરાંત આજે તેઓ અનેકવિધ પ્રવૃત્તિઓમાં ઉલટભેર ભાગ લે છે. મેલરુટ ગામે 'ભાગવતમેલા' નાટક-પ્રકારનું સંશોધન એમણે ત્યાં જાતે જઈ શ્રી ઈ. કૃષ્ણઆયર જોડે રહીને કર્યું છે. હમણાં એમણે યોજેલી 'ઉષાપરિણયમ્'નામે નૃત્યનાટિકામાં એ ભાગવતમેલા શૈલીનો સમુચિત ઉપયોગ કરી પોતાની સર્જકશક્તિનો પરિચય કરાવ્યો છે. (અનુ૰ પૃ. ૪૬૩મે)

ચન્દ્ર અને પૃથ્વી વચ્ચેનો પૂલ

લેખક · ગિરીશ દેસાઈ

જ્યારથી ખગોળવિદ્યાનો જન્મ થયો ત્યારથી ગગનને ગોખે વિરાજતા ચન્દ્રને જોઈ માનવીને એક પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો કે કદી ન દેખાતી ચન્દ્રની બીજી બાજુ કેવી હશે? અત્યંત જટિલ અને રહસ્યમય એવા આ પ્રશ્નનો ઉત્તર સદીઓ સુધી –કહો કે આજ સુધી એટલો જ રહસ્યમય રહ્યો હતો. પરંતુ ગઈ તા. ૪થી ઑક્ટોબરે (૧૯૫૯), પહેલા સ્પુટનિકની બીજી વર્ષગાંઠને દિને રૂસી વૈજ્ઞાનિકોએ સદીઓથી માનવીને મૂંઝવી રહેલા એ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે લ્યુનિક ત્રીજાને અવકાશની અટારીએ ચડાવીને ચન્દ્ર ભણી ધકેલ્યું. રૂસી વૈજ્ઞાનિકોનું આ સાહસ લ્યુનિક બીજા કરતાં એક કદમ આગેકૂચ કરનારું હતું.


લ્યુનિક '૨'

લ્યુનિક '૩' વિષે સમજતાં પહેલાં લ્યુનિક '૨'ની ઝાંખી કરી લેવી જરૂરી છે. ગયા સપ્ટેમ્બરની ૧૨મીએ પૃથ્વીને છોડીને આગળ વધેલું લ્યુનિક '૨' ૩૪ કલાકના એકધારા પ્રવાસ બાદ ભારતીય સમય રાતના ૨·૩૧ વાગ્યે ચન્દ્રની ધરતી પર પડ્યું. (જુઓ આકૃતિઓ.) —રૂસી વૈજ્ઞાનિકોએ તે માટે કરેલા સમયની ગણતરી કરતાં ફક્ત દોઢ સેકંડ વહેલું! કેટલું આશ્ચર્યજનક! લ્યુનિકના ગતિમાર્ગ(Trajectory)-ની તથા ચન્દ્રની ધરતી પર પડવાના સમયની આ ચોક્કસાઈભરી ગણતરી એ રૂસી વૈજ્ઞાનિકોની અપૂર્વ સિદ્ધિ છે. જૉડ્રેલબૅંક (ઈંગ્લંડ)ના પ્રોફેસર લૉવેલે પણ રૂસી વૈજ્ઞાનિકોની ગણિતી તથા વૈજ્ઞાનિક સિદ્ધિઓ માટે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું હતું: 'બધું મોંમાં આંગળાં નંખાવી દે એવું હતું.' કેમકે રૂસી વૈજ્ઞાનિકોએ અવકાશમાં નિર્દેશ કરેલાં સ્થળોએ તથા સમયે જ જૉડ્રેલબૅંકના વિશાળ તથા અદ્યતન રેડિયો-ટેલીસ્કોપે રૉકેટમાંથી આવતા સંદેશાઓ ઝડપ્યા હતા.

રૉકેટ અંગેની કેટલીક સિદ્ધિઓ એટલી આશ્ચર્યજનક છે કે આપણી બુદ્ધિ બહેર મારી જાય. ચન્દ્ર ભણી જનાર એ રૉકેટ ત્રણ તબક્કાનું હતું. તેના છેલ્લા તબક્કામાં ૭૨ તત્ત્વોનો બનેલો એક ગોળો (જેનું વજન ૮૬૦ રતલ હતું અને વ્યાસ ૧૫૦ મિલીમીટરનો) રાખવામાં આવ્યો હતો. આ ગોળો જ છેલ્લા રૉકેટમાંથી છૂટો પડીને ચન્દ્ર ભણી ગયો હતો. જ્યારે એ ગોળાને લઈ જનાર ત્રીજા તબક્કાના રૉકેટનું વજન તો ૩૩૨૪ રતલ હતું! આટલું બધું વજન ઊંચકીને ઉપર જનાર પ્રથમ તબક્કાના રૉકેટનું વજન તથા તેની શક્તિ કેટલી હશે તેની તો ફક્ત કલ્પના જ કરવી રહી! વધુમાં, રૂસી વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે ત્રીજા તબક્કાનું રૉકેટ 'ગાઇડેડ મિસાઇલ'ના પ્રકારનું હતું ને એનું નિયમન પૃથ્વી પરથી રેડિયોસંદેશ દ્વારા થઈ શકતું હતું.

લ્યુનિક '૨' ચંદ્રની ધરતી પર પટકાયું ત્યાં સુધી તેનાં સાતે ટ્રાન્સમીટરો અત્યંત ચોક્કસાઇપૂર્વક સંદેશાઓ મોકલતાં રહેલાં. તે ચંદ્રની ધરતી પર, તેના વિષુવવૃત્તથી થોડે દૂર, ટ્રાન્કવેલીટિસ સાગર સેરેનાટિસ સાગર; અને વેપોરિમ સાગરની વચ્ચેના વિસ્તારમાં ઊતરેલું. તે વખતે તેની ઝડપ સેકંડના ૩·૩ કિલોમીટર જેટલી હતી.


એ લ્યુનિક ચંદ્ર પર પહોંચ્યું એની નિશાની કાયમ રાખવા માટે એમાં રૂસી રાજચિહ્ન (હથોડો અને દાતરડું) મૂકવામાં આવ્યું હતું, જેના પર શબ્દો કોતરવામાં આવ્યા હતા: "યુ એસ. એસ. આર.-સપ્ટેમ્બર ૧૯૫૯". રૂસી વૈજ્ઞાનિકો એવો દાવો કરે છે કે ૭૨ તત્ત્વોમાંથી બનાવવામાં આવેલું આ રાજચિહ્ન ચંદ્રના વિષમ ઉષ્ણતામાનમાં પણ દીર્ઘ કાળ સુધી ટકી શકશે અને ભવિષ્યમાં માનવી જ્યારે ચંદ્ર પર પગલાં પાડશે ત્યારે આ નિશાનીને ત્યાં જોઇ શકશે.



લ્યુનિક ત્રીજાએ લીધેલી ચંદ્રની એક છબિ. તેમાંનો ડાબી તરફનો કેટલોક ભાગ તો પૃથ્વી પરથી ચંદ્રની કળારૂપે જોવા મળે છે, પણ તે સિવાયનો બધો જ વિસ્તાર પૃથ્વીથી સદા અદૃષ્ટ જ રહ્યો છે. તેમાં દૃષ્ટ વિસ્તારની પેઠે બહુ સમુદ્રો દેખાતા નથી. ઘણોખરો ભાગ પર્વતોવાળો છે, જેમાંના મુખ્ય ભાગને રશિયાએ 'સોવિયેટ પર્વતમાળ'નું નામ આપ્યું છે, ઉપરાંત મૉસ્કો સાગર (અ), ઍસ્ટ્રોનોટ્સ ઉપસાગર (બ), ત્સીઓલ્કોવસ્કી ક્રેટર (ક), લોમોનોસોસ ક્રેટર (ડ), જ્યુલીએટ ક્યુરી ક્રેટર (ઇ) તથા સ્વપ્ન સાગર—સી ઑવ ડ્રીમ્સ (ફ) એવાં નામો એ વિસ્તારમાં ઉમેર્યાં છે. ('ટાઇમ'ના સૌજન્યથી)

રૉકેટને જ્યારે ચંદ્ર ભણી છોડવામાં આવ્યું ત્યારે અવકાશમાં સુદ ૧૧નો ચંદ્ર ઘૂમરીઓ લેતો હતો. આથી રૉકેટને લગભગ વધુ ૨૫,૦૦૦ માઇલનો પ્રવાસ ખેડવો પડે એમ હતો, છતાં પણ પરિણામ ધાર્યું આવ્યું એ માટે રૂસી વૈજ્ઞાનિકો ગર્વ લઈ શકે એમ છે.

લ્યુનિક '૨'એ આપેલી માહિતી અનુસાર ચંદ્રને ચુંબકીય તેમજ કિરણોત્સર્ગી ક્ષેત્ર નથી. આ એક અત્યંત રસમદ શોધ છે. આ ઉપરાંત વધુમાં એમ પણ જાણવા મળ્યું છે કે પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અવકાશમાં,—જે સાચા અર્થમાં અવકાશ નથી કેમકે એમાં વાયુ, અંતરીક્ષકણોના રજકણો તથા પદાર્થ (મૅટર)ના મોટા કણો છે—, વિભાજિત (આયોનાઇઝ્ડ) વાયુના કણોનો પ્રવાહ વહે છે, જેનું જોસ રૉકેટના માર્ગમાં એકસરખું નહોતું. ચંદ્ર અને પૃથ્વી વચ્ચે અમુક જગ્યાએ તેનું પ્રમાણ એક સી. સી.(ક્યૂબિક સેન્ટીમીટર)માં ફક્ત ૧૦૦ જેટલું જ છે. જ્યારે ચંદ્રથી ૧૦,૦૦૦ કીલોમીટરના અંતરે તેનું પ્રમાણ ખૂબ વધી જાય છે. તેનું અસ્તિત્વ બે હકીકતોને આધારે સમજાવી શકાય, (૧) કાં તો ચંદ્રને પોતાનું અયનમંડળ (Ionosphere) છે, અથવા તો (૨) ચંદ્રની આસપાસ ખૂબ જ પ્રમાણમાં કણો (Corpuscles) એકઠા થએલા છે જેમની શક્તિ હજારો વૉલ્ટ જેટલી થવા જાય છે.




લ્યુનિક '૩'ની સફરને સમજાવતો આલેખ; નીચે: ચંદ્રને આંબવાને આજ સુધી થએલા પ્રયોગોને લગતી માહિતી આપતી આકૃતિ.

ચંદ્રની ધરતી પર લ્યુનિક જ્યારે ઊતરે ત્યારે પૃથ્વીનાં જીવજંતુઓ (માઇક્રો-ઑર્ગેનિઝમ્સ) ત્યાં ન પહોંચી જાય એની પણ તકેદારી રાખવામાં આવી હતી. ગોળામાં એવી ગોઠવણ કરી હતી કે તે જ્યારે પટકાય ત્યારે તેની અંદર જંતુનાશક પ્રવાહી આપોઆપ છંટાય. આ ઉપરાંત રૉકેટના હરેક ભાગને જંતુરહિત (સ્ટરીલાઈઝ) કરવામાં આવ્યો હતો; કેમકે ભવિષ્યમાં માનવી જ્યારે ચંદ્ર પર ઊતરે ત્યારે, ત્યાં જો જંતુસૃષ્ટિ હોય તો તે પૃથ્વીના જેવી જ છે કે જુદી તેનો અભ્યાસ કરી શકે.

લ્યુનિક '૩'

આમ વિશ્વ હજી લ્યુનિક'૨'ના આશ્ચર્યાઘાતમાંથી બેઠું નહોતું થયું ત્યાં તો લ્યુનિક'૩' ચંદ્રની કદી ન દેખાતી બાજુની ભાળ મેળવવા માટે અવકાશને ચીરીને આગળ વધ્યું. આ સિદ્ધિ લ્યુનિક'૨'કરતાં પણ વધુ છે, કારણ કે ચંદ્ર પર નિશાન લેવું તો મુશ્કેલ છે જ, પરંતુ એથી યે વધુ મુશ્કેલ કાર્ય રૉકેટને ચંદ્રની આસપાસ ભ્રમણકક્ષામાં મૂકવાનું છે. તેને માટે અચૂક ગણતરીની જરૂર પડે છે.

લ્યુનક'૩'ને લઇને ઊપડેલા બહુ તબક્કાવાળા (મલ્ટી-સ્ટેઈજ) રૉકેટના છેલ્લા ભાગનું વજન (બળતણ વગર) ૧,૫૫૩ કીલોગ્રામ (લગભગ ૧.૫ ટન) જેટલું હતું. જ્યારે રૉકેટ ભ્રમણકક્ષામાં પહોંચ્યું ત્યારે તેના છેલ્લા તબક્કામાંથી ૨૭૮.૫ કીલોગ્રામ (લગભગ ૬૦૦ રતલ) વજનનું 'સ્પેઈસ સ્ટેશન' છૂટું પડીને ચંદ્ર ભણી ધકેલાઈ ગયું. આ સ્ટેશન જ્યારે ૧-૩૦ વાગ્યે (ભારતીય સમય) પૃથ્વીથી ૧૦૮,૦૦૦ કીલોમીટર (લગભગ ૭૦,૦૦૦ માઈલ) દૂર પહોંચ્યું ત્યારે ૩૯.૯૮૬ અને ૧૮૩.૬ મેગા હર્ઝ ઉપર સંદેશાઓ મોકલવા લાગ્યું. આમાંથી



નવી કહેવતો

માખીની મુસાફરી ગોળના રવા સાથે.
ધર્મશાળાનો ચૂલો ટાઢો ન હોય.
નાયકણને નચવવા ઉરસ કર્યો.
ઊંટે ચડીને ભોંયરાનો પ્રવાસ ન થાય.
કૂતરું મસાણે જાય છે તે મડદા પાછળ કે લાડુ પાછળ?
ડાકોરનાં વાંદરાં તો રણછોડજી સામે ય દાંતિયાં કરે.
ખીંટીને શું? ધોતિયું ય ઓઢે ને સાડી ય ઓઢે.
બાંડિયું પહેરીને બાંય ચડાવવા નીકળ્યો!
હાથમોજાં પહેરી કંઈ જોશ ન જોવડાવાય.

રતિલાલ 'અનિલ'

૧૮૩.૬ મેગા હર્ઝનું ટ્રાન્સમીટર સ્પેઇસ-સ્ટેશન અવકાશમાં યોગ્ય માર્ગે દોરવા માટે હતું. આ 'સ્પેઇસ સ્ટેશન'માં ચંદ્રની પાછલી બાજુઓના ફોટોગ્રાફ લેવા માટેનાં તેમજ અન્ય વિગતો જાણવા માટેનાં સાધનો ગોઠવવામાં આવ્યાં હતાં. તા. ૬ ઑક્ટોબરની સાંજના ૭-૪૬ વાગ્યે લ્યુનિકે ચંદ્રથી ફક્ત ૭,૦૦૦ કીલોમીટર (૪,૩૭૫ માઇલ) દૂર રહીને તેની પાછલી બાજુના ફોટો ઝડપ્યા હતા (જુઓ ચિત્ર). તે વખતે ત્યાં પૂર્ણિમા હતી એટલે રૉકેટનું કાર્ય અત્યંત સરળ બની ગયું હતું.

૧૮મી ઑક્ટોબરના સમાચાર મુજબ લ્યુનિક ૧૧મી ઑક્ટોબરે પૃથ્વીથી ૨૯૨,૦૪૩ માઇલ દૂર પહોંચ્યું હતું,(જે અંતર ગણતરી કરતાં વધારે હતું.) અને ત્યાર પછી તે પાછું ફરવા લાગ્યું. આ વખતે તેની ઝડપ કલાકના ૮૯૮ માઇલની એટલે કે એક અદ્યતન જેટવિમાન જેટલી થઇ ગઈ હતી. પરંતુ જેમજેમ પૃથ્વીની નજીક તે આવતું જતું હતું તેમ-તેમ તેની ઝડપ વધતી જતી હતી. 'સ્પેઇસ સ્ટેશન' પૃથ્વીની કેટલું નજીક આવશે? ગણતરી પ્રમાણે તે લગભગ ૧,૨૫૦ માઇલ જેટલું નજીક આવશે અને પછી ઉત્તરથી દક્ષિણ તરફ જશે.

આ 'સ્પેઈસ સ્ટેશન'ની ભ્રમણકક્ષા કેવા પ્રકારની હશે? શું તે ફરી વાર ચન્દ્રની પ્રદક્ષિણા કરી શકશે? 'સ્પેઇસ સ્ટેશન'ની ભ્રમણકક્ષા અંગ્રેજી આંકડા 8ના જેવી હશે, જેનો ચંદ્ર આસપાસનો લંબગોળ પૃથ્વી આસપાસના લંબગોળ કરતાં નાનો હશે. (જુઓ આકૃતિ). મૉસ્કો રેડિયોના ૧૮મી તારીખના બ્રૉડકાસ્ટ પ્રમાણે લ્યુનિક તે જ રાતે ૧૦-૩૦ વાગ્યે પૃથ્વીની આસપાસ ચક્કર મારીને ફરી પાછું ચંદ્ર ભણી જવા લાગ્યું હતું. પરંતુ ચંદ્ર તે વખતે પોતાના સ્થાન પરથી ખસી ગયો હશે, કારણકે તે પૃથ્વીની આસપાસ ભ્રમણ કરે છે. પરંતુ લ્યુનિક '૩' જો હરેક પ્રવાસ વખતે દિશા બદલીને ચંદ્ર ભણી જશે તો તેની ભ્રમણકક્ષા આશ્ચર્યજનક ગણાશે. વળી લ્યુનિકે જો અવકાશમાં ફરવું હોય તો તેણે કોઈની આસપાસ ફરવું જ જોઇએ. રૂસી વૈજ્ઞાનિકો કશું જ સ્પષ્ટ કહેતા નથી. પરંતુ મળેલા સમાચાર મુજબ 'સ્પેઇસ સ્ટેશન' જાન્યુઆરી ૧૯૬૦માં ચંદ્રની ૬,૦૦૦ માઈલ જેટલું નજીક પહોંચશે તેમજ તેની ૯મી, ૧૬મી, ૨૫મી, ૪૧મી, ૬૬મી તથા ૧૦૭મી ભ્રમણકક્ષા દરમ્યાન તે ચંદ્ર વિષે વધુ માહિતી આપશે.

'સ્પેઈસ સ્ટેશન' જે માહિતી એકઠી કરતું હતું તે, દિવસના અમુક સમય દરમ્યાન જ, બેથી ત્રણ કલાક સુધી, (અને તે પણ રૂસી વૈજ્ઞાનિકોની ઇચ્છા હોય ત્યારે જ) તેનાં ટ્રાન્સમીટરો વહેતી કરતાં. તેમાં સૌર બૅટરી રાખવામાં આવી છે, તેથી જ્યાં સુધી તેનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી તે માહિતીઓ મોકલ્યે જ જશે. તેનાં યંત્રો બરાબર કામ આપતાં રહે તે માટે તેમાં ઉષ્ણતામાન અને દબાણ એકસરખાં જાળવી રાખવાની ગોઠવણ કરવામાં આવી છે.

લ્યુનિક '૧'ની માફક લ્યુનિક '૨' અને '૩'માં પણ કૃત્રિમ ધૂમકેતુ રચવા માટે સોડિયમ વાયુ છોડવાની ગોઠવણ રાખેલી, જેને આધારે અવકાશમાં રૉકેટનું સ્થાન તથા તેની ગતિ નક્કી થઈ શકતાં. આ 'કૃત્રિમ ધૂમકેતુ' અવકાશનું બંધારણ જાણવામાં પણ મદદરૂપ નીવડેલો.

તાજેતરમાં રૂસી વૈજ્ઞાનિકોએ એવું મંતવ્ય દર્શાવ્યું હતું કે ચંદ્ર પર સૂક્ષ્મ જીવજંતુઓનું અસ્તિત્વ છે. તેમના સિદ્ધાંત પ્રમાણે જ્વાલામુખીમાંથી નીકળતા કાર્બન ડાયૉક્સાઈડનું વિભાજન થઇને જે ઑક્સિજન પેદા થતો હશે તે તેમજ આ મુખોની નીચે રહેલો ભેજ મળીને સૂક્ષ્મ જીવાણુઓના અસ્તિત્વને શક્ય બનાવે છે. વધુમાં તેમના કહેવા પ્રમાણે ચદ્રની સપાટી નીચે ઉષ્ણતામાન એકધારું જળવાઇ રહે છે. પરંતુ સાચી વિગત તો માનવી ત્યાં પહોંચશે ત્યારે જ મળી શકશે.

માનવી ક્યારે પહોંચશે? નજીકના ભવિષ્યમાં. હવે રૂસી વૈજ્ઞાનિકો કદાચ મંગળ યા શુક્ર તરફ નજર દોડાવે. આપણે એટલું તો કહી શકીએ કે લ્યુનિક ત્રીજાએ ભવિષ્યમાં માનવી ચંદ્રની ધરતી પર પગલાં માંડી શકે એ માટે પૃથ્વી અને ચંદ્ર વચ્ચે એક પૂલ બાંધી દીધો છે.

ટિકિટ સંઘરવાનો શૉખ







આ વર્ષે મનીલામાં ઊજવાએલી ૧૦મી સ્કાઉટ જમ્બોરી(મેળો) નિમિત્તે ઇન્ડોનેશિયાએ બે ટિકિટો બહાર પાડેલી. તેના પર સ્કાઉટસંજ્ઞા યોજીને કરેલાં બે ડિઝાઇનો હતાં. એ બંને-વાળી બે ટિકિટોના નમૂના મથાળે આપ્યા છે. એ જ સંજ્ઞાને પૃથ્વીના ગોળા પર મૂકી માનવમુખ(સ્કાઉટ)ની આકૃતિ ઉપજાવતું ચાતુરીભર્યું ચિત્ર તે પ્રસંગના ફર્સ્ટ ડે કવર પર છાપેલું તે તેની નીચે આપ્યું છે. (મોકલનાર: અશોક કોરા—મુંબાઈ) છેલ્લે: આ માસની ૧૪મી તારીખે વડા પ્રધાન જવાહરલાલ નેહરુના જન્મદિન પ્રસંગે ઊજવાતા 'બાળદિન' નિમિત્તે ભારત સરકારના ટપાલખાતાએ બહાર પાડેલી ટિકિટ જમણી બાજુ (ઉપર) આપી છે. તે પર 'બાળગૃહ'ના ઉંબર ઉપર ઊભેલાં બે ચિંતાતુર બાળકોની છબિ છે.

આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફીના ભારતીય એલચી

ડૉ. કાન્તિલાલ કોઠારી

ડૉ. કાન્તિલાલ કોઠારી પાલનપુરમાં નિષ્ણાત ડૉકટર તરીકે ધૂમ ધંધો કરનાર હોવા સાથે ફોટોગ્રાફીમાં EPSA, FRPS, FRSA, અને



Hon.EFIP વગેરે શ્રેષ્ઠ પદવીઓ પ્રાપ્ત કરી શકયા છે. દર્દી તપાસવાની નલિકામાં એ જેટલા નિષ્ણાત છે એટલા જ કૅાન્ટેકસ કૅમેરાના કીમિયાગર, મોટર-યાંત્રિક તેમજ ટેનીસના ખેલાડી છે. તેમને દુનિયામાં સર્વોચ્ચ અમેરિકાની ફોટો-સોસાએટી તરફથી ને યુનાઇટેડ સ્ટેટ્સ તથા કૅનેડાની લગભગ ૧૦૦ ઉપરાંત ફોટોસંસ્થાઓ સમક્ષ વ્યાખ્યાનો અને પ્રદર્શનોની વ્યાખ્યાનમાળા માટે આમંત્રણ મળતાં તા. ૧૨ સપ્ટે. ૧૯૫૯ને રોજ ભારતમાંથી વિદાય થયા છે. ત્યાં તેઓ ભારતના લોકજીવન તથા સાંસ્કૃતિક સ્મૃતિધામોનાં રંગીન તેમજ સાદાં ચિત્રો અને સ્લાઇડો દ્વારા આપણા રાષ્ટ્રજીવનનો પરિચય કરાવશે. અમેરિકામાં તેમનો પ્રવાસ ચાર માસ સુધી લંબાશે અને પાછા ફરતાં જાપાન, હાવાઈ બેટો તથા હૅાંગકૅાંગ વગેરે દેશોની મુલાકાત લેશે.

ફોટોગ્રાફીના ક્ષેત્રમાં તેમણે આઠ વર્ષ પહેલાં જ પ્રારંભ કરેલો છતાં આટલા સમયમાં ફોટોગ્રાફીના આંતરરાષ્ટ્રીય જગતમાં તેમણે આગળપડતું નામ મેળવ્યું છે. તેમનાં ચિત્રો જગતનાં મુખ્ય પત્રોમાં પ્રસિદ્ધ થયાં છે. વિશ્વમાં વ્યાપક કીર્તિ ધરાવતા રીડર્સ ડાઈજેસ્ટ માસિકના પૂઠા ઉપર રંગીન ચિત્ર આપનાર તે પહેલા હિંદીજન છે. ઑલ ઇન્ડિયા ફેડરેશન ઑાવ ફોટોગ્રાફીના તે પ્રમુખ છે. તેમની ફોટોકળાના ત્રણ ચિત્રસંપુટો પૈકી બે હિંદમાં ને એક જર્મનીમાં હાલ છપાઈ રહ્યા છે. પોતાનો ધીકતો ધંધો સંભાળવા સાથે તેમણે ફોટોગ્રાફીના ઉત્કર્ષ માટે પ્રદર્શનો, પ્રવાસો, પરીક્ષાકાર્ય અને લેખનથી ઘણી સેવા કરી છે. ઉપરાંત દેશવિદેશોનાં પ્રદર્શનોમાં પાચસો જેટલાં ચિત્રો રજૂ કર્યાં છે.

ફોટોગ્રાફીનાં બધાં ઇષ્ટ સંમાનો તેમને મળ્યાં. અમેરિકાની ફોટોગ્રાફિક સોસાએટીના તે ફેલો છે. રૉયલ સોસાએટી ઑાવ ગ્રેઈટ બ્રિટનના સભ્યપદનું, તેમ જગતભરમાંથી માત્ર સો જેટલા જ માણસોને મળી છે તે ઑાનરરી એક્સેલેન્સ ઑાવ વર્લ્ડ ફેડરેશન ઑાવ ફોટોગ્રાફીનું માન તેમને મળ્યું છે. સેંકડો પદકો તો વધારામાં.

તેમનો અમેરિકાનો પ્રવાસ ઘણો યશસ્વી નીવડવાની આશા છે. એકસો જેટલાં વ્યાખ્યાનો તો અગાઉથી નક્કી થઈ ગયાં હતાં અને હવે તે બસો સુધી પહોંચવા વકી છે. તે બધાં માટે તેમને પ્રવાસખર્ચ સહેલાઈથી નીકળે એટલો પુરસ્કાર મળવા સંભવ છે.


અમેરિકાના લુઇવિલી ખાતેના વાર્ષિક ફોટો-સંમેલનમાં અતિથિવક્તા તરીકે હાજર રહેવાનું તેમને માન મળ્યું છે. ન્યૂ જર્સીમાં પ્રોફેશનલ(ધંધાદારી)ફોટોગ્રાફરોના સંમેલનના સભ્યો પાસે પણ બોલવાનું નિમંત્રણ મળ્યું છે. અમેરિકાનું એ સૌથી મોટું મંડળ છે. વળી તેઓ યુ. સ્ટેટ્સ અને કૅનેડાનાં પ્રસિદ્ધ ચિકિત્સાલયોની મુલાકાત લેશે ને થોડું રોકાઇને નવાં ઔષધોની બાબતમાં ચર્ચા–સંશોધન કરશે.

ન્યૂ યૉર્કમાં તેઓ ટેલીવિઝન ઉપર વાર્તાલાપ આપશે. તે પછી કૅનેડાનો મોટો પ્રવાસ કરશે. બધે સ્થળે પોતાના જ ફોટોગ્રાફોથી ભારતીય જીવન ને સંસ્કારનું અમેરિકન પ્રજાને દર્શન કરાવશે. ભારતીય ગ્રામજીવનનાં વિધવિધ દશ્યો, મેળાઓ, ઉત્સવો, લોકજીવનનાં પાત્રો વગેરે રંગીન સ્લાઇડો ને સાદી છબીઓના તેમના સંગ્રહને Diamonds from the dust 'ધૂળનાં રત્નો' કહી બિરદાવેલાં છે.

ભારતના ફેડરેશન ઑાવ ફોટોગ્રાફીના પ્રમુખ તરીકે તેમને અમેરિકાનું આમંત્રણ મળ્યું છે તેથી ભારતનું આ મંડળ કેટલી પ્રતિષ્ઠા મેળવી શકયું છે તેનો ખયાલ મળે છે અને ભારત ગૌરવ લઈ શકે તે રીતે ડૉ. કોઠારી ફોટોગ્રાફી દ્વારા ભારતના યોગ્ય સંદેશવાહક થવાનું માન મેળવી શકયા છે.

રવિશંકર રાવળ

શરીર–મન–જ્ઞાનતંતુઓને **યોગાસનો** સ્વસ્થ રાખતી વ્યાયામરીતિ



ઉષ્ટ્રાસન-૧૭

આ આસનમાં કંઈ શરીરનો દેખાવ ઊંટ જેવો થતો નથી, છતાં આ નામ કેમ મળ્યું હશે તે સમજાતું નથી. કદાચ ઊંટની જેમ આમાં શરીરના અવયવોને થોડા વાંકા કરવાના હોય છે એટલે એને ઉષ્ટ્રાસન કહેતા હશે.

જે ઉષ્ટ્રાસન જમીન ઉપર ઊંધા સૂઇને કરવાનું હોય છે, તેને કેટલાક સુપ્ત-ઉષ્ટ્રાસન કહે છે. તે તો આપણા ધનુરાસન જેવું જ છે, અને એનાથી ધનુરાસનના જ બધા ફાયદા થાય છે. પણ અહીં વર્ણવ્યો છે તે એનો બીજો–બેસીને કરવાનો પ્રકાર છે, જેનાથી પણ પેટને ખૂબ ફાયદો થાય છે.

પગને ઢીંચણમાંથી વાળીને, પગની એડીઓ ઉપર બેસો. હવે હાથને પગની પાસે મૂકો; અને શરીરને પગ ઉપરથી ઉઠાવી, જાણે કમાન વળવા માગતા હો તેમ, આગળ લો. પગની એડીથી નિતંબ જેટલા દૂર જઈ શકે તેટલો ફાયદો વધારે. હવે માથાને પાછળ રાખી થોડું નીચું નમાવો એટલે ઉષ્ટ્રાસન થશે.

જેને ધનુરાસન અઘરું લાગ્યું હોય તે આ આસન કરી તેના ઘણાખરા ફાયદા મેળવી શકે છે. —હાસુભાઈ શુક્લ

આકાશમાં વીજળી થાય છે ત્યારે હવામાંનો નાઇટ્રોજન ઑક્સિજન સાથે મળીને લગભગ દોઢ ટન નાઇટ્રોજન ઑક્સાઈડ બને છે, જે સારામાં સારું રાસાયણિક ખાતર છે. આ નાઇટ્રોજન ઑક્સાઈડ વરસાદ સાથે જમીન પર પડે છે અને તેને ફળદ્રુપ બનાવે છે.

રશિયામાં વાવાઝોડા વખતે પાતળા ધાતુના તાર સાથે બાંધેલાં રબરનાં બલૂનો આકાશમાં ચગાવવામાં આવે છે. ધાતુના તારમાં વીજળી પ્રવેશતાં મોટો ચમકારો થાય છે. તાર બળી જાય છે પરંતુ વીજળી ખેતરમાં ઊતરે છે ને સાથોસાથ ઉત્તમ રાસાયણિક ખાતર લેતી આવે છે.

અનુસંધાન]અધ્યાત્મદષ્ટિપૂત કલાચિત્રી રુક્મિણીદેવી[૪૫૮થી

રુક્મિણીદેવીને કોઇ સંતાન નથી. કલાક્ષેત્રનાં એમનાં વિદ્યાર્થીઓ જ એમનાં સંતાન છે. એમના મોટા ભાઇ શ્રીરામ હાલ અખિલ જગત થીઑસોફિકલ સોસાએટીના અધ્યક્ષ છે. બીજા શ્રી એન. પદ્મનાભન્ મધ્ય ભારત 'પબ્લિક સર્વિસ કમિશન'ના અધ્યક્ષપદેથી હમણાં જ નિવૃત્ત થયા છે. ત્રીજા ભાઈ યજ્ઞેશ્વર શાસ્ત્રી ભારત સરકારના પુરાતત્વ ખાતામાં નિષ્ણાત મૂર્તિશાસ્ત્રવિદ્ છે. ચોથા ભાઈ સુબ્રહ્મણ્ય શાસ્ત્રી ઇન્ડસ્ટ્રીઅલ કન્સલ્ટન્ટ ને એફીશીઅન્સી એક્સ્પર્ટ તરીકે જાણીતા છે. બહેનોમાં શિવકામુ (એમ.આર.સી.પી.) ડૉક્ટર છે અને બીકાનેરના મહારાજા ગંગાસિંગની અંગત દેખરેખમાં હતાં; જ્યારે વિશાલાક્ષી ભોપાલ કૉલેજનાં પ્રિન્સિપાલ છે.

કલાક્ષેત્રમાં હજી ય ઘાસછાયા છાપરા હેઠળ જ શિક્ષણ અપાય છે. શ્રી ધનંજયન્ કહેતા હતા કે 'વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠીને અમારે નૃત્ય-પાઠોનું શિક્ષણ લેવું પડે છે અને તે ખરેખર કષ્ટદાયી કહીએ તેટલું કઠોર હોય છે'. અઢાર વર્ષથી મોટી વયના વિદ્યાર્થીને ત્યાં પ્રવેશ મળતો નથી. પાંચ વર્ષના અભ્યાસક્રમને અંતે ત્યાં ભરતનાટ્યમનો ડિપ્લોમા અપાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કથકલી નૃત્ય-શિક્ષણ આપવાનું પણ શરૂ થયું છે. તે વિભાગ રાષ્ટ્રપતિએ ચંદ્રક આપી ગયે વર્ષે જેમનું બહુમાન કર્યું તે વયોવૃદ્ધ ગુરુ શ્રી ચંદુ પણિક્કર સંભાળે છે. આ ઉપરાંત મૅટ્રિક લગીનું શિક્ષણ પણ ત્યાં અપાય છે, જેની પરીક્ષા મદ્રાસ યુનિવર્સિટીના ખાનગી ઉમેદવારો તરીકે આપી શકાય છે. સંગીતવિભાગમાં 'સંગીત-શિરોમણિ'ના અભ્યાસક્રમની વ્યવસ્થા છે. ઉપરાંત ચિત્રકામ, હસ્ત-કળાઓ, સીવણકામ, ઘરકામ, લોકનૃત્યો, સ્કાઉટ-પ્રવૃત્તિઓ, ભજનો-ઉત્સવો ને રમતગમતો આદિ અનેક પ્રવૃત્તિઓથી કલાક્ષેત્ર ગાજતું રહે છે. કડક શિસ્ત અને નિયમો માટે આ શાળા જાણીતી છે. શિક્ષણકાળ દરમિયાન કોઇ વિદ્યાર્થી-વિદ્યાર્થિની ક્યાંય જાહેર કાર્યક્રમોમાં વ્યવ-સાયી ધોરણે ભાગ લઈ શકે નહિ તેવું કડક બંધન છે. હૉસ્ટેલની પણ ઉત્તમ વ્યવસ્થા છે. કોઇને સંસ્થા જોવી હોય તો રુક્મિણીદેવીની એક દિવસ અગાઉથી મંજૂરી લેવી પડે છે, અને મહેમાનને ત્યાં ત્રણ દિવસ-થી વધારે રહેવા દેવામાં આવતા નથી. પ્રિન્સિપલ તરીકે હાલ મૈસૂરના જાણીતા સંગીતશાસ્ત્રવિશારદ શ્રી કે. વાસુદેવાચાર્ય છે.

રુક્મિણીદેવી હમેશાં કહેતાં રહ્યાં છે કે 'આધ્યાત્મિક અને ભક્તિ-રસથી પરિપ્લાવિત નૃત્યોની હું સદા આગ્રહી રહું છું. કેવળ મનોરંજનાર્થે નૃત્યો કરવાં મને કદી ગમ્યાં નથી. 'આંગિકમ્ ભુવનં યસ્ય વાચિકં સર્વવાઙ્મયમ્, આહાર્યં ચન્દ્રતારાદિ તં નુમઃ સાત્ત્વિકં શિવમ્' એવા દેવાધિદેવ શિવ, નૃત્યોના અધિદેવતા ગણાયા છે. આજે ઠેરઠેર આ કલા શીખવા માટે ઉત્સાહ વર્તાઇ રહ્યો છે, પણ એની પાછળ સાધનાની પુનિત ભાવના ક્યાં છે? કથકલી ગુરુઓના મુખે સાંભળ્યું છે કે બારબાર વર્ષના કઠોર શિક્ષણકાળ પછી જ માત્ર નાની એવી ભૂમિકા ભજવવાનું સદ્ભાગ્ય કલાકારોને સાંપડતું. ત્યારે હું ભરતનાટ્ય શીખવા માટે સાત-આઠ વર્ષનો ક્રમ રાખવાની હિમાયત કરું છું તે કોઈને ગળે ઊતરતું નથી! સૌ કોઇને માંડ વર્ષ પૂરું થાય કે 'આગલી હરોળની નૃત્યાંગનાઓ' તરીકે રંગાલયને ગજવવાની ચળ ઊપડી આવે છે. અરે, ઘણી વાર તો છસાત માસનો અભ્યાસક્રમ પણ કેટલાકને અતિ લાંબો સમય લાગે છે. આનું મૂળ કારણ તો એ છે કે આપણે નૃત્યોનું સાચું મૂલ્યાંકન વીસરી એને શોખનું સાધન માની બેઠા છીએ. માત્ર ઇન્દ્રિયગ્રાહ્ય બહિર્ આનંદ એ ભરતનાટ્ય-નૃત્યનો ઉદ્દેશ નથી. પરંતુ નૃત્યાંગનાના તેમજ ભાવકના આત્માને કૈંક અલૌકિક સંદેશ આ નૃત્ય આપતું રહ્યું છે. તેથી જ મેં ભરતનાટ્ય-નૃત્યને આધ્યાત્મિક ભાવાનુભાવ અભિવ્યક્ત કરવા માટેની ઉત્તમ કલા તરીકે ગણ્યું છે. એ નૃત્ય પ્રત્યેના આદર વિના પૂર્ણતયા



રુક્મિણીદેવીનું આજનું દર્શન

એનું હાર્દ પામી નથી શકાતું. શા માટે મહાન કલાધાત્રીઓ પોતાને દેવદાસી કહેવડાવતી તેનું રહસ્ય હું પામી શકું છું, કારણ કે મંદિરના અવિભિન્ન અંગ સમી આ કલા છે. જીવન પ્રત્યેના સાર્વત્રિક અને સંકુલ અભિગમને લઈને જ હિંદુ ધર્મમાં જે 'શ્રદ્ધા' શબ્દ પ્રયોજાયો છે તેમાં બહુવિધ દિવ્ય પ્રકારોમાં નૃત્ય, સંગીત, નાટ્ય, શિલ્પ અને ચિત્ર એવી બીજી બધી જ સર્જનાત્મક કળાઓનો સમાવેશ થાય છે.'

દીનબંધુ ઍન્ડ્રૂઝ અને પીઅર્સનની પેઢીના તથા કોટિના ભારતના અંગ્રેજ મિત્ર ડૉ. ઍરુંડેલ જોડે ગાળેલા પ્રસન્નદામ્પત્યના જીવનના પ્રધાન કાળમાં—ભારતની સાંસ્કૃતિક પુનર્ઘટનાના એ કાળમાં—જે યુગ-વર્તી કામ એમણે શરૂ કરેલાં પ્રસ્થાનોએ કર્યું તે વિષે તો ઘણા વિસ્તારથી લખી શકાય. અહીં તો હવે પોતાનાં અદ્ભુત નૃત્યોથી ભાવકોનાં ચિત્ત-હૈયાં ખળભળાવી મૂકનાર એ મહાન કલાચિત્રીની પ્રતિભાને બિર-દાવતાં એક નૃત્યવિવેચકનાં સ્તુતિવચનોથી આ લેખ પૂરો કરું છું :

'રુક્મિણી કોઈ સાધારણ કલાગુરુની કૃપાપાત્ર શિષ્યા માત્ર ન-હોતાં. એમનાં નૃત્યો જોઈ હરકોઇને એ નૃત્ય-પ્રવીણાની કલામાં પ્રેરણા-મત્ત કલાભક્તની ઉચ્ચકક્ષાની તપશ્ચર્યાની ઝાંખી થતી. એ નૃત્યો દરમિયાન એવી પળો પણ આવતી કે જ્યારે રુક્મિણીદેવી તદ્દન અલૌકિક ભાસતાં. તેજસ્વી ઝળહળતી દીપશિખા જેવાં એ જણાતાં, અને એ રૂપરાશિને જોઇને એ આ ધરતીનાં છે તેવું માની શકાતું નહિ. શારીરિક માધ્યમ દ્વારા કેટલા લલિત ઉઠાવદાર અંગઅંગ તેમજ ભાવસ્થિતિનું નિરૂપણ કરી શકાય છે તેની પ્રતીતિ એમનાં નૃત્યો કરાવતાં. એમનું વ્યક્તિત્વ પણ એટલું જ આકર્ષક ને મુગ્ધકર છે. રંગમંચ પર તેમજ બહાર પણ એ એટલાં જ કમનીય જણાય છે. તેમાં યે રંગમંચ પર તો કોઈ કલાકારનું સ્વપ્ન સાકાર થતું હોય એવાં જ લાગે. એમનો ચહેરો અદ્ભુત સૌંદર્યથી વિલસી રહેતો અને ભાવ-અભિનયનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ પરિવર્તનો તે કુશળતાપૂર્વક ને સહજ ભાવે રજૂ કરતાં. તેમનાં તેજસ્વી નેત્રદ્વય તેમનાં પ્રતિભાપ્રોજ્જ્વલ વ્યક્તિત્વનાં દ્યોતક જણાતાં. દીપ્તિમંત જ્વલંત દીપ-શિખા સમું એમનું લાવણ્ય નૃત્યની ઉચ્ચ પરિપાટીઓને સ્પર્શતું. વસંતકાલના મત્ત આનંદનું કે ઊઘડતા પ્રભાતનું સૌંદર્ય શામાં રહ્યું છે તે શોધવાનો આપણે કંઈ પ્રયત્ન કરીએ છીએ? રુક્મિણીદેવીની કલા એ જ પ્રમાણે સહજરીતે જ હૃદયને આનંદવિભોર બનાવતી!

શસ્ય-શ્યામલ સિયામ

અગસ્ત્યને પગલેપગલે...[૨૯]

લેખક અને ફોટોકલા
નવનીત પારેખ



ગારુડ-ઍરવેઇઝનું વિમાન મને બાલી દ્વીપથી યવ-દ્વીપ(જાવા)માં જયકર્તા લઈ આવ્યું. ત્યાં દોઢ દિવસ ગાળી છેવટે જાવાની આ (ઋતુ તેમજ સ્નેહ બંનેમાં) હૂંફાળી એવી પુણ્યભૂમિને ભારે હૈયે તેમજ ભારે સામાન સાથે છોડવી પડી. (જાવા-બાલીની અનેક કલાકૃતિઓના ઉમેરાથી સામાન પણ ભારે થયો જ હતો.)

થોડી જ પળોમાં અમે વ્યોમ-વિહારી બની ગયાં. અહીંથી હવે મારું 'ઉત્તરાયન' શરૂ થતું હતું. દક્ષિણ-ગોળાર્ધને નીચે મૂકીને હવે પૃથ્વીના ઉત્તર-ગોળાર્ધમાં હું પાછો ફરતો હતો. વિષુવવૃત્ત પાર કરીને અમે સિંહપુર પહોંચ્યા અને વિમાન-મથકે જ બપોરનું ભોજન પતાવી ઉત્તરાભિમુખી ઉડ્ડયન ચાલુ રાખ્યું. આ વિમાનમાં જ મારા જાવી મિત્ર શ્રી સુવ્રતો-આત્મજો રશિયા તથા પૂર્વ-યુરોપના પ્રવાસે જતા હતા. તેમની સાથે જાવા-ભારતની સાંસ્કૃતિક એકતા વિષે વાતોમાં સાંજ પડવા આવી અને વિમાન ધીમેથી નીચે ઊતરવા લાગ્યું. બેઠક પરનો ઉદર-બંધ બાંધીને બારીમાંથી નીચે દૃષ્ટિ ફેંકી. શ્યામ (સિયામ) દેશની શસ્ય-શ્યામલ ધરતી-માતા અમને જાણે કે તેની ગોદમાં છુપાવવા ધીરેથી અમારા વિમાનને આવરી લેતી હતી. ક્ષિતિજ સુધી વિસ્તરેલાં ડાંગરનાં હરિયાળાં ખેતરોની 'પલાશ સાડી' પહેરીને સિયામની ભૂમિ-રમણી સ્મિત વેરતી અમારું સ્વાગત કરી રહી હતી.

બૅંગકૉકના વિમાની મથકે કસ્ટમ્સનો વિધિ પતાવીને અઢાર માઇલ દૂર શહેરમાં આવતાં રાત પડી ગઈ. જાપાન જતી વેળાએ બૅંગકૉકની ટ્રોકેડેરો હોટેલમાં એક દિવસ રહ્યો હતો, તેથી આ વખતે અહીંની પ્રિન્સેસ હોટેલમાં ઊતર્યો. વળતી સવારે ધંધાનાં કામકાજ પતાવી ઓરીપત રોડ પર રહેતા શ્રી પ્રસિદ્ધ શિલ્પ-બનલેંગને મળવા ગયો. મારા જાપાની નૃત્ય-આચાર્ય મિત્ર શ્રી સાકાકીબારાએ તેમના ઉપર પરિચય-પત્ર આપ્યો હતો. શ્રી પ્રસિદ્ધ અત્યંત સૌમ્ય તથા મિલનસાર સંગીતકાર નીકળ્યા. તેમના પિતા તેમજ દાદા બંને વિખ્યાત સંગીતાચાર્ય હતા. વળી તેમના પિતા તો સિયામના સમ્રાટના રાજ-ગાયક હતા અને તેમણે જ એમને 'શિલ્પ-બનલેંગ'ની પદવી આપી હતી. (થાઇ ભાષામાં 'શિલ્પ' એટલે સંગીત-નાટ્યની વિદ્યા, ને 'બનલેંગ' એટલે વિશારદ). શ્રી પ્રસિદ્ધે આ કલા-વારસો તથા પરંપરા જાળવી રાખવા ઉપરાંત તેમાં નોંધપાત્ર વૃદ્ધિ કરી છે. તેમનાં પત્ની શ્રીમતી લદ્દા સિયામનાં ખ્યાતનામ નૃત્યાંગના છે, અને તેઓ બંને બૅંગકૉકમાં 'ફૂક્કાવલિ સંગીત નૃત્ય ઈન્સ્ટીટ્યૂટ' ચલાવે છે. (થાઈ ભાષામાં 'લદ્દા' એક પ્રકારના સુવાસિત, સફેદ ફૂલનું નામ છે.) સિયામના 'રનાડ' વાદ્યના વાદનમાં સવિશેષ પારંગત છે. તેઓ બંને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે અને પોતાનું 'પ્રસિદ્ધ' નામ સાર્થક કરે છે. આગળ ઉપર પારીસમાં ભરાનાર આંતરરાષ્ટ્રીય સંગીત સમ્મેલનમાં શ્રી પ્રસિદ્ધ સિયામ(થાઈલૅન્ડ)ના એકમાત્ર પ્રતિનિધિ તરીકે હાજરી આપવાના હતા.

આ અત્યન્ત સૌજન્યપૂર્ણ તેમજ કલા-સંપન્ન દંપતીને મળતાં અપાર આનંદ થયો. સિયામનાં સંગીત, નૃત્ય, નાટ્યની વિવિધ પ્રણાલિકાઓની ચર્ચા કરતાં અમે ગાઢ મિત્રો બની ગયાં. મને બૅંગકૉક નગર બતાવવાનું પણ તેમણે માથે લીધું. મધ્યાહ્ન થવા આવ્યો હતો તેથી સૌ પ્રથમ તો મને રાજા-દામનયન નામના મોટા રાજમાર્ગ પર આવેલી 'થાઈ-પુત્ર' નામની વિખ્યાત રેસ્ટોરાં પર જમવા લઈ ગયા. થાઇ વાનગીઓ આ રેસ્ટોરાંની વિશેષતા છે.

બૅંગકૉક જોવા બહાર પડીએ તે અગાઉ તેની પાર્શ્વભૂમિ તરીકે શ્યામ દેશના ઇતિહાસની ટૂંકી રૂપરેખા તથા બીજી માહિતી મેં જમતાં જમતાં જ મેળવી લીધી. પ્રગાઢ જંગલો તથા લચી પડતાં ખેતરોના સિયામ દેશનું પ્રાચીન નામ શ્યામ-દેશ હશે એવા મારા અનુમાનને શ્રી પ્રસિદ્ધે અનુમોદન આપ્યું, પણ પછી ઉમેર્યું કે હવે સિયામનું રાજકીય તથા ઔપચારિક નામ થાઈલૅન્ડ રખાયું છે. પ્રાગૈતિહાસિક યુગમાં આ થાઈ-જાતિ ઉત્તરે આવેલા ચીનના દક્ષિણ ભાગમાં વસતી હતી અને પાછળથી મંગોલ લોકોના આક્રમણને કારણે તે નીચે ઊતરી આવી મેનામ ચાઓ-ફ્યા નદીને કાંઠે વસી. મધ્ય-એશિયાના પહાડી પ્રદેશમાંથી ઊતરી આવીને સપ્તસિંધુ તથા ગંગા-યમુનાને કાંઠે વસેલી આર્ય



'શિલ્પ-બનલૅંગ' શ્રી પ્રસિદ્ધ તથા તેમનાં પત્ની શ્રીમતી પ્રસિદ્ધ





સિયામી નૃત્ય



જાતિના પૂર્વ ઇતિહાસ સાથે આનું સામ્ય લાગ્યું. આગળ ઉપર ભારતથી આવેલા અગણિત અધિનિવેશકો મૂળ થાઈ જાતિમાં ભળી ગયા, જે આજના થાઈ લોકોના પૂર્વજો થાય.

સિયામનાં સૌથી પ્રાચીન નગરો 'સુખોદય' તથા 'સાવંકલોક' ઉત્તરમાં આવેલાં છે. ત્યાંનાં પ્રાચીન મંદિરો તથા બીજા અવશેષો એટલા તો ભારતીય શૈલીના છે કે તે કાળે ઘણા અધિનિવેશકો ભારતથી અહીં આવીને વસ્યા હશે એમ ઇતિહાસકારો માને છે. આ મંદિરો આશરે બે હજાર વર્ષ જૂનાં મનાય છે. ઘણાંખરાં મંદિરો મૂળે બ્રાહ્મણધર્મી હતાં અને પાછળથી બૌદ્ધ રાજાઓએ તેમનો પુનરુદ્ધાર કરતાં તેમને બૌદ્ધ શૈલીનો ઓપ આપ્યો હતો. શ્રી પ્રસિદ્ધે જણાવ્યું કે સિયામનાં બીજાં પ્રાચીન નગરોમાં 'વિષ્ણુલોક', 'સ્વર્ગલોક', 'બિમાઇ', સિંઘપુરી' તથા 'પેચાપરી'નો સમાવેશ થાય છે. આ બધાં સ્થળોએ પ્રાચીન બ્રાહ્મણ તેમજ બૌદ્ધ મંદિરો મળી આવ્યાં છે. વિષ્ણુલોકમાં આવેલું વાટ-જિનરાજનું બૌદ્ધ મંદિર ઘણું ભવ્ય છે. જૈય (જય) નગરનું 'મહાધાતુ' મંદિર તો મજ્જાપહિત યુગના શુદ્ધ જાવી સ્થાપત્ય-શિલ્પ પ્રમાણે બાંધેલું છે, અને તેના ઉત્તુંગ શિખર પર પ્રંબનમના શૈવ મંદિર જેવાં જ અસંખ્ય લઘુ મંદિરો ઊભાં કરેલાં છે.

થાઈ ઇતિહાસ પ્રમાણે ઈ. સ. ૪૬૮માં ભારતની તક્ષશિલાના બૌદ્ધ તિસ્સા રાજા કાલવર્ણદિસે મધ્ય-સિયામમાં લોકપુરી (આજની લોપબુરી) નગરી સ્થાપેલી. ઈ.સ. ૬૫૪માં લોકપુરિના સમ્રાટે પોતાની રાજકુમારી નાગ ચમાદેવીને ઉત્તરના હરિભુંજય નગરનું શાસન સોપ્યું હતું એવો ઐતિહાસિક ઉલ્લેખ મળી આવ્યો છે. દસમી સદીમાં 'નગર શ્રીધર્મરાજ'(આજના લિગોર)ના સમ્રાટે લોકપુરી જીતી લીધી અને તેના પુત્રે દક્ષિણ સિયામને કંબોજના ખ્મેર સામ્રાજ્યમાં ભેળવી દીધું. છેક તેરમા સૈકા સુધી સિયામનો ઘણો ભાગ કંબોજ (કૅમ્બોડિયા) સામ્રાજ્યના આધિપત્ય નીચે હતો. ઈ.સ. ૧૨૫૭માં, કંબોજ સામ્રાજ્ય નબળું પડતાં લોકપુરી તથા સુખોદય ઉપરાજયોએ કંબોજ સાર્વભૌમત્વ ફગાવી દઈને સ્વાતંત્ર્ય જાહેર કર્યું અને તે સમયના સુખોદયના રાજા શ્રી ઈંદ્રાદિત્ય આધુનિક યુગના પ્રથમ સિયામી રાજા ગણાય છે. ચૌદમી સદીમાં પરાક્રમી રાજા શ્રી રામાધિપતિ (ફ્રા-ચાઓ-ઉ થૅાંગ)એ લોકપુરા જીતી લઈ પોતાના રાજપુત્ર ફ્રા (શ્રી) રામેશ્વરને તેનું રાજ્ય સોંપીને ૧૩૫૦માં દક્ષિણે મેનામ ચાઓ ફ્યા નદીને કાંઠે નવી અયોધ્યા-નગરી બાંધવી શરૂ કરી.

ઈ. ૧૩૫૦માં રાજા શ્રી રામાધિપતિએ આ અયુથિયા (અયોધ્યા) નગરી બાંધી ત્યારે તો તે કોટ કે દીવાલ વિનાની નાની વસાહતમાત્ર હતી. આ નગરી સિયામ દેશની માતા સમી મેનામ-ચાઓ ફ્યા નદીને કાંઠે જ હતી, જ્યાં સાક નદી તથા લોકપુરી નદીનો તેની સાથે સંગમ થતો. તે કાળે સમુદ્ર (સિયામનો અખાત) શહેરથી બહુ દૂર નહોતો અને વિદેશ જનારી નૌકાઓ સરળતાથી અયોધ્યા આવજા કરતી. પાછળથી મેનામ-ચાઓ-ફ્યાનો ઘસડાઈ આવેલો કાંપ તેના મુખ પાસે ઠલવાતો ગયો તેમતેમ સમુદ્ર દૂર અને દૂર થતો ગયો.

એ અયોધ્યા-નગરી સિયામની રાજધાની બન્યા પછી લોકપુરી (લોપબુરી)નો વૈભવ ઓછો થઈ ગયો. પાછળના સિયામી રાજાઓ—વિશેષ કરીને ફ્રા-નરેશ્વર તથા ફ્રા નારાયણ અવારનવાર અહીં સહેલગાહે આવતા. આજે પણ લોપબુરીનાં 'મહા ધાતુ', 'દેવસ્થાન', 'ચંદ્રાભીષણ' તથા બીજા મંદિરોમાં ચતુર્ભુજ વિષ્ણુ તથા લક્ષ્મી, ઐરાવત પર આરૂઢ ઇંદ્ર, અનંતશાયી નારાયણ વગેરેની મૂર્તિઓ જોવા મળે છે.

અયોધ્યાનગરી સ્થપાયા પછી રાજા સોમદેવ શ્રી મહાચક્રવર્તીએ તેની કિલ્લેબંધી કરેલી ત્યારે તેને ૩૨ દરવાજા હતા. મુખ્ય પ્રવેશદ્વારનું નામ હતું 'ત્રાતુ જય' (જય-દ્વાર). પંદરમા સૈકામાં મહારાજા સોમદેવ ફ્રા (શ્રી) પરમ ત્રૈલોકનાથે અયોધ્યાનો મુખ્ય રાજમહાલય બંધાવ્યો હતો. તેની બાજુનો પ્રાસાદ 'શ્રી મંગલાભિષેક' કહેવાતો, જ્યાં અયોધ્યાના સમ્રાટનો રાજ્યાભિષેક થતો. અયોધ્યા-નગરીમાં વળી 'શ્રી ચક્રપત્ વૈજયન્ત' નામનો ઊંચો બુરજ હતો ને 'શ્રી ત્રિમુખ' નામનો ઉદ્યાન-પ્રાસાદ પણ હતો. મહારાજા સોમદેવ શ્રી નરેશ્વરે સોળમા સૈકામાં અયોધ્યામાં 'ચંદ્રકાસેમ' (ચંદ્રાકાશમ) મહાલય બંધાવેલો, જેમાં 'ચતુર્મુખ' પ્રાસાદ, 'વિમાન-રથ્થ' વગેરે વિભાગો હતા. અયોધ્યાનું મુખ્ય મંદિર 'બુદ્ધવાસ' કહેવાતું.

ઈ.સ. ૧૭૬૩મા બ્રહ્મદેશની સેનાએ સિયામ પર આક્રમણ કરીને અયોધ્યા નગરીનો વિનાશ કર્યો ત્યારથી અયોધ્યાની પડતી થઈ. ઈ.સ. ૧૭૮૨માં મહારાજા રામ પહેલાએ બૅંગકૉક નગરની સ્થાપના કરી તેને થાઇલૅંડ (સિયામ)ની રાજધાની બનાવી. આ પ્રસંગ વિષે શ્રી પ્રસિદ્ધે એક રસિક અર્ધ ઐતિહાસિક દંતકથા સંભળાવી:

'બ્રહ્મી સેનાએ અયોધ્યા લૂંટ્યા પછી કેટલાક વર્ષો સુધી તેમનો કડક દોરત્યા ચાલતો હતો. શ્રી રામ(પાછળથી મહારાજા)તેમાંથી છટકવા માગતા હતા. એક રાત્રે તેઓ ગર્ભવતી પત્ની, પિતા




ભારતીય સંસ્કૃતિની તરબોળ અસરની પ્રતીતિ રૂપ સિયામની પ્રાચીન કલામાં રથનું આલેખન.

તથા ભાઈની સાથે મેનામ-ચાઓ-ફ્યા નદીમાં તરતા પડયા ને પોતાના માથા ઉપર એક ઊંધી પાડેલી હોડી ઓઢી લીધી. નદીના વહેણ સાથે તેઓ તરતાં, ઘસડાતાં દક્ષિણે આવ્યા અને હોડીના ઢાંકણને લીધે બ્રહ્મી સૈનિકોના લક્ષ્ય તથા તીરંદાજીથી બચી ગયાં. પ્રાતઃકાળે નદીના જમણે (પશ્ચિમ) કાંઠે ઊતરી ત્યાંના નાના બૌદ્ધ મંદિરમાં તેમણે આશરો લીધો. પાછળથી રામે સામે કાંટે નવી રાજધાની સ્થાપી ત્યારે આ કાંઠે, પોતે પ્રાતઃકાલે ક્ષેમકુશળ પહોંચ્યા હતા તેના સ્મરણમાં હાલનું વિખ્યાત મંદિર 'વાટ–અરુણ' બંધાવ્યું. તેમનાં પત્નીએ અહીં બાળકને જન્મ પણ આપ્યો હતો. આજે બૅંગકૉકનાં મુખ્ય મંદિરોમાં વાટ–અરુણની ગણના થાય છે અને તેનો સ્તૂપ તો કદાચ સમગ્ર બૅંગકૉકમાં સૌથી ઊંચો હશે.'

કૉફીનો ઘૂંટડો પીતાં પીતાં પ્રસિદ્ધે થાઇલૅંડની માતા મેનામ-ચાઓ-ફ્યા નદીના શુદ્ધ નામ વિષે સ્પષ્ટતા કરી. થાઈ ભાષામાં 'મેનામ' એટલે તો નદી. આ મહાનદીનું ખરું નામ તો કેવળ 'ચાઓ ફ્યા' છે ('ફ્યા' નહિ). તેને બીજી નદીઓની જેમ 'મેનામ' શબ્દ જોડેલો, પરંતુ બિદરકાર તથા મનસ્વી યુરોપીઅનોએ તેનું નામ ટૂંકાવીને એકલું 'મેનામ' ચાલુ રાખ્યું એટલે આજે પરદેશમાં તો આ નદીને બધા 'મેનામ' નામે જ ઓળખે છે.

મહારાજા રામે મેનામને ડાબે (પૂર્વ) કાંઠે નવું નગર બાંધવું શરૂ કર્યું ત્યારે ત્યાં કેવળ જિત–વૃક્ષો(ઑલિવ)નાં ઝુંડ હતાં. થાઈ ભાષામાં 'બાંગ' એટલે સ્થળ, અને 'મેકોક' એટલે જિત વૃક્ષ. આમ ત્યાંના વટેમાર્ગુઓ તે સ્થળને 'બૅંગકૉક' નામે ઓળખતા. જોકે મહારાજા રામે જ્યારે ત્યાં પોતાની રાજધાની ઊભી કરી ત્યારે તો એ નવા નગરને નામ આપ્યું હતું 'ક્રુંગ-દેવ' (દેવોની નગરી); અને આજે પણ થાઈ-લૅન્ડની એ રાજધાનીનું ઓપચારિક તથા વૈધિક નામ તો 'ક્રુંગ થેબ' (ક્રુંગ દેવ) જ છે, અને પરદેશમાં બધે ભલે તે 'બૅંગકૉક' નામે ઓળખાતી હોય, પરંતુ થાઈ લોકો તો તેને 'ક્રુંગ-થેબ' નામે જ ઉલ્લેખે છે.

મહારાજા રામ પહેલાના સમયથી થાઇ-લૅન્ડમાં ચક્રી રાજવંશ શરૂ થયો તે આજ પર્યન્ત ચાલે છે. થાઈ પ્રણાલિકા અનુસાર સિયામના બધા રાજાઓને 'રામ'ની ઉપાધિ તો અપાય છે જ; પરંતુ 'રામ'ના વિશિષ્ટ નામે પણ થાઇલૅન્ડમાં સાત-આઠ રાજાઓ થઈ ગયા છે. હાલના રાજા 'શ્રી ભૂમિબોલ' છે, જ્યારે છેલ્લા રાજાનું નામ 'આનંદ મહિડોલ' હતું ને તેની પહેલાંના રાજા 'પ્રજા-ધિપક' નામે ઓળખાતા. (ચાલુ)



અનુસંધાન] **એક સાંજની મુલાકાત** [પૃ. ૪૫૬થી

મારી આંખમાં આંખ પરોવીને એણે કહેવા માંડ્યું, 'હું આવી છું કંઈક કહેવા...સાંભળો લગભગ રોજ સાંજે છ વાગ્યે એક માણસ તમારી પત્નીને મળવા આવે છે!...તમને ખબર છે?'

હું ધ્રૂજી ઊઠયો.

પ્રાચીન ભારતીય વહાણવટું

સ્વ. 'સુકાની'ની વિદ્વત્તાપૂર્ણ

પ્રકરણ : છઠ્ઠું · સમુદ્ર-પત્તનો

૪૩

સંસ્કૃતમાં જે પત્તન શબ્દ શહેરો અથવા નગરો માટે વપરાયો છે તેનો અસ્સલ અર્થ, 'કોઇ પણ શહેર અથવા નગર' નહિ, પણ 'સમુદ્રકાંઠે (કે મહાનદને કાંઠે) વસેલું અને સમુદ્રમાર્ગે વેપાર ને વહાણવટું કરતું નગર' એવો થાય છે. આ બાબતમાં કોશકારોએ અનેક વખતે ગોટાળાભર્યો અર્થ આપ્યો છે, જે માત્ર એમનું સાગર વિષેનું અજ્ઞાન નહિ તો યે બેપરવાહી દેખાડે છે. કદાચ 'પત્તન' શબ્દ સંસ્કૃત-માંથી દ્રવિડ ભાષામાં નહિ, પણ દ્રવિડ ભાષામાંથી સંસ્કૃતમાં દાખલ થયો હોય એ વધારે સંભવિત છે, અને એનો જૂનામાં જૂનો ઉપયોગ કૌટલીય અર્થશાસ્ત્રમાં 'નગર'ના અર્થમાં નહિ પણ 'બંદર'ના અર્થમાં મળે છે. બંદરને માટે 'પત્તન', બંદરાધિકારીને માટે 'પત્તનિક' અને બંદરનાં ધારાધોરણને માટે 'પત્તન ચારિત્રમ્' અર્થશાસ્ત્રમાં વપરાયા છે. દ્રવિડ કંઠારમાં 'પત્તનમ્' અથવા 'પત્તિનમ્' શબ્દનો અર્થ બંદર જ થાય છે, અને જે શહેર બંદર ન હોય એને પ્રાચીન કાળથી જ 'પત્તન' શબ્દ લાગુ નથી પડયો. ગુજરાતમાં પણ વેરાવળ પાટણ (વારવલિ પત્તન), પ્રભાસ–પાટણ, સોમનાથ–પાટણ શબ્દો બંદરના વાચક છે, તે કદાચ દ્રવિડ વહાણવટા સાથેનો એ બંદરોનો પુરાતન સંબંધ દેખાડે છે. જૂના પ્રબંધોમાં 'સ્થલ પત્તન' શબ્દ કોઇકોઇ વાર વપરાયો છે, તે આ અર્થને જ પ્રમાણિત બનાવે છે.

૪૪

પ્રાચીન ભારતમાં ક્યાં ક્યાં પત્તનો વિકાસને પામ્યાં હતાં, એમાંનાં આજે કેટલાં બચવા પામ્યાં છે, કેટલાં ઓળખી શકાય છે વગેરે જાણવા માટે કેવળ લેખિત અને અનુશ્રુતિનાં સાધનો જ નહિ, પરંતુ મુખ્ય વાત તો ઓશનોગ્રાફી (Oceanography) જે કંઈ પૂરાં પાડી શકે એ પ્રમાણોનો જ આધાર લેવો પડે એમ છે. દાખલા તરીકે ભરૂકચ્છ(ભરૂચ)-નું પત્તન લઇએ તો જૂના સાહિત્યમાંથી જેટલી પ્રમાણિત માહિતી મળે છે તેના કરતાં પણ 'ઓશનોગ્રાફી'થી વધારે માહિતી મળી શકે એમ છે. એ ભરૂકચ્છનું ઉદાહરણ લઇને નીચે જે કહ્યું છે, તે ત્યાર બાદ ગણાવેલાં પ્રાચીન ભારતનાં ફૂડીબંધ બંદરોને પણ સર્વાંશે લાગુ પડે છે.

૪૫

અતિપ્રાચીન કાળમાં પંજાબની પાંચ નદીઓ સિંધુનદને મળતી હતી, અને સિંધુ સરસ્વતીને મળતી હતી. એ વાત કાવ્ય રૂપે જણાવતાં ઋગ્વેદમાં (૭-૯૫-૨) ગાયું છે કે 'એકા ચૈતત્ સરસ્વતી નદીનામ્ શુચિર્યતી ગિરિભ્ય આસમુદ્રાત્'. (સર્વ નદીઓમાં એક સરસ્વતી જ શુચિત્વને પામી છે, કેમ કે એ ગિરિઓમાંથી નીકળી સમુદ્રને મળી છે.)

આ મહાનદ સરસ્વતી જ્યાં સાગરને મળતી હતી ત્યાં એનાં અનેક મુખોમાંના બે જબ્બર પ્રવાહ તે આજના ખંભાતના અને કચ્છના અખાત બન્યા છે. તે કાળે એ બંને પ્રવાહો સૌરાષ્ટ્રની પૂર્વે એક બની રહ્યા હતા અને સૌરાષ્ટ્ર પોતે ટાપુ હતો. એની ઉપરના પ્રવાહે ઉત્તરમાં અને નીચેના પ્રવાહે દક્ષિણ-પૂર્વમાં જબ્બર ખારભૂમિ 'કચ્છ' વિસ્તરાવી હતી. 'ખાર'ને સંસ્કૃતમાં કચ્છ કહે છે. આ બે કચ્છમાંથી એકનું નામ ભરૂ રાજાના નામ ઉપરથી ભરૂકચ્છ પડયું, જ્યારે બીજો ખાર હજુ પ્રાચીન કચ્છ નામ સાચવી રહ્યો છે.

જમણી બાજુ : જગન્નાથપુરીના મંદિર પરના 'શાહી બજરા'ના શિલ્પનું આ રેખાંકન 'યુક્તિ-કલ્પતરુ' ગ્રંથમાં દર્શાવેલાં 'મધ્ય મંદિર' પ્રકારના નાવનું છે (મધ્યમાંના બેઠકમંડપ જુઓ).



અને માહિતીસભર અભ્યસનીય લેખમાળા

હકીકત આમ હોવાથી સરસ્વતીનો ઉપલો પ્રવાહ પશ્ચિમ મુખો વહેતાં જમણી બાજુ કાંપ ઠાલવતો હતો અને નીચલો પ્રવાહ ડાબી બાજુ કાંપ ઠાલવતો હતો એ વાત 'ઓશનોગ્રાફી'થી પ્રમાણિત ઠરે છે. ઉપલો કચ્છ પોતે પણ ટાપુ હતો અને સરસ્વતી તેમજ સાગરના ઉત્તર તરફના સંગમનાં પાણી કચ્છની આસપાસ એક ભારે વિશાળ બાર બનાવી રહ્યાં હતાં જે પાછળથી કચ્છના રણને સ્વરૂપે ભરાઈ ગયાં.

આ સંજોગોમાં બહુ પ્રાચીન કાળે ભરૂકચ્છની પાળે મોટો અખાત ગાજતો હોવો જોઈએ; એ જ રીતે આજનું તુણા બંદર એ કાળે ભારે સમુદ્રપત્તન હોવું જોઈએ; જો કે એનું સ્થાન આજ કરતાં ઘણું અંદર એટલે લગભગ ઠેઠ અંજાર પાસે હોવાનો સંભવ છે; મુન્દ્રા બંદર આજના કાંઠા પાસે નહિ પરંતુ આજના 'ગઢ'ની પણ આગળ હોવું જોઈએ; કોટેશ્વર તો ભરૂકચ્છ જેટલું નામીચું બંદર હોવું જોઈએ વગેરે અનુમાનો સાગર-પ્રમાણિત હોવાથી પેરિપ્લસમાં નિર્દેશેલા બર્બરિકોન બંદર માટેની શોધ પરત્વે નવી દિશાનું સૂચન થાય છે.

૪૬

જેને લગભગ પ્રાગૈતિહાસિક કાળ કહીએ ત્યારથી ભારતની પૂર્વ અને પશ્ચિમ કંઠાર ઉપર થોડાંક પણ ધીખતાં બંદરો હતાં ને એને માટે તે કાળે ધીખતી સાગરખેડ હતી એ પૂર્વે બતાવાઈ ગયું છે. એ બંદરો ક્યાં હશે અને કયે સ્થળે હશે એ વિષે અનુમાન ઉપર આધાર રાખવો પડે છે, પરંતુ એ અનુમાનો પણ સાવ આધાર વિનાનાં નથી. પ્રાગૈતિહાસિક કાળ એટલે ઈસૂ પૂર્વેની વીસમી સદીથી માંડી ઈસૂ પૂર્વેની પાચમી કે ચોથી સદી લેખીને એ દોઢેક હજાર વર્ષમાં ભારતીય જ નહિ પણ સમસ્ત 'અપર', 'પૂર્વ' અને 'દક્ષિણ' સમુદ્રનો વેપાર ભારતનાં ક્યાં બંદરોએથી ખેડાતો હશે એનું અનુમાન સહજે થઈ શકે એમ છે, કારણ બંદરો કિનારા ઉપર એવે સ્થળે કુદરતી રીતે ઊઘડે છે જ્યાં પાછળના ભૂભાગમાંથી માલ લઈ આવવાને તથા ત્યાં માલ પહોંચાડવાને જલમાર્ગ અથવા સ્થલમાર્ગ હોય; અને એ પ્રાગ્વૈદિક કાળે પણ સૌથી પ્રથમ સિંધુસંસ્કૃતિના સમયના વેપાર માટે સિંધુ મુખ પાસે અને તેનાથી પણ અગાઉ સરસ્વતીનાં મુખ પાસે એકાદ બે ધીખતાં બંદરો હશે એમ તદ્દન અનાધાર નહિ એવું અનુમાન કરી શકાય છે.

૪૭

ઉપર્યુક્ત બંને 'કચ્છ'નું એકેક બંદર તે એ તરફનાં પ્રાગૈતિહાસિક બંદરો ગણાય, જેમાંનું એક તે આજની સાતેસરી નાળોના માથા પાસે હોવું જોઈએ, અને બીજું મહી તથા નર્મદાના મુખ પાસે હોવું જોઈએ. તે કાળની સરસ્વતીનાં વહેણો કલ્પતાં આ બે સ્થાન બહુ સંભાવિત લાગે છે. આ સ્થાનો દ્રહમીળકો ને પણિઓને સ્વાધીન હશે. તેઓ સરસ્વતીના પટ દ્વારા આર્યસ્થાનનો માલ ઇરાન, બાબુલ, શામ, મિસર ને હબ્બાશમાં તથા એ દેશોનો માલ આર્યસ્થાનમાં પહોંચાડતા હતા.

૪૮

પશ્ચિમ કિનારા ઉપરનાં બીજાં પ્રાગૈતિહાસિક બંદરો પણ બધાં દ્રહમીળકો ને પણિઓને સ્વાધીન હશે, એટલું જ નહિ પરંતુ આજના વલસાડથી આરંભીને ઠેઠ કન્યાકુમારી સુધીના કંઠાર ઉપર કદાચ ચાર-પાંચ બંદરો હશે, જેમાંનું એક દંડકારણ્યનાં કપાએલાં સાગવાન, ઉપર્યુક્ત વેરાન નિર્વૃક્ષ દેશોને પહોંચાડતું હશે; અને બીજું પાછળથી 'લાટ' કહેવાએલા આજના ગુજરાત દેશમાં હશે. બનવા જોગ છે કે એ પ્રાગૈતિહાસિક બંદરનું સ્થાન આજના સોપારા (શૂર્પારક) પાસે હશે, જ્યાંથી યે સાગવાનની જંબ્બર નિકાસ હશે. બીજું બંદર કદાચ આજના ગોવા પાસે હશે અને ત્યાંથી તેમજ કારવાર તથા મલબારના કિનારા ઉપરથી ખાસ તો સાગ ને કાથા ઉપરાંત મરી-મસાલા-તેજાના ચડતા હશે. મલબારનું બંદર તે ઈસૂની પહેલી-બીજી સદીમાં પ્રસિદ્ધ થએલું 'મુઝિર' બંદર અથવા એની નિકટનું કોઇ સ્થળ હશે.

પૂરવ સાગરમાં તામ્રલિપ્તિ (તામલુક), દંતપુર (પલૂર), અમરાવતી (વિજયવાડા) અને અરિકમેડુ કે કાવેરીપત્તનમ્ અથવા એની નિકટનાં સ્થળો પણ પ્રાગૈતિહાસિક 'પત્તનો' હશે. મૅગેસ્થનિસ ઈસૂ પૂર્વેની ત્રીજી સદીમાં તપ્રોબેન, (તામ્રપર્ણ દ્વીપ, જે પાછળથી સિંહલ કહેવાયો તે)નો નિર્દેશ કરે છે, ને ચીની લેખક પાન કૂ (આશરે ઈસ્વી પહેલી સદી) બસો વર્ષ પહેલાં કાંચી બંદર સાથેના ચીનના વેપારની વાત કરે છે. એ કાંચી બંદર તે આજના મદ્રાસની પૂર્વે આવેલું કાંજીવરમ્ જે એક કાળે સમુદ્રથી 'પોતપાદ' પત્તન રૂપે ગાજતું હતું. આવા એક બે બીજા કંઈક સંદિગ્ધ અપવાદો બાદ કરતાં પેરિપ્લસનો લખનાર 'યવન' સાંયાત્રિક (ઈસૂ પહેલી સદી) નીચેનાં બંદરો ગણાવે છે:

૪૯

બર્બરિકોન (ડહ્રા, લારી કે જખૌ પાસે), બારાકા (દ્વારિકા પાસે), બેરીગાઝા (ભરૂચ), સોપારા (મુંબાઇ પાસે), કલ્યાણ (મુંબાઇ પાસે), સેમિલ્લા (રેવદંડા–ચમ્પાવતી–ચૌલ), મન્દગોરા (મન્ડનગઢ? બાનકોટ?), પલીપત્મી (દાભોળ), મેલિઝિગડ (રાજાપુર? મુસાકાઝી? જૈતાપુર?), બાઇઝેન્ટિયમ્ (વિજયદુર્ગ), તોગરમ્ (દેવગઢ), અવરણ્ણો બસ (માલવણ); પછી સેસેક્રિની દ્વીપ(વેંગુરલા ખડકો), ઇગીડાઇ દ્વીપ(ગોપપત્તન–ગોવા), કરસોનસસ(કારવાર), (અને અહીં ચાંચિયાઓ રહે છે,; આ પછી નવરા (કન્નૂર) અને તિન્ડીસ (પોન્નાની) તે તમીળ દેશનાં અવ્વલ દરજ્જાનાં વેપારી પત્તનો છે. ઉપરાંત મ્યુઝિરિસ (ક્રાંગાનૂર) અને નેલકિન્દા (કોટ્ટયમ્ પાસે,—સંભવ છે કે કોચીં અને અલપીની વચ્ચે અષ્ટમુડિના હવે પુરાએલા એક મુખ ઉપર), બાકારે (પોરકડ), પહલિયા(દક્ષિણ મલબાર કાંઠો), બાલિતા વરકલૈ કુમારી(કન્યાકુમારી), કોલચી (કોળકૈ), અગૈરુ (ઊરયૂર), કમર (કાવેરી પું પત્તિનમ્), પોડુશ (પોન્ડીચેરી?), સોપત્મ (સોપત્તિનમ્), પાલી સીમન્ડુ (સિંહલ) તથા મસાલમા (મસુલીપત્તમ્).

(ચાલુ)

કલાયાત્રી

દિનેશચન્દ્ર ફકીરચંદ શાહ

એમની જ કૃતિમાં ઉતારનાર

પ્રદ્યુમ્ન તન્ના

'**ના**રણ, દોસ્ત ! આટલું સુધારી આપને !' 'હં...તે બધાયને મારે સુધારી આપવાનું, કેમ ? કરને તારી મેળે ! હું કાંઇ બધા હારૂ નવરો નથી બેઠો !'

ને તે દિ'ની મનમાં ગાંઠ વાળી કે હવે તો જેવું આવડે એવું, પણ બધું જાતે જ કરવું. સાતેક વર્ષનો હોઈશ હું ત્યારે. સરખેજની ગુજરાતી શાળામાં ભણું. ચિત્રકલાના વર્ગમાં છાપામાંથી એકાદ ફોટો કે રેખાંકન માસ્તર પાટિયા પર ચોડી આપે એની નકલ કરવાની. અમારા બધામાં આ નારણ પટેલ ચિત્રકામ-માં હોશિયાર.

સાતમી ગુજરાતી સુધી સરખેજ ભણી ૧૯૩૯માં વધુ અભ્યાસ માટે અમદાવાદ ગયો. ત્યાં એક છાત્રાલયમાં રહેતો. એક વર્ષમાં ત્રણ અંગ્રેજી અને વી.એફ. (વર્નાક્યુલર ફાઇનલ)ની પરીક્ષાઓ પાસ કરી. છાત્રાલયમાં એક નિયમ કે સરકાર-માન્ય શાળામાં જ ભણવું. હું અ-ભ્યાસ કરતો એ શાળા(ઠાકર્સ હાઇસ્કૂલ)માં ચિત્રકામ સારું શીખવાતું; પણ તે સરકાર-માન્ય નહિ, તેથી છાત્રાલય છોડી સરખેજ આવવું પડ્યું. સ્વાશ્રયી થવાના પહેલા પાઠો આ છાત્રાલયમાં શીખ્યો. સવારે વહેલા ઊઠી





આબુ પરનાં દેલવાડાનાં મંદિરો (સ્કેચ : દિનેશ શાહ)

કસરત કરવી, કપડાં ધોવાં, વાસણો માંજવાં, બિછાનાં કરવાં,-બધું ત્યાં જાતે કરતો થઇ ગયો.

પછી સરખેજથી રોજ અમદાવાદ ભણવા જતો. મારાં બા કે દાદાને હું રોજ આટલે આઘે જાઉં એ ગમતું નહિ. દાદા તો કહેતા,-'નરે-ણીથી તો નખ કપાય, કાંઇ માથું ના વઢાય ! આવડા નાના છોકરા પર ભણતરનો કેટલો બધો બોજો !'-તોય હું તો અમદાવાદ ભણવા જતો. ૧૯૪૨માં પાંચમી અંગ્રેજીમાં આવ્યો. એ વર્ષે ચિત્રકલાની એલિમેન્ટરી ગ્રેઇડની સર-કારી પરીક્ષા પાસ કરી. શાળાના ચિત્રશિક્ષક સ્વ. અંબાલાલ પટેલને મારા પર ઘણો જ ભાવ. ખૂબ મમતાથી બધું શીખવે.

૧૯૪૨ની ૭મી ઑગસ્ટે અમદાવાદની વા-ડીલાલ ઑસ્પિટલના ચૉગાનમાં સરદાર પટે-લનું ભાષણ સાંભળી (માસ્તરે ના પાડેલી છતાં ત્યાં ગએલા) ભણતર છોડ્યું અને લડતમાં ઝંપલાવ્યું. (કોણ જાણે કેમ પણ પ્રતિવર્ષે એ જ દિવસે હજી યે લોહી ઊકળેલું રહે છે !)

રોજ રાત્રે ભીંતેભીંતે 'અંગ્રેજો હિંદ છોડો' 'ગુલામીનું ભણતર નથી ભણવું' એવાં સૂત્રો ને પોસ્ટરો ચીતરતો. એક દિવસ મને પકડવાનું વૉરંટ પણ નીકળેલું. બે ચાર દિવસ એક મિત્રને ઘેર ભરાઈ રહેલો.

ઇચ્છા તો ભણીને ડૉક્ટર થવાની હતી; પરંતુ એક કાળે 'એરંડા બજારના રાજા' ગણાતા પિતાજીએ સટ્ટા બજારમાં બધું ગુમાવી બેસ-વાથી કથળેલી ઘરની આર્થિક પરિસ્થિતિમાં કંઈક સહાયરૂપ થઇ શકું એ વિચારે હવે ('૪૨ની ચળવળમાં ભણતર છોડ્યા પછી વરસે દા'ડે) અમદાવાદની મસ્કતી કાપડબજારમાં નોકરી કરવા માંડી. મહેનતાણામાં વાર્ષિક ૫૧ રૂપિયા કમાતો ! વરસ પૂરું થયે એક મારવાડી પેઢીમાં મહિને પચ્ચીસના પગારે નોકરી મળી, જેમાં પગાર તો પાંચનો જ—વીસ રૂપિયા તો મોંઘ-વારી ભથ્થાના ! પરચૂરણ બધું કામ કરવાનું: કાપડના તાકા લઈ જવા-લાવવાના વગેરે. એ વરસે ખાનગી અભ્યાસ કરીને ઈન્ટરમીડિ-યેટ ગ્રેઈડની ચિત્ર-પરીક્ષા પાસ કરી.

હું એક ખિસ્સા-ડાયરી રાખતો જેમાં ફુર-સદને વખતે બજારનાં રેખાંકનો કરતો. એક વેળા તાકાની વચ્ચેના એક જાડા પૂઠાં પર શેઠ-નો સ્કેચ કર્યો. શેઠ જોઇને ખુશ થયા, પણ પછી મુનીમને કહેતા સંભળાયા : 'છોકરો હોશિ-યાર છે! પણ એનાથી ચેતતા રહેવું-ક્યારેક ચેક પર આપણા જેવી સહી કરી ના જાય !'

૧૯૪૫માં આગળ અભ્યાસના ખયાલે મુંબાઈ ગયો. અમદાવાદની જ એક જાહેરાત-કંપનીની મુંબાઈ શાખામાં કામ કરવા માંડ્યું. સવાર-સાંજ ઑફિસમાં કામ કરું ને બાકીનો આખો દિવસ સર જે.જે. કલાશાળામાં ભણું. રાત્રે ઑફિસમાં જ સૂઈ રહેતો. દોઢેક વર્ષ પછી એ નોકરી છોડી. હવે ખરી મુશ્કેલીની શરૂઆત થઈ. મહામહેનતે એક મિત્રના બને-વીની કૉટન એક્સ્ચેન્જ પરની પેઢીમાં સૂવાની ગોઠવણ થઈ. આખો દિવસ કલાશાળામાં જ કાઢતો. પૈસાની પણ ખૂબ ખેંચ રહેતી, પણ આ બધી મુશ્કેલીમાં મારા નાના ભાઇએ એનાથી બનતી આર્થિક સહાય કરી મારો ભણવાનો ઉત્સાહ જારી રાખેલો. પછી થોડે વખતે એક મિત્રની સાથે ભાગીદારીમાં વાલકે-શ્વર સીરીરોડની ગલીમાં એક ઓરડી લીધી;





વિનોબાજીની કેરળયાત્રા દરમ્યાન કરેલાં શોભનશૈલીની છાંટવાળાં બે ચિત્રો : પહેલા-માં એક સમારંભ-સમયના મંડપના પ્રવેશદ્વારનું નિરૂપણ છે; બીજામાં નાળીએરી ને સોપારીનાં વન ધરાવતી લીલીછુંમ કેરળભૂમિમાં કરેલી પદયાત્રાનું આલેખન.

પણ થોડા વખતમાં જ એ પરણ્યો અને ફરી સૂવાની રામાયણ ઊભી થઈ, એટલે બાજુના મંદિરમાં સૂવા જતો; પણ ત્યાં રોજ રાત્રે મોડે સુધી ભજન થતાં, એ ધમાલમાં ઊંઘ ક્યાંથી આવે? એટલે બેઠોબેઠો ભજનિકોના સ્કેચો કરું. એ વરસે રજામાં સરખેજ ગયો. પાછો આવ્યો ત્યારે ખબર પડી કે પેલો મિત્ર તો રૂમ બીજાના નામે ચડાવી દઈ ક્યાંક જતો રહેલો! પછી તો મંદિરમાં જ સૂઈ રહેતો.

એક દિવસ પિતાજીના એ જૂના સ્નેહી શ્રી માણેકલાલ અમુલખરાય મહેતા(ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ)ને મારી આ બધી ખબર પડી, ને પોતાને ઘેર લઈ ગયા. ઠીક ઠીક ધમકાવ્યો. કહે, 'અમને જણાવાય નહિ? હવે અમારી ભેગો જ રહે. ને જો એકલા રહેવું હોય તો મારી ઑફિસની એક રૂમ કાઢી આપું.' આમ ઘણે વખતે, અને ઘણા તપ પછી, એક સ્થાયી રહેઠાણ મળ્યું! હવે અભ્યાસ માટે પણ સમય મળવા લાગ્યો. ખૂબ મહેનત કરી શાળાનાં ઘણાં ઇનામો અને સરકારી શિષ્યવૃત્તિઓ મેળવી. ખરું કહું તો એ શિષ્યવૃત્તિઓની સહાય વડે જ હું ભણી શક્યો.

૧૯૫૧માં ડિપ્લોમા લીધા પછી દોઢ વર્ષ શાળામાં ફેલોશિપ કરી. સાથે સાથે મ્યૂરલ ડેકોરેશનનો (ભીંતચિત્રો કરવાનો) પણ અભ્યાસ કર્યો. એ જ વરસે મુંબાઈના મારવાડી ચેમ્બર્સમાં નિજી ચિત્રોનું પહેલું વ્યક્તિગત પ્રદર્શન ભર્યું. ડૉ. વ્યાસે એની સારી નોંધ લીધેલી. ૧૯૫૨માં હસ્તકામનો એક અભ્યાસ-ક્રમ કરી ડિપ્લોમા લીધો.

૧૯૫૩-૫૪માં ન્યૂ ઈરા સ્કૂલમાં પ્રાયોગિક ચિત્રકલાવિભાગના વડા તરીકે જોડાયો. સાથે-સાથે જે. જે. કલાશાળામાં શિલ્પના સવારના વર્ગોમાં એક વરસનો અભ્યાસ કર્યો. ૧૯૫૬થી મુખ્ય ચિત્રપ્રદર્શનોમાં ભાગ લેવો શરૂ કર્યો.

'૫૭માં બીજા મુંબાઈ-રાજ્ય-ચિત્રપ્રદર્શનમાં ભારતીય શૈલીના એક ચિત્ર માટે રૂા. ૫૦૦નું ઇનામ મળ્યું. '૫૮માં 'સરખેજની બજાર' એ દૃશ્યચિત્ર માટે રૂા. ૧૦૦૦નું ઇનામ મળ્યું. એ જ વરસે કાપડ પર જાવા-પદ્ધતિના 'બાતીક' છાપકામ માટે પણ રૂ. ૪૦૦નું ઇનામ મળેલું.





'કુમાર'થી બેવડા કદના આસમાની કાર્ડ પર કરેલાં આ બે ચિત્રો પૈકી બકરાનું માથું એ કલાકારની નિરીક્ષણ શક્તિ અને આલેખન-સામર્થ્યનું દ્યોતક છે. છેડે : 'છૂટેલું ગાડું'.








હમણા આ વર્ષે દિલ્હીના 'ઑલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટસ્ સોસાએટી'માંથી 'પેસ્ટલ' (રંગીન ક્રેયોન-પેન્સિલ વડે કરેલા) કામ માટે રૂ. ૧૫૦)નું પણ એક ઈનામ મળ્યું છે.

આ ઉપરાંત લલિતકલા અકાદમીની સોંપણીથી કલાકાર શ્રી જગન્નાથ અહિવાસી ’૫૭-માં બાદામી ગુફાઓ અને ’૫૮માં શીતળ-નિવાસન–સીતાન્નવાસન(પુદુકુટ્ટા રાજ્ય, તાંજોર)ની ગુફાઓનાં ભીંતચિત્રોની નકલ કરવા ગએલા તેમને સહાય કરવા સાથે ગએલો.

ભાઈ દિનેશ શાહે વાસ્તવદર્શી નિરૂપણો, શોભનશૈલીનાં ચિત્રો ને ત્વરિત આલેખનો(સ્કેચ) ઉપરાંત શિલ્પ-રચના પર પણ હાથ અજમાવ્યો છે. તે દર્શાવતી બે વિશિષ્ટ શિલ્પ કૃતિઓ નીચે આપી છે: એક છે રૂની પૂણીઓ સ્વરૂપી, અને બીજી છે ધાતુના તારની કૃતિ.








ગ્રામવાસી તરુણો : એક ત્વરિતાલેખન




દિનેશ શાહનાં રેખાંકનો

છ પૃષ્ઠની આ કલાપૂર્તિમાં આપેલાં શ્રી દિનેશ શાહનાં રેખાંકનો એમની આલેખનશક્તિનો પરિચય આપવા ઉપરાંત આપણા પ્રાચીન કલાવારસાની અવશેષ-સામગ્રી તરીકે પણ સંગ્રહ કરવા યોગ્ય છે. આની પાછળનાં ત્રણ પૃષ્ઠના પટવિસ્તાર પર, તેમણે આબુનાં શિલ્પખચિત મંદિરોની મૂર્તિઓના માત્ર લલિત હસ્તવિન્યાસમાંજ જે વિપુલ વૈવિધ્ય વિલસી રહ્યું છે તેમાંની થોડીક લીલાઓ ઉતારેલી તે પૈકીની ચુનંદી આકૃતિઓ આપી છે. અંદરના તેમજ પાછલા છેલ્લા પૃષ્ઠ ઉપર, કલાકાર જગન્નાથ અહિવાસીના સાથમાં તેમણે બાદામીની ગુફાઓની કલાયાત્રા કરી ત્યારે કરેલાં ત્યાંનાં શિલ્પોનાં રેખાંકનો પૈકી થોડાં ઉતાર્યાં છે. એ સર્વ ચિત્રકલાના વિદ્યાર્થીને પણ પ્રેરક ને અભ્યસનીય સામગ્રી આપી રહેશે.









ગ્રામવાસી તરુણો : એક ત્વરિતાલેખન



દિનેશ શાહનાં રેખાંકનો

છ પૃષ્ઠની આ કલાપૂર્તિમાં આપેલાં શ્રી દિનેશ શાહનાં રેખાંકનો એમની આલેખનશક્તિનો પરિચય આપવા ઉપરાંત આપણા પ્રાચીન કલાવારસાની અવશેષ-સામગ્રી તરીકે પણ સંગ્રહ કરવા યોગ્ય છે. આની પાછળનાં ત્રણ પૃષ્ઠના પટવિસ્તાર પર, તેમણે આબુનાં શિલ્પખચિત મંદિરોની મૂર્તિઓના માત્ર લલિત હસ્તવિન્યાસમાંજ જે વિપુલ વૈવિધ્ય વિલસી રહ્યું છે તેમાંની થોડીક લીલાઓ ઉતારેલી તે પૈકીની ચુનંદી આકૃતિઓ આપી છે. અંદરના તેમજ પાછલા ઉલ્લા પૃષ્ઠ ઉપર, કલાકાર જગન્નાથ અહિવાસીના સાથમાં તેમણે બાદામીની ગુફાઓની કલાયાત્રા કરી ત્યારે કરેલાં ત્યાંનાં શિલ્પોનાં રેખાંકનો પૈકી થોડાં ઉતાર્યાં છે. એ સર્વ ચિત્રકલાના વિદ્યાર્થીને પણ પ્રેરક ને અભ્યસનીય સામગ્રી આપી રહેશે.



મથાળે આપેલી હંસોની વિવિધ ભંગિઓ, વચ્ચેનો નંદી તથા નીચેના યાળી અને હાથીની આકૃતિઓ, આપણા પ્રાચીન કલાકારોનું પ્રાણીનિરૂપણનું સામર્થ્ય દર્શાવે છે. જમણી બાજુ વચ્ચે ત્રિવિક્રમમૂર્તિના શિલ્પનું રેખાંકન; તેની નીચે બે બાલકોની મૂર્તિઓ વડે રચેલું ચાર બાલકોનું સંયોજનાશિલ્પ



નિજી તસ્વીર (દિનેશ શાહ)



વીણાધારિણી; નીચે–ઢીંગલી



ગ્રાફિક આર્ટ : મુદ્રણક્ષમ કલા •

આ અંકના પૃઠા પરના ચિત્ર 'હવા અને પાણી'ને અનુલક્ષીને

કલાકારની કૃતિ પરથી જેમાં અનેક છાપો કલાકાર જાતે (અગર અન્ય કોઇ) ઉતારી શકે, અને એ રીતે તેની કલાકૃતિનો સ્વયં નમૂનો આપણને મળી શકે, એવા કલાપ્રકારને અંગ્રેજીમાં 'ગ્રાફિક આર્ટ' કહે છે. વૂડકટ કે લિનોકટ (લાકડા યા લીનોલિયમના કટકા પર કલાકારે કોતરેલી કૃતિઓ), લીથોગ્રાફ (લીસા પથ્થર ઉપર તેલિયા શાહી તથા રંગો વડે ખુદ કલાકારે સ્વહસ્તે આલેખેલાં ચિત્રો), અેચિંગ કે એન્ગ્રેવિંગ (જસત કે ત્રાંબાના પતરા પર તીક્ષ્ણ ઓજાર વડે કલાકારે બારીક અંકનો દ્વારા કૌશલપૂર્વક કોરેલી કૃતિઓ–જેમાં 'અેક્વાટિન્ટ', 'ડ્રાઇ પૉઈન્ટ' વગેરે વિવિધ પ્રકારો છે) આ બધી 'ગ્રાફિક આર્ટ'ની પદ્ધતિઓ છે. એમા કલાકારની કૃતિ ઉપર કાગળ દબાવીને તેની અનેક છાપો ઉતારી શકાય માટે તેને 'મુદ્રણક્ષમ' કલા કહી છે. 'કુમાર'ના વાચકો આ બધા પ્રકારોથી સારી પેઠે પરિચિત છે.

શરૂશરૂમાં તો આ પ્રકાર પ્રબોધચિત્રો માટે તેમજ કોઈ પ્રસંગાલેખન કે ગ્રંથો વગેરેમાં કથાલેખન અને સુશોભનો માટે વપરાતો, અને તેમાં તેણે અદ્‌ભુત પરિપૂર્ણતા સાધી છે; પણ મુદ્રણકલામાં વિજ્ઞાનના પ્રવેશ પછી છબિકલા ને રાસાયણિક સાધનો વડે સંખ્યાબંધ ગ્રંથચિત્રો યાંત્રિકરીતે ઉતારવાનું સુગમ થતા આ કલાપ્રકારનો અંશતઃ ગ્રાસ થયો. પણ એક રીતે આ ગ્રહણ આશીર્વાદ રૂપ નીવડ્યું અને આ સદીના શરૂઆતથી તેનું એક સુભગ નવનિર્માણ થયું.

છેલ્લાં પચાસ વર્ષમાં ચિત્ર અને શિલ્પકલાનાં ક્ષેત્રોમાં આવિષ્કાર પામેલી અભિનવ શૈલીઓથી તો તેને આવેગ મળ્યો જ; પણ સાથેસાથે પોતાનું અસ્તિત્વ નાબૂદ થઈ જવાનો જે ભય તેની સામે હતો તેની ચાનકને પરિણામે પોતાની આગવી શક્તિઓને કામે લગાડીને સર્જનનો એક નવો જ પ્રદેશ નિર્માણ કરવાની તેને સૂઝ આવી.


ચાહે તેટલા સંપૂર્ણ વૈજ્ઞાનિક કૌશલથી ઉતારેલી ગ્રામોફોન રેકર્ડ પણ આપણને આપણા મૂળ સંગીતની સજીવતાનો આનંદ જેમ નથી આપી શકતી, તેમ વૈજ્ઞાનિક મુદ્રણ-પદ્ધતિથી ઉતારેલી છાપની મુલાયમતામાંથી આપણને કલાકારની કાષ્ઠકોતરણીમાં કે ધાતુપટ પર ચાલેલી સોયની છાપમાં જે બરછટ સજીવતાનો સંસ્પર્શ હોય છે તેનું આનંદ-માધુર્ય મળતું નથી.

ગ્રંથચિત્રણા અને કથાલેખનનું ક્ષેત્ર વૈજ્ઞાનિક મુદ્રણકલાએ લઈ લીધું એટલે એ ભારમાંથી જાણે મુક્ત થઈ હોય તેમ આ કલા આજે નવસર્જનના ક્ષેત્રમાં પ્રસન્નપણે વિહરવા લાગી છે. તેના વિષય નિરૂપણ અને ઘાટરૂપમાં પણ ફેરફાર થઈ ગયા છે. સોયની તીક્ષ્ણતાથી કોરેલાં જે બારીક એન્ગ્રેવિંગની કલા અને કૌશલનો સાચો આસ્વાદ એક કાળે મૅગ્નીફાઇંગ ગ્લાસ (બહુદર્શી કાચ) દ્વારા જ માણી શકાતો અને કલા-સંગ્રાહકો જેનું બહુમૂલ્ય રત્નો પેઠે જતન કરતા રહ્યા છે, તેનાં સ્થાન હવે મોકળે હાથે કરેલી ઉઠાવદાર છાપો લેવા લાગી છે, અને ચિત્રસંપુટોમાં પુરાઈ રહેવાને બદલે તે હવે કલારસિક સમાજના ઘરની ભીંતો પર શોભવા લાગી છે.

વળી આજ સુધી આ કળામાં માત્ર કાળી (કે બહુબહુ તો તપખીરિયા) શાહીની છાપને અવકાશ હતો, તેને બદલે હવે તેમા જાપાનની પેઠે રંગનું આયોજન થવા લાગ્યું છે, ને છ-છ રંગના લીથોગ્રાફ તથા વૂડકટ લોકપ્રિય થવા લાગ્યા છે. આ ઉપરાત્ મુદ્રણક્ષમ કલા-પ્રકારોની મિશ્રિત કૃતિઓ પણ સર્જાવા લાગી છે : જેમકે લીથોગ્રાફની સાથે અેચિંગના કસબ પણ યોજાયો હોય એવી સંમિશ્ર પદ્ધતિની કૃતિઓ.

સાથેસાથ વિષય-નિરૂપણમાં પણ નોંધપાત્ર પલટો આવ્યો છે. માત્ર પ્રસંગાલેખનની જ જે મર્યાદા હતી તે છૂટી ગઈ, એટલે આ કલા પોતાની રીતે પોતાનાં સાધનો(લાકડા, પથ્થર કે ધાતુપત્ર)ના ક્ષેત્રની સર્વ શક્યતાઓમાં વિહરતી પોતાની નિજી અભિવ્યક્તિ કરવા લાગી. કથાનક બાજુએ રહેવા લાગ્યું અને 'શું' કહેવાનું છે તે છોડી દઇને 'કઈ રીતે' કહેવું છે તેને પ્રાધાન્ય મળવા લાગ્યું. 'પ્રસંગ'ને બદલે 'પ્રકાર'નું મહત્ત્વ હવે વધ્યું છે. પરિણામે, આજની કલાકૃતિઓમાં કોઈ પણ વિષયનો બોધ નહિ પણ કેવળ રંગ, રેખા ને પટ-પલટાની રમણા હોય છે.

રસ્કિને કહ્યું છે કે આ પ્રકારના કલાકાર–'એન્ગ્રેવર'નો ઉદ્દેશ રમણીય રેખાઓ ને ખાલી ગાળાઓની નયનરંજક ગૂંથણીથી ધાતુપટને રળિયામણો બનાવવાનો હોવો ઘટે'. આ 'ગૂંથણી'-માં 'નયનરંજકતા' ઉપરાંત બીજું પણ 'કશુંક' હોવું જોઈએ, એ રસ્કિને નથી કહ્યું; પણ આજના ઘણા કલાકારોની એવી શ્વેત શ્યામ ગાળાઓની પ્રોજ્જ્વલ રમણાઓ નરી 'ગૂંથણી' ઉપરાંત કેવળ નયનને જ નહિ, હૃદય-મનને પણ રંજન પમાડી રહે એવું કશુંક વ્યક્ત કરી રહે છે. એ પૈકીના હોલંડના કલાકાર એમ. સી. એસ્ચરની કૃતિ આ અંકના પૂઠા પર આપી છે. (પાછળ)



કળાકારોનાં નૂતન વર્ષાભિનંદન પત્રો : મથાળાની હાર, ડાબી બાજુથી–વડોદરા યુનિવર્સિટીના ફાઈન આર્ટ કૉલેજના શ્રી જ્યોતિ ભટ્ટ તરફથી 'મૉડર્ન' શૈલીએ કરેલું રંગીન લુડકટ; અમદાવાદ મ્યૂઝિયમ(સંસ્કારકેન્દ્ર)ના કલાકાર ભાનુભાઈ શાહની એ જ શૈલીની કૃતિ; સર જે. જે. કળાશાળા મુંબાઈના કારુકલા વિભાગના અધ્યક્ષ કલાકાર યજ્ઞેશ્વર શુક્લનું લુડકટ; કઠલાલના શ્રી દીનબંધુએ રંગીન રેખામાં કુમારના નામાક્ષરોથી રચેલી ઢોલીની આકૃતિ. નીચેની હાર : કલાકાર દંપતી દિલીપ બક્ષી–મોહિની બક્ષી તથા જયંત બક્ષી–સ્મિતા બક્ષી તરફથી પરંપરાગત લોકકલાની શૈલીનું મંગલાલેખન; કલાકાર પ્રદ્યુમ્ન તન્નાનું ત્વરિત તૂલિકાલેખન; શ્રી ડી. મિસ્ત્રીનું લીનોકટ 'ગ્રીટિંગ્ઝ' (નીચે : આપણા પ્રાચીન સુશોભનની સ્ટેન્સિલ)

ઈ. ૧૮૯૮માં જન્મેલા ૬૨ વર્ષના આ ડચ કલાકાર હૉલંડની મુદ્રણક્ષમ કલામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમાં યે તાજેતરમાં સર્જાએલી એમની કૃતિઓમાં સર્વગ્રાહી પ્રતીકોનો ઉપયોગ કરીને તે અવ્યક્ત ભાવોનું જે આગવી મૌલિકતાથી નિરૂપણ કરે છે તેણે દુનિયાના સર્વ દેશોમાં ધ્યાન ખેંચ્યું છે. જાણે કોઈ ગણિતી રીતે કર્યાં હોય એવાં એમનાં ચિત્રો વૈજ્ઞાનિક માનસવાળાઓને બહુ અસર કરે છે. છતાં એમની રચનાઓ કેવળ બૌદ્ધિક નથી. એક વાર એમણે કહેલું કે ભૂમિતિના નિયમોમાં રહેલી લયબદ્ધતા સદા મારી પ્રેરક અને માર્ગદર્શક બની છે.



એસ્ચરની કૃતિઓને ઘણા પ્રકારોમાં વહેંચી શકાય. દાખલા તરીકે અમુક કૃતિઓ પુનરાવર્તનના કાયદાઓ રજૂ કરે છે, તો કોઈ વળી ખાલી ગાળાઓના નિયમો પર રચાઈ છે. આ અંકના પૂઠા પરની કૃતિ 'હવા અને પાણી' (જે ૧૯૩૮માં સર્જાએલી તે) પહેલા પ્રકારનું કલ્પનોત્થ નિરૂપણ છે. એમાં હવાના પ્રતીક રૂપ હંસો અને પાણીના પ્રતીક રૂપ માછલાંની આકૃતિઓ એકબીજામાં એટલી સ્વાભાવિકતાથી ભળી જાય છે (દાખલા તરીકે પક્ષીઓની કાળી છાયાકૃતિઓ જ એવી ખૂબીથી સફેદ માછલીઓ વચ્ચેના ખાલી ગાળાઓ બની જાય છે) કે એકનો અંત ને બીજાનો આરંભ ક્યાંથી થાય છે તે જાણવા દીધા વિના સમગ્ર ચિત્ર (હવા અને પાણીની જેમ) એક પ્રવાહી ને લયબદ્ધ સંગીત સમું સોહી રહે છે.

વડોદરા યુનિવર્સિટીની ફાઈન આર્ટ કૉલેજના શ્રી શાન્તિ દવેની 'મૉડર્ન' શૈલીની કલાકૃતિઓનું એક પ્રદર્શન ગઈ તા. ૨૯ ઑક્ટો.થી ૪ નવેમ્બર દરમ્યાન મુંબાઈમાં ભરાયું. છેલ્લાં ચાર વર્ષથી તેમને એ શૈલીની કૃતિઓ માટે પારિતોષિકો તથા ચન્દ્રકો મળતાં રહ્યાં છે: ૧૯૫૬, '૫૭ અને '૫૮માં લલિતકલા અકાદમીનાં પારિતોષિકો; ૧૯૫૭ અને '૫૮માં મુંબાઈ આર્ટ સોસાએટીનાં પારિતોષિકો; ૧૯૫૭ના ફિલિપાઇન્સના અગ્નિ-એશિયા પ્રદર્શનનું પારિતોષિક; ૧૯૫૯નું મુંબાઈ રાજ્યના ચોથા વાર્ષિક પ્રદર્શનનું રૂ. ૧૦૦૦)નું પારિતોષક તથા કલકત્તા ફાઇન આર્ટ અકાદમીનો સુવર્ણચન્દ્રક; અને ભારત સરકાર તરફથી ઈ. ૧૯૫૭ થી ૧૯૫૯ સુધીની બે વર્ષ માટેની શિષ્યવૃત્તિ.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળાનો સમારોપ–૧

માંદગીનાં મૂળ

પ્રાણીમાત્ર માટે જિંદગી યુદ્ધક્ષેત્ર છે. ઝાડનું પાન કે જીવાણુ, કૂતરું કે માનવ, બધાંને જીવતા રહેવા માટે મથવું પડે છે. ઉગ્ર તાપ ને કપરી ઠંડી, પુષ્કળ ભેજ ને આકરો સુકારો વગેરે કુદરતનાં અનુરૂપ કે પ્રતિકૂળ બળોથી પ્રાણીમાત્ર ઘેરાએલાં છે. આ ભૌતિક બળો ઉપરાંત પ્રાણીમાત્રને વેરી પ્રાણીઓથી પણ જીવન રક્ષવાનું છે. આમ માનવે જીવતા રહેવા માટે અસંખ્ય હરીફો સામેની લડાઈમાં ગૂંથાએલા રહી ઘણાં હિંસક પશુઓ પર આધિપત્ય જમાવ્યું છે; છતાં પણ તે હજુ સૂક્ષ્મ જીવાણુઓનો ભોગ તો બને છે. આવાં વિરોધી બળો વચ્ચે પસાર થતી જિંદગીનાં બે પાસાં છે: આરોગ્ય ને માંદગી.

માનવજીવનના ઉષઃકાળથી માંદગી ને ભૂખમરો મનુષ્યને સદા સતાવતાં આવ્યાં છે. જીવનનો હ્રાસ કરનારી આ બંને બાબતો સામે માનવી આદિકાળથી ઝગડતો આવ્યો છે. અનાજના ઉત્પાદનની સાથે માંદગી, પીડા ને યાતના તરફ માનવીને લક્ષ્ય આપવું પડ્યું છે. પહેલી બાબત જીવન ટકાવનારી છે તો બીજી જીવન રક્ષનારી છે.

માણસ રહ્યો બુદ્ધિપ્રધાન તાર્કિક પ્રાણી. તે જિંદગીને સ્પર્શતી બાબતોનો કાર્યકરણ સબંધ શોધ્યા વિના નથી રહ્યો. માંદગીને બહારથી આવી પડેલી એક અવસ્થા તરીકે સ્વીકારતાં પ્રથમ તો એના કારણ રૂપ ભૂતપ્રેતનો વળગાડ, રાક્ષસોનો કોપ, દેવની અવકૃપા કે પૂર્વજન્મનાં પાપથી માંડી પ્રતિકૂળ કુદરતી બળોનું પરિણામ માનવામાં આવ્યું. દેશદેશનાં આગવાં વૈદકશાસ્ત્ર અને ઔષધિવિજ્ઞાન ખીલ્યાં. એમાં પ્રાચીન કાળથી હિંદનું વૈદક ખ્યાતનામ છે. એનું ઔષધિવિજ્ઞાન વિશાળ છે. મહર્ષિ ચરક અને સુશ્રુત આયુર્વેદના મહાન પ્રણેતા થઈ ગયા. એમનો વાત, પિત્ત અને કફનો ત્રિદોષવાદ તથા તેમાં થતા વિકારોથી રોગોની ઉત્પત્તિનો સિદ્ધાંત અદ્યાપિ સર્વમાન્ય છે. रोगस्तु दोषवैषम्यं दोषसाम्यमरोगता ॥ જ્યારે ત્રણે દોષો પ્રકુપિત થાય છે કે તેમની સમતુલા જોખમાય છે ત્યારે રોગ થઈ આવે છે. જ્યારે ત્રણે દોષોનું પ્રમાણ સારી રીતે જળવાય છે ત્યારે આરોગ્ય જળવાય છે.

આયુર્વેદમાં સર્વ રોગોના મૂળમાં પ્રજ્ઞાપરાધ ગણાવ્યો છે.

धी-धृति-स्मृतिविभ्रष्टः कर्म यत्कुरुतेऽशुभम् ।
प्रज्ञापराधं तं विद्यात् सर्वदोषप्रकोपणम् ॥ (चरक शा. १.)

આરોગ્ય માટે કયો આહાર, કયું સ્થળ ને કેવું આચરણ હિતકર ને અહિતકર છે એનું જ્ઞાન હોવું એ ધી છે. હિતકર વસ્તુઓના સેવન અને અહિતકર વસ્તુઓના ત્યાગ માટે જીભ, મન વગેરે ઇંદ્રિયો ઉપર કાબૂ હોવો એ ધૃતિ છે. હિતકર અને અહિતકર બાબતો યાદ રહેવી એ સ્મૃતિ છે. આ ત્રણે બાબતો આરોગ્યના સંરક્ષણ માટે જરૂરી છે. એ ધી, ધૃતિ અને સ્મૃતિ આ ત્રણેને ઓળખાવતી સંજ્ઞા તે 'પ્રજ્ઞા' છે. એ પ્રજ્ઞાને ન અનુસરવી, એનાથી વિપરીત પોતાના હિતઅહિતનું જ્ઞાન ન હોવું અથવા જ્ઞાન હોવા છતાં પ્રસંગ આવ્યે તેની વિસ્મૃતિ થવી અથવા સ્મૃતિ હોવા છતાં હિત-વસ્તુઓના સેવન અને અહિત વસ્તુઓના ત્યાગ માટે જરૂરી સંયમનો અભાવ, એનું નામ 'પ્રજ્ઞાપરાધ' છે. આ પ્રજ્ઞાપરાધ શરીર તથા મનના સર્વ દોષોને પ્રકુપિત કરે છે અને પરિણામે સર્વ રોગોને ઉત્પન્ન કરે છે.

જૂના સમયમાં યુરોપમાં પણ રોગોના કારણ રૂપ રાક્ષસોની રંજાડ અને પ્રેતનો વળગાડ માનવામાં આવતાં હતાં. ત્યાં પણ મંત્રતંત્ર અને ભૂવાજતિનાં પ્રતિગ હતાં. આ માન્યતાઓને જીવાણુવિજ્ઞાને મૂળમાંથી હચમચાવી મૂકી. જીવાણુ-વિજ્ઞાનની શરૂઆત થઈ એક ડચ કાપડિયા લ્યુવેનહો(ઈ. સ. ૧૩૮૭)ના હાથે. એણે સૌ પ્રથમ પાણીમાં સૂક્ષ્મ જીવાણુઓ નિહાળ્યા. આ પછી જીવાણુવિજ્ઞાની પાસ્તરે (ઈ. ૧૮૨૨-૧૮૯૫) રોગજીવાણુઓની અજાણી સૃષ્ટિમાં ડોકિયું કર્યું. અસંખ્ય પ્રયોગોને અંતે તેણે સિદ્ધાંત તારવ્યો કે વાતાવરણમા વસતા જીવાણુઓ ચેપી રોગો આણનારા છે. પાસ્તરની શોધખોળે સદીઓ-જૂના ચેપીરોગોનાં કારણોના અજ્ઞાન-અંધકારનો પડદો હઠાવી દીધો. જૂના જમાનામાં લોકો જે રોગોને અદૃશ્ય ભૂત રાક્ષસ માનતા હતા તેને જીવાણુશાસ્ત્રીઓએ સ્લાઈડ પર પકડી સૂક્ષ્મદર્શક યંત્ર નીચે નીરખી કોકાઈ અને બેસિલાઈ નામે ઓળખાવ્યા. રોગો થવાનો ભેદ કળાયો. ઓગણીસમી સદીના બીજા અરધિયામાં વૈજ્ઞાનિક વૈદકની પ્રગતિ સધાતા રોગો અને એનાં કારણો માટે નવીન દૃષ્ટિ પ્રાપ્ત થઈ. વિકસેલા વિજ્ઞાને માંદગી અને પીડા માટે નવાં મૂલ્યાંકનો રજૂ કર્યાં.

માંદગીના બે મોટા માર્ગો છે: જીવાણુઓથી થતા ચેપી રોગો અને ક્ષીણકારી (Degenrative) રોગો. ચેપી રોગો થવાનું કારણ વિષાણુઓ (Viruses) અને જીવાણુઓ(Bacteria)નો શરીરપ્રવેશ છે. વિષાણુઓ અને જીવાણુઓ હવામાં, પાણીમાં અરે, આપણા ખોરાકમાં, સર્વત્ર છે. આપણી ચામડી ઉપર, પાચનમાર્ગ ને શ્વસનતંત્રની આંતરત્વચા ઉપર પણ તે સતત હાજર હોય છે; છતાં પણ ઘણા લોકોમાં તે નિરુપદ્રવી રહે છે. એ પણ જાણવા જેવું છે કે કેટલાક લોકો રોગોના સહજ ભોગ બને છે તો બીજાઓને રોગ થતા નથી. શરીરની પ્રતિકારશક્તિ(Resistance)થી જીવાણુઓનો શરીરપ્રવેશ થતો નથી યા તો શરીરપ્રવેશ બાદ તેમનો નાશ થાય છે. આ છે કુદરતી રોગમુક્તિ (Immunity). આવી રોગમુક્તિથી થોડીક વ્યક્તિઓને કોઈ પણ રોગ થતા નથી. માણસ ઝંખના કરે એવી કીમતી આ કુદરતી બક્ષિશ છે. આ બક્ષિશ વારસામાં મળે છે, અગર તો સપ્રમાણ ખોરાકથી પ્રાપ્ત થાય છે. કેટલાંક કુટુંબોને ક્ષય, ઍપેન્ડિસાઇટિસ, કૅન્સર, ડાયાબિટિસ ને માનસિક રોગો થઈ આવવાનું વલણ રહે છે, તો બીજાઓને આ રોગો ન થતાં માત્ર ક્ષીણકારી રોગો થાય છે.

પણ જીવાણુઓને જ રોગ થવાનાં એકમાત્ર કારણરૂપ રખે માનવામાં આવે. માનવશરીરનાં રક્ષણબળો તૂટ્યા વિના તો થોડા જ જીવાણુઓ શરીરમાં અડ્ડો જમાવી શકે છે. કામનો બોજો, ખોરાકની અછત, ધૂળ ભરેલી હવા શ્વાસમાં જવી વગેરે કારણોસર માનવીના શરીરની પ્રતિકારશક્તિ ઘટતાં તે ક્ષયનો ભોગ થઈ પડે છે. ક્ષયરોગ થતા અગાઉ તેણે ઘણા વખતથી ક્ષયજીવાણુઓ-મિશ્રિત હવા ફેફસાંમાં પૂરેલી હોય છે કે દૂધ દ્વારા જીવાણુઓને પેટમાં ખડક્યાં હોય છે. પછી જ્યારે તેની તાકાત ઘટે છે ત્યારે એ જીવાણુઓ તેના પર સવાર થાય છે અને ફેફસાંમાં અડ્ડો જમાવી ઉધરસ વાટે બહાર પડી બીજાઓનાં ફેફસામાં પ્રવેશ મેળવે છે. આમ, રોગી ક્ષયના જીવાણુઓનો યજમાન બનવા ઉપરાંત એમના પ્રવાસનું સાધન પણ બને છે.

હૃદય ને ગુરદાના ક્ષીણકારી રોગો થવાનાં કારણોમાં પણ જીવાણુઓના ચેપનો હિસ્સો છે. વળી પેશીઓમાંથી ઝેરી દ્રવ્યો સ્રવવાના કારણે પણ તે થઈ આવે છે. થાઇરૉઇડ, પૅન્ક્રિયાસ, કલેજા અને હોજરીના સ્રાવોની ન્યૂનતાને લીધે મિક્સોડિયા, ડાયાબિટિસ, દુષ્ટ પાંડુ વગેરે રોગો થઈ આવે છે. પેશીઓની રચના ને એમના નિભાવ

માટે જરૂર. વિટામિનો, ક્ષારો, આયોડિન ને ધાતુઓના અભાવને લીધે બીજા રોગો થઈ આવે છે. જ્યારે શરીરને બાંધનારી ચીજો આંતરડાં દ્વારા શરીરને નથી મળતી ત્યારે શરીરની ચેપ સામેની પ્રતિકારશક્તિ ઘટે છે, વિકૃતિ થઈ આવે છે ને ઝેરી દ્રવ્યો સ્રવે છે. ક્ષીણકારી રોગોમાં કૅન્સર મોખરે છે. એ થવાનાં કારણો હજુ સુધી અણજાણ્યાં રહ્યાં છે.

ચેપી રોગો અને બીજા જોખમો વટાવી હેમખેમ રહી જ્યારે વ્યક્તિ પ્રૌઢ વયમાં પ્રવેશે છે ત્યારે શરીરનો ઘસારો, જિંદગીના બોજ અને કાળના વહેણને લીધે શરીરની રચના બદલાવા માંડી એની કામગીરીઓ ધીમી પડે છે. વાળ ધોળા થવા, ચામડીમાં કરચલીઓ પડવી, માથે તાલ પડવી, આ બધાં વૃદ્ધત્વનાં લક્ષણો છે. આંખના નેત્રમણિના ક્ષીણકારી ફેરફારોને લીધે મોતીઓ આવતાં દૃષ્ટિ ઝાંખી થાય છે. કાનના ક્ષીણકારી ફેરફારોને લીધે બહેરાશ આવે છે, જે જિંદગીની એકલતામાં વધારો કરનારી નીવડે છે. સાંધાઓ અક્કડ થતાં હલનચલન મર્યાદિત બને છે. પચાસની આસપાસ મગજના તળ ભાગમાં આવેલી પિચ્યુટરી ગ્રંથિનો સ્રાવ એકાએક બંધ થવાથી બીજી ગ્રંથિઓનો સ્રાવ કમી થતા સ્ત્રીઓમાં ઋતુસમાપ્તિની સ્થિતિ આવે છે. પુરુષોમાં આવા ફેરફાર થોડા અને ધીમા આવે છે. એમનામાં લોહીની નળીઓ, હૃદય, ફેફસાં અને જ્ઞાનતંત્રના વૃદ્ધત્વનાં લક્ષણો છતાં થાય છે.

કૅન્સર, ડાયાબેટિસ, ગુરદાના રોગ, આર્ટેરીઓસ્ક્લેરોસિસ, હૃદયરોગ, લોહીનું ઊંચું દબાણ વગેરે ક્ષીણકારી રોગો છે. વધારે પડતો ખોરાક, અપૂરતો શારીરિક વ્યાયામ ને કામનો બોજો એ આ રોગોને આણનારાં કારણો છે. જીવન દરમિયાન વ્યક્તિમાત્ર ઉશ્કેરાટ, અવાજ ને ચિંતાઓના લીધે ન્યૂરેસ્થેનિયા ને નર્વસ ડીપ્રેશનનો ભોગ બન્યા વિના નથી રહેતી. જોકે આજના સ્વસ્થવૃત્ત(Hygiene)થી જીવન સહીસલામત, સુખી ને લાંબી આયુર્મર્યાદાવાળું બન્યું છે, છતાં રોગો પર હજી કાબૂ નથી આવ્યો. રોગોના પ્રકાર બદલાયા છે. ચેપી રોગોથી થતાં મરણો ઘટ્યાં છે તો ક્ષીણકારી રોગો અંગે થતાં મરણો વધ્યાં છે.

આ ફેરફાર જિંદગી જીવવાની નવી રીતની અસર નીચે થયો હોય એમ સમજાય છે. જ્ઞાનતંતુના અને માનસિક આઘાતોની પરંપરા, ખળભળી ઊઠેલા અવયવોમાંની વિકૃતિઓ તથા હવા ને ખોરાકના ઝેરમાનવી ઉપર અવળી અસર ઉપજાવે છે. ખોરાકમાં પોષક તત્ત્વોની કમીના પણ ધ્યાનપાત્ર છે. કૃત્રિમ ખાતરથી પેદા થએલા અનાજમાં ધરતીના ધાવણનાં તત્ત્વો ક્યાંથી હોઈ શકે? ઘી દૂધ અને તેલ ભેળસેળ વિનાનાં મળે છે ખરાં? આના કારણે આપણે ક્ષીણકારી રોગોના સરલતાથી ભોગ થઈ પડીએ છીએ.

શરીરની રચના અને કામગીરીઓનો બગાડો એટલે રોગ. જેટલી શરીરની કામગીરીઓ છે એટલાં રૂપ રોગ ધારણ કરે છે. રોગો અનેક જાતના છે. મહર્ષિ સુશ્રુતે રોગોની સંખ્યા ૧૧૨૦ની ગણાવી છે (रोगाणां तु सहस्र चच्छतं विंशतिरेवच ॥ सु.ड. ६६:८) જ્યારે વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશનની યાદીમાં ૯૯૯ પ્રકારના રોગોનું વર્ગીકરણ છે. પણ રોગ એ અંગત ઘટના છે. વ્યક્તિની અર્થગ્રાહિતા (Sensitiveness) પ્રમાણે રોગની વેદના અને પીડા વરતાય છે. ફ્લુના રોગચાળા વખતે કેટલાક રોગીઓ માત્ર થોડા તાવ ને બેચેનીના ભોગ બન્યા હતા જ્યારે ઘણા લોકો વધારે તાવ અને શરીરના દુખાવાથી પીડાયા હતા. થોડા તાવવાળાને ચિહ્નોની ન્યૂનતા હોવા છતાંય તેમને રોગ તો થયો જ હતો. માંદગીમાં કોઈ બે વ્યક્તિ સરખી ઊતરતી નથી. એક જ જાતના ચેપી રોગથી પીડાતા બે માણસોમાંથી એક કાં તો વેદનાની બૂમો પાડતો પથારીમાં પડે છે તો બીજાને તે ફક્ત બેચેની જ ઉપજાવે છે. વ્યાધિ અને વેદના સહન કરવાની આ તાકાતના તફાવતનો આધાર મનની સંવેદનાશક્તિની ખિલવણી પર આધારિત છે. શરીરને જીવાણુઓથી રક્ષવાની યોજના વ્યક્તિ-વ્યક્તિએ જુદી પડે છે. કૅન્સર જેવા વ્યાધિમાં શરીર પોતાના સામર્થ્ય અનુસાર તેની સામે ટકી શકે છે. યુવાન સ્ત્રીમાં સ્તનનું કૅન્સર ઝડપી મૃત્યુ આણે છે, જ્યારે વૃદ્ધાવસ્થામાં શરીરની સ્થિતિ અનુસાર તે ઘણું ધીમેથી વધે છે. એટલે રોગ એ આંગિક ઘટના છે. તે વ્યક્તિગત છે. જેટલા રોગીઓ એટલા રોગો છે.

પીડા ને યાતના ઉપરાંત રોગની સામાજિક ને આર્થિક સમસ્યાઓ પણ છે. વ્યક્તિને સમાજમાં હરતાફરતા કોઈ રોગી પાસેથી ચેપ લાગવા સંભવ છે. વધારેપડતો માનસિક કે શારીરિક શ્રમ તેની માંદગીના પૂર્વકારણ રૂપ થઈ પડે છે. વળી તે ચેપી રોગનો ભોગ થઇ પડવાથી બીજાને ચેપ લાગુ પાડનાર તરીકે પણ ભયપ્રદ છે. રોગીને યોગ્ય દવા અને આરામની જરૂર રહે છે. મટ્યા પછી આરામ અને પોષણદાયક ખોરાકની અગત્ય વીસરવાની નથી. જો રોગીની માંદગી લાંબી નીવડે તો તેના માટે બીજી હળવી નોકરીની જોગવાઈ પણ થવી જોઇએ. ઈજાથી હાથપગનાં હાડકાં ભાંગ્યાં હોય તો યોગ્ય સારવાર સાથે અપંગાવસ્થાને અનુકૂળ ધંધા કે નોકરીની સગવડ થવી જોઇએ.

આરોગ્યની રક્ષા કાજે ચોખ્ખા પાણીનો પુરવઠો, ચોખ્ખાં અનાજ દૂધ ને ઘી, મળનો યોગ્ય નિકાલ, ને ચેપી રોગો ઉપર અંકુશ, આટલું કામ નગરોએ દક્ષતાથી ઉપાડવાનું છે. જાતીય રોગો, ક્ષય, માતૃમરણ ને બાળમરણ એ દેશને નબળી પાડનારી બાબતો રૂપે સ્વીકારાઈ છે. બે વિશ્વયુદ્ધો બાદ ઇંગ્લંડમાં નૅશનલ હેલ્થ સર્વિસ અસ્તિત્વમાં આવી છે, જેના લીધે રોગીને મફત તબીબી સારવાર ઉપરાંત ચશ્માં, દાંતનાં ચોકઠાં અને ભણતાં બાળકોને કૉડલિવર ઑઈલ તથા દૂધ વિનામૂલ્યે આપવાની યોજના અમલમાં આવી છે.

દિવસો પર્યંત ચાલતી મુસાફરી હવે રેલવે, મોટર અને એરોપ્લેનથી કલાકોમાં પૂરી થાય છે. દેશદેશો વચ્ચેનું માઇલોનું અંતર હવે સાંકડું બન્યું છે. દેશવિદેશના પ્રદેશો એકબીજા સાથે વાહન-વ્યવહારથી સંકળાએલા છે. પરિણામે પ્લેગનો ચેપી ઉંદર કે મલેરિયાનો મચ્છર સ્ટીમર કે એરોપ્લેન દ્વારા નવા પ્રદેશમાં જઈ રોગ ફેલાવાની સંભાવના રહેલી છે. શહેરોના રોગો પૃથ્વી પરના પછાત ને ઓછા સંસ્કારાએલા ને ઓછી પ્રતિકારશક્તિવાળા લોકોને લાગુ પડવાની શક્યતા છે. એક સ્થળનો રોગચાળો દેશના બીજા વિભાગોમાં પ્રસર્યા વિના રહેતો નથી. એક દેશનો રોગચાળો બીજા દેશોમાં ફેલાયા વિના રહેતો નથી. ૧૯૫૪માં સિંગાપોરમાં શરૂ થએલો ફ્લુ હિંદ ઉપર થઇને ઇંગ્લંડ નહોતો પહોંચી વળ્યો? આમ આરોગ્યને લગતી બાબતો આંતરરાષ્ટ્રીય મહત્ત્વની બનેલી હોવાથી વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશન નામની સંસ્થા અસ્તિત્વમાં આવી છે જે સમસ્ત માનવજાતને પીડતા અને હણતા ભયંકર રોગોની નાબૂદી માટે કટિબદ્ધ થઈ કામ ઉપાડે છે. એના પ્રયાસોને લીધે દુનિયાના મોટા વિસ્તારમાંથી મલેરિયા નેસ્તનાબૂદ થયો છે; પ્લેગ, બળિયા, કૉલેરા, આંખનાં ખીલ, બાળલકવા વગેરે રોગો કાબૂમાં લેવાયા છે અને માનવજાતના મહાન શત્રુ ક્ષયને અંકુશમાં લેવાનાં પગલાં પણ ભરાઈ રહ્યાં છે.

જાણીતું છે કે તબિયત પ્રમાણે આપણો 'મિજાજ' રહે છે. આરોગ્ય દિવસે દિવસે બદલાતું રહે છે. શારીરિક કારણોસર મનની ગ્લાનિ ઉત્પન્ન થાય છે અગર તો મનની સ્થિતિ જ શારીરિક બેચેની આણે છે. શારીરિક અને માનસિક સ્વસ્થતાનો ગાઢ સંબંધ જાણવા સાધારણ શરદીનો દાખલો પૂરતો છે. બીજો દાખલો ચિંતાથી થતા હોજરીના ચાંદાનો છે. બીજા રોગો માટે પણ આ હકીકત સાચી છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

કાર્તક ૧૯૯૧
અંક ૧૩૧

કુમાર

અભ્યાસ અને અનુભવ ઉપરથી લખાવી શરૂ થએલી જંગલવાસી જીવસૃષ્ટિની પરિચયમાળાનો બીજો હપતો હતો 'સાપ' વિષે. લગભગ નિઃશેષ માહિતી આપતા એ લેખમાંથી સચિત્ર પ્રસ્તુત લખાણ અહીં આપીએ.

"મારા ગામથી સ્ટેશન એકાદ માઇલ છેટે છે. એક વખત કામ પ્રસંગે મારે રાતની ગાડીમાં ત્યાં જવાનું થયું. ગાડી અરધી રાતે પહોંચતી હતી. રાત અંધારી; તેમાં યે ચોમાસાના દિવસ, એટલે ઊતરનાર ગણ્યાગાંઠ્યા હતા. એમાંના ઘણાખરા તો ધરમશાળામાં રાત ગાળવા ગયા. બાકી રહ્યા ગામમાં જનારા. તેમાં હું, એક વાણિયો, બે ઠાકરડા ને બીજા બેએક જણ હતા. વાણિયાનો ગુમાસ્તો ફાનસ લઇને શેઠને લેવા આવેલો, એટલે એના અજવાળાના આધારે અમે નીકળ્યા. વરસાદ ઝરમર ઝરમર પડતો હતો, પણ પવન મંદમંદ વાતો હતો તેથી ચાલવાનું મજાનું લાગતું હતું. શેઠ હતા સ્વભાવે બીકણ; તેમાં વળી ઠાકરડાનો સાથ; પાસે થોડો અવેજ પણ ખરો; એટલે એમના ગભરાટનો પાર નહિ. પણ મને ઓળખતો હોવાથી મારી હિંમતે ગામમાં આવવા લલચાયો. આગળ ફાનસ લઇને ગુમાસ્તો, એની પાછળ અને મારી આગળ વાણિયો, મારી પૂંઠે ઠાકરડા, અને છેલ્લા બીજા,—આમ અમે સૌ વાતો કરતા હળવેહળવે ચાલતા હતા. અરધેક રસ્તે સડક વળાંક લે છે ત્યાં એક જીર્ણ દેવાલય આવે છે. એને ફરતી પાપડિયા (હાથિયા) થોરની વાડ છે. ચોમાસામાં અહીં આજુબાજુ ખાડામાં ખૂબ પાણી ભરાય છે. અમે આ સ્થળે આવ્યા કે રસ્તા વચ્ચેથી કંઇક ઊડચું—ઊડતું લાગ્યું. 'માર્યા બાપ રે!' કરતોક ને ફાનસવાળો નાઠો. શેઠે જાણ્યું કે 'લૂંટ્યા!' એટલે મૂઠીઓ વાળીને એ જે દોડ્યો, તે ધબાક લઇને પડ્યો ખાડામાં! ક્ષણભર તો હું યે ગભરાયો; પણ ફાનસના આછા અજવાળામાં છેટેથી, કૂદનારું મોડા દેડકા જેવું લાગેલું; તેથી હિંમત આણી આગળ ચાલું ત્યાં તો પાછળથી ઠાકડાએ મારો હાથ ખેંચ્યો અને બોલ્યો કે 'માસ્તર, મરવું હોય તો આગળ પગ મૂકજો.' હું હસ્યો કે 'થઈ રહ્યું? દરબાર થઇને દેડકાથી ડર્યા?' એણે કહ્યું કે 'દરબારના દાદા યે ડરે. આ તો ખડચીતળો; દેડકું ન્હોય. ભલભલા મદારી પણ એને પકડતાં વિચાર કરે.' આ સાંભળીને હું થથરી ઊઠ્યો.

આ વાતને ૧૫(આજે ૪૦) વરસ થઈ ગયાં છે પણ એ દિવસનો થથરાટ હજુ ય મને યાદ છે. ગુજરાતનો સુપરિચિત ઝેરી સાપ 'નાગ'. એના સપાટામાં હું બેત્રણ વખત આવ્યો છું. તોપણ એના કરતાં ચાર ચંદરવા ચડે એવા ખડચીતળાના એ વન્ય દર્શનની સ્મૃતિથી હજુ પણ મને કંપારી છૂટે છે. એ દહાડે મૂર્ખાઈથી જો હું આગળ જઇ એના દંશનો ભોગ બન્યો હત તો આજે આ વાત કહેવા ના રહ્યો હત. ભલું થજો એ ઠાકરડાનું કે એણે મને વાર્યો.

પણ નજરે પડે એ બધા યે સાપ ઝેરી નથી હોતા. અહીં 'ઝેરી' એટલે 'જેના દંશથી વિષ શરીરમા પ્રવેશ પામી મનુષ્યનું મૃત્યુ થાય' એ અર્થ અભિપ્રેત છે; કારણ કે બીજા કેટલા યે સર્પના દંશથી માણસને વ્યથા—સોજો, કહોવાણ, દાહ વગેરે—થાય છે, તે પણ વિષને જ લીધે. પણ એ વિષ કાતિલ નહિ તેથી તે સર્પ 'ઝેરી' અર્થાત્ 'પ્રાણઘાતક' નથી ગણાતા. આથી સર્પોમાં કેટલા (મનુષ્ય પૂરતા) નિર્દોષ ને કેટલા પ્રાણહર, એનાં લક્ષણ જાણવામાં આવે તો, અકસ્માત પ્રસંગે ધીરજથી ઉપચાર કરી શકાય; કારણકે હાલ હિંદમાં સર્પદંશથી રોજ સો માણસ મરે છે એવી ગણતરી છે. તેમાંના કેટલાક તો નિર્દોષ સર્પનો દંશ થવા છતાં, સર્પો વિષેના ઘોર અજ્ઞાનને લીધે કેવળ હેબક ખાઇને મરે છે.


આ લક્ષણ જાણવાં એ કઠિન વાત નથી; કારણ કે હિન્દુસ્તાનમાં એકંદરે ૩૩૦ જાતના સર્પ થાય છે, તેમાં માત્ર ૬૮ જાત જ મનુષ્ય પૂરતી ઝેરી છે. એમાંથી પણ માત્ર ૩૯ ભૂચર છે: બાકીની ૨૯ જાતો દરિયાઇ સર્પોની છે. વળી, ગુજરાતમાં તો, સદ્ભાગ્યે માત્ર પાંચ જ વિષઘ્ન સર્પો છે: નાગ, ચીતળો, કાળોતરો, ફુરસા ને ફણીરાજ. આ પાંચમાંથી માત્ર ત્રણ જાત—નાગ, ચીતળો ને કાળોતરો વ્યાપક છે.

આ ત્રણ (અગર ચાર) ભૂચર સર્પોને ઓળખવાનું અત્યંત સરળ છે. એમના શલ્કાવૃત્ત (ભીંગડાંવાળા) દેહનો નિકટ પરિચય રમ્ય ન થઈ શકે, તો પણ દૂરથી યે આત્મરક્ષણ પૂરતી એમની ઓળખાણ કરવી સરળ છે. આ ચારે (એક રીતે તો પાંચે) 'વિષઘ્નો'નાં બાહ્ય સ્વરૂપ અને વર્તન એવાં તો વિશિષ્ટ છે કે એક વખત એનાં લક્ષણ ધ્યાનમાં આવી જાય તો કાળાન્તરે પણ ભૂલી શકાતાં નથી. અહીં આપેલાં લક્ષણ માત્ર પ્રથમ દૃષ્ટિએ પિછાનવા પૂરતાં છે: પણ વાસ્તવિક પરિચય તો મરેલા કે જીવતા સાપના શરીરનાં 'શલ્કો'ના અભ્યાસથી જ થઇ શકે.



ફુરસા

નાગ, કાળોતરો ને ખડચીતળો, એ ત્રણ તો પ્રસિદ્ધ ગુજરાતી સાપ. પણ પડોશના સંબંધથી 'ફુરસા'ની ઓળખાણ પણ આવશ્યક છે. એ સ્વભાવે રણ કે સૂકા પ્રદેશનો વાસી, છતાં ક્વચિત્ ઝાડપાનવાળા પ્રદેશમા પણ દેખાય. પણ જ્યાં થાય ત્યાં એનો ઉપાડો જબરો. મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતમાં ભરૂચ સુરતની કોરે અને ઉત્તર ગુજરાતમાં ડીસાની આસપાસ એ જોવામાં આવે છે. દોઢેક ફૂટનો આ વિષધર ચીતળાથી દૂબળો; રંગે ભૂખરો, પીળો કે પીળાશ પડતો; પેટ ધોળું કે ધોળાશ પડતાં ચોખંડાં ટપકાં વાળું. વિશેષ લક્ષણ તો એના માથા પર બાણના ફળાના જેવી આવી ↑ નિશાની હોય છે. સ્વભાવે તીખો. વગર પ્રયોજને, માત્ર નહિ જેવા ઉશ્કેરાટથી કોઈ સાપ કરડતો હોય તો આ જ. વીજળીવેગે ઝડપ મારીને ડંખે. બીકની વાત નહિ. વિષ ખડચીતળા જેટલું કાતિલ નથી; તોપણ એના દંશથી મરણપ્રમાણ ત્રણચાર આની છે. ચિડાય ત્યારે શરીરની બેવડી આંટી નાખી પડખાનાં ભીંગડાં જોરથી ઘસીને સુસવાટા જેવો અવાજ કાઢે. અંગ્રેજી નામ સૉ-સ્કેઇલ્ડ વાઇપર.



નાગની ફેણ: દો-ચશ્મા, એકચશ્મી, બિન-ચશ્મી (ચક્ષ્મ વિનાની)

નાગ

દર્શન તો સર્પમાત્રનું ભયંકર અને ધૃણોત્પાદક છે. છતાં ય જો કોઈપણ વિશિષ્ટ સર્પના દર્શનથી ઓછી ઘૃણા અને કંઈક સૌંદર્ય તથા માર્દવનું ભાન થતું હોય તો તે આ 'નાગ'થી જ. આ સર્પને ન ઓળખી શકનાર ભાગ્યે જ કોઇ હશે. એનું વિશિષ્ટ લક્ષણ એની 'ફણા'. એવી ફણાવાળો બીજો 'ફણીરાજ'—કિંગ કોબ્રા સિવાય અન્ય કોઈ સર્પ નથી. પણ એ ફણીરાજની ફણા પણ નાગના જેવી વિશાળ નથી હોતી. બીજા બે ત્રણ સર્પો ફણા જેવો દંભ કરે છે, પણ તેથી ભ્રમ થતો નથી.


નાગની ફણાની પૂંઠે ચશ્મા જેવી આકૃતિ હોય છે. આ ચશ્મો કોઇ નાગને બે આંખવાળો તો કોઇની ફેણ પર એક જ આંખનો હોય છે, અને કેટલાક એકે ય ચશ્મ (આંખ) વિનાના પણ હોય છે. ગુજરાતનો નાગ બે આંખવાળો હોય છે.

આ દોચશ્મી, એકચશ્મી અને બિનચશ્મી નાગોના વાન પણ એકસરખા નથી હોતા. એકચશ્મી કાળો શાહી જેવો: આપણો ગુજરાતી દો-ચશ્મી આસમાની પડતા કાળા રંગનો ને પેટ આછી ધોળી છાયાવાળું; બીજા કોઈ કોઇ ઘઉંવર્ણા કે બદામી.

નાગ સામાન્ય રીતે ૪ કે ૫ ફૂટ લાંબો હોય છે. પણ છ–સાડા છ ફૂટથી લાંબો હોય તો એ 'નાગ' નથી એમ સમજવું.

નાગ સ્વભાવે બીકણ હોય છે. પગે કચરાય તો યે નાસવાનો મારગ શોધે. પણ જો ઇજા પામે કે છંછેડાએલો હોય ને વીફરે તો પછી જોઇ લ્યો એનો મિજાજ. એને માણસનો સહવાસ બહુ ગમે. ક્યાં રહેવું તેની પંચાત નહિ. ભાગ્યાંતૂટ્યાં ઘર, કબ્રસ્તાન, ઉકરડા, ઇંટરોડાંના ઢગલા, ઊંદરનાં દર, કૂવાની ભીંતો, ઘાસના સાલા, ડાગળા, કાટમાળ ગમે ત્યાં ભરાઈ રહે. એના રમતિયાળ સ્વભાવને લીધે એની આસપાસ દંતકથા અને વહેમનાં જાળાં ગૂંથાયાં છે.

એના દંશથી માણસ બેભાન બને છે. મગજના, શ્વાસોચ્છ્વાસ ચલાવનારા જ્ઞાનતંતુઓના કેન્દ્રને તે જડ બનાવી દે છે. દરદીને ઘેન ચડે છે; તેનાથી ઊભા રહી શકાતું નથી; ને માથું ઢાળી દે છે; હોઠ શિથિલ થઈ લાળ દદડે છે. શ્વાસ લેવાતો નથી; ને આખરે હૃદય બંધ પડી જઈ મૃત્યુ થાય છે. આ મૃત્યુ થતાં ૧॥ થી ૬ ક્વચિત્ ૧૨ કે ૨૪ કલાક થાય છે.



ખડચીતળો: પીળા પોઠ પરના કોડા જેવા લંબગોળ કાળાં ચકરડાં અને ગૂંચળુ વળીને પડી રહેવાની ટેવથી ઓળખાય.

ખડચીતળો


ખડચીતળો કે ચીતળો (અંગ્રેજી નામ રસેલ્સ વાઇપર) શરીરે જાડો લઠ્ઠ જેવો; રંગે આછો લાલ-પીળચટ્ટો કે બદામી રંગનો. શરીર પર ગોળ ચકરડાં—વીંટી જેવી ગોળાશ પડતી કે લંબગોળ કડીઓ. એ કડીઓનો વચલો ભાગ શરીરના રંગે, ઘેરો. ફરતી ગોળ કાળી કડી-એની લગોલગ ફરતી ધોળી ધાર. એને લીધે એનું સસ્કૃત નામ મંડલી માથાથી તે પૂંછડી સુધી પીઠની વચ્ચોવચ આવાં ચકરડાંની સીધી હાર-સાંકળી. આ સાંકળીની બે બાજુ લગોલગ, બંને પડખાં પર પણ એવી એકએક હાર.

એનું માથું ચપટું, પહોળું, આગળ સાંકડું-'લાલ'ની બદામના આકારનું. મોં મોટું. એ પહોળું કરે ત્યારે ગુફા જેવું વિશાળ લાગે. દંષ્ટ્રા ભયંકર! નાગની તો એના હિસાબમાં જ નહિ.

એના વિષની અસર નાગ અને કાળોતરાના વિષથી ભિન્ન પ્રકારની છે. ખડચીતળો જેવો કરડે કે તરત તીવ્ર દાહ શરૂ થાય. સોજો આવે. ડંખની આસપાસની ચામડી લીલી કે આસમાની રંગની થઈ જાય. આ ચામડી મરી જવાથી સફેદ છારી જેવાં ભીંગડાં વળી જાય. લોહીમાં વિષ પ્રસરે કે તરત તેમાંના લાલ આણુઓ નાશ પામે, એટલે ઑક્સિજન ઓછો થવાથી અંગો ઢીલાં પડી દંશની જગ્યાએથી લોહી પાણી પેઠે વહે જાય. આને લીધે શરીર શિથિલ અને અશક્ત બને. ધીમેધીમે જ્ઞાનતંતુઓની શક્તિ હણાઈ જાય ને કેટલાક દિવસ રિબાઈ રિબાઇને દર્દી મરે.

ચીતળો, નાગની પેઠે સીધો સડસડાટ પાણીના રેલાની જેમ ચાલતો નથી, પણ ગૂંચળું વળીને ચાલે. રાત્રિચર હોવાને લીધે ઝાઝો દેખાતો નથી. કરડતાં વાર કરે. પણ કરડે ત્યારે તીરની માફક છલંગ મારે ને પાછો ગૂંચળું વળી જાય.

ત્રણથી ચાર ફૂટ એની સામાન્ય લંબાઇ. આહારમાં ઉંદરનો બહુ શોખ; પણ દેડકાં, કાચંડા, ગરોળી, ખિસકોલી વગેરે પણ ખાવે.



કાળોતરો (નાગથી યે કાતિલ ઝેરવાળો ગુજરાતનો વ્યાપક વિષધર)

એ ગુજરાતનો બીજો વિષધર સાપ. એનું અંગ્રેજી નામ ક્રેઇટ. મદારીવર્ગ ક્વચિત્ 'કોડીઓ'નામે પણ ઓળખે છે. રંગે ચળકતો કાળો. પીઠ પર સફેદ આડી કમાનો જેવા ઝીણા પટા. આના જેવા દેખાવના ભ્રમોત્પાદક 'પટા' બીજા નિર્દોષ સાપોના શરીર પર પણ જોવામાં આવે છે. ફેર એટલો કે આ સાપોના પટા શરીરના અગ્રભાગમાં હોય છે, પણ કાળોતરાની પેઠે પૂંછડીના છેડા સુધી જોવામાં આવતા નથી. પેટનો ભાગ સફેદ. ત્રણથી ચાર ફૂટ તે લાંબો હોય છે.

એનું ઝેર નાગના કરતાં યે કાતિલ. પણ સ્વભાવે શાણો—બહુ શાણો. ગરીબ ગાય જેવો. એને લાકડીથી હલાવો કે ગૂંચળું વળીને મોં સતાડી દે. લાકડી ઘોંચો તોપણ છૂટો ન થાય. એના જેવો 'નિર્દોષ' સ્વભાવનો બીજો કોઇ ઝેરી સાપ નથી. પણ કરડ્યો તો પ્રાણ ગયે જ છૂટકો. એના ઝેરની અસર નાગના ઝેર જેવી જ થાય છે. એનો આહાર બીજા સાપ, ઉંદર, દેડકાં વગેરે છે.



ફણીરાજ (ગુજરાતમાં વિરલ)

છેલ્લે આવ્યો ફણીરાજ-કિંગ કોબ્રા. નાગના જેવી ફણાવાળો, પણ અત્યંત ઉગ્ર સ્વભાવવાળો ભયંકર આ વિષઘ્ન સાપ ૧૨ થી ૧૪ ફૂટ લાંબો થાય છે. શરીરે વિવિધરંગી: પીળો, ચટણીરંગો, ઘેરો બદામી યા કાળો. અંગ ઉપર આછા પીળાશપડતા કે ધોળા આડા પટા. સ્વભાવે ઘાતક; પણ એ ક્વચિત જ અંગ પર ધસી આવે. ઓરિસ્સા, બંગાળ, આસામ અને બ્રહ્મદેશમાં એ ઘણો દેખાય છે. જ્યાં ઝાડી ગીચ હોય ત્યાં એને ઠીક ફાવે છે. આપણે ત્યાં જેમ મદારી નાગને પાળે છે તેમ બ્રહ્મદેશમાં આ ફણીરાજને પાળવામાં આવે છે. એ મુખ્યત્વે સર્પોનો આહાર કરે છે.

એનો એક ભાઇ બૅન્ડેડ ક્રેઇટ 'રાજસાપ'—'શંખણી' ઘણો જ દેખાવડો હોય છે. ૪ કે ૫ ફૂટ લાંબા આ સાપના શરીરે વારાફરતી પીળા ને કાળા પહોળા પટા હોય છે. એ ગુજરાતનો વાસી નથી, છતાં ક્વચિત્ મદારીઓ પાસે જોવામાં આવે છે.

વિનોબાજી સાથે

કલાવિષયક પ્રશ્નોત્તરી



વિનોબાજીના વ્યક્તિત્વ પ્રત્યેની આદરબુદ્ધિથી પ્રેરાઈને ભાઈ દિનેશ શાહ (પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા') તેમની ઘણી પદયાત્રાઓમાં સાથે ફર્યા છે. તેમની સત્ત્વશીલતા અને આલેખનશક્તિ પર વિનોબાજી પ્રસન્ન છે (જુઓ અંક ૪૨૦માંના સ્કેચ). ગયા વર્ષના નવેમ્બરમાં સૌરાષ્ટ્રની એવી પદયાત્રા દરમ્યાન સોનગઢ જિલ્લામાંના પડાવ વખતે વિનોબાજી સાથે થએલી કલા-વિષયક પ્રશ્નોત્તરીમાંથી થોડી તારવણી નીચે આપી છે.

પ્રશ્ન : કલાકારો ગામડાંમાં જાય એવું સૂચન આપે કરેલું. એમાં કલાકારોની આજીવિકા ને સાધનોના ખર્ચ માટે શું?

વિનોબાજી: જો એ ધ્યાનમાં આવે કે કળાને માટે જેટલો અવકાશ કુદરતના સાન્નિધ્યમાં હોય છે તેટલો કુદરતથી અલગ થવામાં નથી, તો પછી (ગામડામાં રહેવું ને કુદરતની સાથે એકરૂપ થવું કલાકારને જો ગમે અને જો એને સ્વીકાર્ય થાય તો) એની આજીવિકાના સાધન માટે બે વાતો થઇ શકે : એક, જ્યાં ગ્રામદાની ગામ હોય અને ગામની નિશાળ ગામમાં જ હોય ત્યાં એ ચિત્રશિક્ષક તરીકે કામ કરે ને બચેલા સમયમાં પોતાની કલા કરે. તેમાં સાધારણરીતે ગામડાં અને ગામનો જે કંઈ પાક આવે તેનો હિસ્સો આપવામાં આવે. ઉપરાંત જેમ ગામના બીજા બધા ભાઈઓને અરધો એકર જમીન મળે તેમ એને પણ મળે અને એ ચિત્રકાર એમાં મહેનત પણ કરે.

પ્રશ્ન : કળાકારોને માનસિક શ્રમ સિવાય શારીરિકશ્રમની જરૂર ખરી? તેથી ફાયદો શો?

વિ૦ : મનુષ્ય જો માનસિક શ્રમ કરે અને શારીરિક શ્રમ ન કરે તો તેનાં મન ને શરીર બંનેનું નુકસાન થાય. એથી સ્વાભાવિકરીતે જ શરીરમાં સ્ફૂર્તિ ઓછી રહે. આખો દિવસ શરીરશ્રમ કર્યા વિના માનસિક શ્રમ કર્યા કરે તો મન થાકી જાય અને છતાં ય એની પાસેથી કામ લેવામાં આવે તો વિકૃતિ પેદા થાય અને એ સરખી રીતે કામ ન આપી શકે, સરખી રીતે ચિંતન ન કરી શકે. એટલા માટે ૩–૪ કલાક ખુલ્લી હવામાં કામ કરવું બધાને માટે જરૂરી છે. હું તો ત્યાં સુધી કહું છું કે ખુદ પ્રાઈમ મિનિસ્ટરે પણ દિવસના બે કલાક તો ખેતરમાં કામ કરવું જ જોઈએ, જેથી એ દીર્ઘજીવી બને, બુદ્ધિ તેજસ્વી થાય, મૂંઝવણો ઓછી થાય, દિમાગ સ્પષ્ટ થાય. ખેતી જેવો સુંદર વ્યાયામ બીજો કોઈ નથી. હું કહું જ છું કે ખેતી તો ઉત્તમ ઉપાસનાનું સાધન છે. આમ શરીર-પરિશ્રમનું આપણા જીવનમાં મહત્ત્વ છે. તે ફૅક્ટરીમાં થાય તેના કરતાં ખેતરમાં કુદરતના સાન્નિધ્યમાં થાય તો કલાકારો માટે તે બહુ લાભદાયી છે.

પ્રશ્ન : કૃતિ અને વિકૃતિ એટલે શું?

વિ૦ : એ તો સૌ જાણે જ છે કે આપણે જે કાંઈ કરીએ છીએ તે કૃતિ છે. પછી પ્રકૃતિ અને વિકૃતિને સમજવા માટે આપણે એક ત્રીજી વસ્તુ સમજવી જોઇશે, ને તે છે સંસ્કૃતિ. આ પ્રકૃતિ સંસ્કૃતિ અને વિકૃતિ ત્રણેમાં કૃતિ હોઈ શકે છે. એ પ્રકૃતિ રૂપે પણ હોઇ શકે, વિકૃતિ પણ હોઇ શકે અને સંસ્કૃતિ રૂપે પણ હોઈ શકે. એક દૃષ્ટાંત આપું : મને ભૂખ લાગે અને ખાઈ લઉં તે પ્રકૃતિ, ઉત્તમોત્તમ સ્વાદયુક્ત ભોજન બન્યું હોય માટે એ જરૂરત કરતાં વધારે ખાવું એ વિકૃતિ, પરંતુ પેટમાં ભૂખ હોવા છતાં કોઈ ખરા ગરીબ ભૂખ્યાને ખવડાવવા માટે સંતોષપૂર્વક ઉપવાસ કરીને ખવડાવું તે સંસ્કૃતિ છે. ફળ ખાવાં તે પ્રકૃતિ છે, પણ તેને ખરાબ કરીને તેનો શરાબ બનાવી પીવો તે વિકૃતિ છે. એ વિકૃતિ અને પ્રકૃતિના ભેદ કલાકારને જ્યાં સમજાય એ સમાજ વિકૃતિ-અવસ્થામાં ન જાય, સંસ્કૃતિ તરફ જાય. કલાકાર સમાજને વિકૃત કે સંસ્કૃત કરે છે. સમાજમાં પ્રકૃતિ તો છે જ. માણસ પ્રકૃતિથી પર થવાની આકાંક્ષા કરે ત્યારે કલાકારનું કર્તવ્ય છે કે તેને પ્રકૃતિથી ઉપર જવાનો રસ્તો સહેલાઈથી ને મનોરંજનપૂર્વક બતાવે.

પ્રશ્ન : ચિત્ર એટલે શું?

વિ૦ : ચિત્ર અને સંગીત, એ બંને કલાઓ પરમેશ્વરના રૂપ અને નામનું વર્ણન કરવા માટે છે. સંગીતનું કાર્ય છે કે તે ઈશ્વરનું નામ ગાય અને ચિત્રનું કામ છે કે તે ઇશ્વરનું રૂપ અંકિત કરે. ઈશ્વરનું રૂપ આ સૃષ્ટિ છે. એને ઈશ્વરનું રૂપ સમજીને ચિત્રકાર એવી એને અંકિત કરે કે આપણી આ નરી આંખને જે ચિત્ર દેખાય છે તેથી વધુ ભવ્ય અને વધુ દિવ્ય દર્શન ચિત્રની કલાથી થાય. કલાકારના ચિત્રથી જો વિકૃતિ-વિકાર પેદા થાય તો તે ચિત્ર નથી. વાલ્મીકિ રામાયણમાં સીતાનું વર્ણન આવે છે. એમાં સીતાના ગુણોનું વર્ણન તો કર્યું જ છે, પણ સાથે એના સૌંદર્યનું વર્ણન પણ કર્યું છે. એ આખું વર્ણન વાંચીને ક્યાં યે, કોઇ માણસને શી વિકૃતિ થયાનું મેં હજી સાંભળ્યું નથી. અત્યંત પવિત્ર ભાવના એ જાનકીના સૌંદર્યવર્ણનથી પેદા થાય છે. જ્યારે ઘણા કવિઓ એવાં વર્ણન પણ કરી નાખે છે જેથી વિકાર પેદા થઈ શકે. એટલે ચિત્ર એવું થવું જોઇએ કે જેથી મન પવિત્ર થાય ને મનોરંજન પણ થાય. ભગવાનને જ ચિત્રમાં દોરીએ છીએ એમ સમજીને સૃષ્ટિમાં જે દિવ્ય ભવ્ય રૂપ છે તેને ગ્રહણ કરીએ ને ઉતારીએ.

પ્રશ્ન : લગ્ન ચિત્રકલાની સાધના વચ્ચે અંતરાય રૂપ થાય કે નહિ?

વિ૦ : એ તો લગ્ન વિષેની કલ્પના ઉપર આધાર રાખે છે. લગ્નનો ઉદ્દેશ જો ભોગવિલાસ હોય તો ચિત્રકારની ને કોઈ પણ સાધનાનો વિરોધ આવે. સંયમ શીખવાનો ઉદ્દેશ હોય તો લગ્ન સાધનામાં અનુકૂળ થાય.



અર્ઘ્યકણી

પ્રશસ્ત તારાં ચરણે, પ્રભાવતી ઉષા ! અમારી ઢળતી છ અર્ચના.
અમાસનાં અંધ તમિસ્ત્રનીરથી પ્રફુલ્લતી આ તવ પદ્મપાંદડી,
મધ્યાહ્નની ઓ પગલી સુકોમળી ! તમિસ્રતીરે ઊંઘતાં ઉઠાડજે,
મધ્યાહ્ન જેવા ઝળકંત જિન્દગી તણો તું ખુલ્લાં નયને જિવાડજે.
અને બને તો,
સન્ધ્યા અમારી સુરખીભરી કરી મધ્યાહ્નથી યે ઊજળી બનાવજે.

—સુન્દરમ્

સ્વ. સર હરિલાલ ગોસલિયા

આ વર્ષની ૧૭મી જુલાઇએ સૌરાષ્ટ્રની એક પ્રતિનિધિ વ્યક્તિ, રાજકોટના અગ્રણી નાગરિક, નીડર નિષ્પક્ષ ન્યાયાધીશ ને શક્તિશાળી ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય હિંદમાં સારી ખ્યાતિ મેળવનાર સર હરિલાલ ગોસલિયાનું ૮૩ વર્ષની ઉંમરે અવસાન થતાં, માત્ર ગુજરાતે જ નહિ પણ દેશે રાજકારણ, ન્યાયકારણ અને લોકસેવાનો વિવિધ રચનાત્મક સમન્વય સાધનાર એક આરૂઢ અને ઓજસ્વતી પ્રતિભા ગુમાવી છે.

મુંબાઈ યુનિવર્સિટીમાંથી એમ.એ., એલએલ.બી. થઈ અમદાવાદમાં થોડો કાળ વકાલત કર્યા બાદ તે સરકારી નોકરીમાં જોડાયા હતા. સર પ્રભાશંકર પટ્ટણી અને શ્રી હરજીવનદાસ કોટકનું નામ સૌરાષ્ટ્રના એક યા બીજા રાજ્યના મુખ્ય વહીવટદાર તરીકે જ્યારે લોકજીભે ગવાતું હતું ત્યારે સરકારી એજન્સીના એક મુખ્ય અધિકારી તરીકે સર ગોસલિયાએ એવી જ સંમાન્ય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. એ પછી તેઓ પાલણપુરના જિલ્લાન્યાયાધીશ નિમાયા હતા; અને ત્યાર બાદ બરવાણી રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે આઠથી દસ વર્ષ કામ કરીને તેમણે એ પછાત રાજ્યને નવો દેહ, નવું રૂપ ને નવો આત્મા આપી તેનું રૂપાંતર કર્યું હતું.

એ સમયના મધ્ય ભારતના પોલિટિકલ રેસિડેન્ટ સર કેનેથ ફિટ્ઝે રાજકીય નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ લખેલા 'ટ્વાઇલાઈટ ઑવ ધ મહારાજાઝ' નામના પુસ્તકમાં બરવાણીના રાજ્ય-ઉદ્ધારક તરીકે સર ગોસલિયાને આપેલી આદરભરી અંજલિ, એ એક અંગ્રેજ વરિષ્ઠ અધિકારી તરફથી એક હિંદી અમલદારને વિરલ મળી શકતી એવી સમુજ્જ્વલ ને ગૌરવશાળી છે : "આ રાજ્ય એટલા માટે ખાસ ધ્યાન ખેંચે એવું હતું કે એ જ કક્ષાનાં બીજાં રાજ્યોમાં ભાગ્યે જ મારા જોવા-જાણવામાં આવી હોય એવી એક અસાધારણ શક્તિશાળી ને સમર્થ વ્યક્તિને આ રાજ્યની ધુરા સોંપવામાં આવી હતી. ત્યાંના રાજાનું અકાળ ઉંમરે અવસાન થયું હતું. બાળરાજાની ઉંમર સગીર હતી. આ લાંબા ગાળાનો લાભ લઈને એક અત્યંત પછાત અને દુર્દશામાં સબડતી ઠકરાતને નમૂનેદાર રાજ્યમાં પરિવર્તિત કરવાના નિશ્ચયને, તેમના કરતાં



વધારે મક્કમતા અને સફળતાપૂર્વક અન્ય કોઈ વ્યક્તિએ અમલી કર્યાનું મારી જાણમાં નથી. રાજ્યનાં કુલ દેવાંનો બહુ થોડા સમયમાં નિકાલ કરવામાં આવ્યો, વહીવટની દરેક શાખાની પુનર્રચના કરવામાં આવી, અને એ રીતે નવા કરવેરા નાખ્યા સિવાય રાજ્યની આવક મોટા પ્રમાણમાં વધારવામાં આવી. આ રીતે જે નાણું સુલભ બન્યું તે વડે અજાયબી પમાડે તેવી ઝડપથી નવાં મકાનોનું નિર્માણ થવા માંડ્યુ : નવા સચિવાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, અદાલત માટે ભવ્ય મકાન ઊભુ કરવામાં આવ્યું, વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓ માટે શાળાઓ, સ્ત્રીઓ માટે એક નવી ઇસ્પિતાલ, જૂની ઇસ્પિતાલમાં નવા વિભાગો ને ઑપરેશન-થિયેટર, પશુચિકિત્સાલય,



આપણાં પ્રાણી-૩૦

પાટલાઘો

પાટલાઘોનું નામ તો આપણને તેના પર્યાયવાચક શબ્દ પાટલા જેટલું જ પરિચિત છે.

એ ગરોળીના વર્ગની. ગરોળીને મળતી, પણ પેટેથી જરા જાડી. તેની અણીદાર પૂંછડી લંબાઇનો અરધો ભાગ રોકે. દેહ બૂખરો અને સહેજ કાળાશ પડતાં ભીંગડાંથી છવાએલો. પગનાં આંગળાં નાનાં-મોટાં, વધારે ગાઢાં ભીંગડાંથી છવાએલાં, તેને છેડે ઊંચી જગ્યાએ ચડવા માટે ઉપયોગી તીણા ને મજબૂત નહોર. ગળું, ડોક અને આગલા પગની વચ્ચેની ચામડી ખોભળા પેઠે ઢીલી અને લબડતી. આંખો લંબગોળ ને પોપચાંવાળી. જીભ સાપની જેમ આગળથી બે ભાગમાં વહેંચાએલી.

પાટલાઘો દેખાવે ભયંકર લાગે, છતાં ઝેરી નથી. છંછેડાયે માણસને ય કરડે. એના દંશથી કાળી બળતરા થાય. દાંત કાંકરેલી દાતરડી જેવા તીણા ને અણીદાર. તેનો ઉપયોગ શિકારને પકડી રાખવામાં કે બચકું ભરવામાં કરે. આ વર્ગનાં બધાં જ પ્રાણીઓ ખોરાકને ચાવ્યા વગર ગળે ઉતારી જાય છે.

વસવાટ માટે શાંત વાતાવરણ અને જળાશય નજીકની જગ્યા પસંદ કરે. લોહી ઠંડું અને ચામડી ખરબચડી, આથી સૂર્યતાપની એના પર અસર ઓછી થાય. ખોરાક દેડકાં, નાના કણા, સાપ, ઉંદર અને કાચંડાનો. જીવાત પણ જતી ન કરે એવી ખાઉધરી. જોકે આ વર્ગનાં પ્રાણીઓ ખોરાક વિના પંદરેક દહાડા સુધી ચલાવી શકે છે. બાઝકણી પણ ખરી. ભયંકર ફૂંફાડા મારે, અને એની પૂંછડીની જેને ઝીંક વાગે તેને ભારે પડી જાય.

નર-માદા આમ તો સાથે નથી ફરતાં, પરંતુ ઈંડાં મૂકવાનાં થાય ત્યારે સાથે દેખાય. માદા નદી-તળાવ-કાંઠે ભેખડમા, કાદવમાં પડેલા ઊંડા ખાડામાં કે ઝાડના પોલાણમાં લંબગોળ, દૂધિયા રંગનાં, એકથી દોઢ ઇંચ લાબાં, ચારથી આઠ ઇંડાં મૂકે. બચ્ચાં ચપળ બહુ. દસ મહિનામાં માબાપનાં ઓશિયાળાં મટી જાય.

પોલીસ માટે નવાં બાંધકામો અને સ્ટેટ-બૅંક માટે એક નવું મકાન. સૌથી વધારે મહત્ત્વનું કાર્ય તો એ હતું કે બીજાં ઘણાં રાજ્યોમાં વધારે જવાબદારીવાળાં ખાતાં ચલાવવા માટે રાજ્યની બહારથી અધિકારીઓની આયાત કરવાની શોચનીય નીતિ અમલી બનેલી હતી ત્યારે આ પ્રધાને સ્થાનિક શક્તિઓ કેળવવાની, તેમના પર આધાર રાખવાની અને પોતાનાં ઊંચા ધોરણો ને મહત્ત્વાકાંક્ષાને અપનાવે તેવા જુવાન અધિકારીઓનું એક મંડળ પોતાની આસપાસ ઊભું કરવાની નીતિ અખત્યાર કરી, અને તેમાં તેમણે પૂરી સફળતા મેળવી." ત્યાર બાદ ધ્રાંગધ્રા રાજ્યના દીવાન તરીકે પણ તેમણે થોડાં વર્ષ કુશળ કામગીરી બજાવી, અને બીજાં દેશી રાજ્યો સાથે ધ્રાંગધ્રાનું નવભારતમાં વિલીનીકરણ થતાં રાજકીય કામગીરીથી હમેશાં માટે નિવૃત્ત થયા. તેમનું ચારિત્ર્ય ઉચ્ચ કોટિનું હતું અને વિવિધ પ્રકારની રાજકીય જવાબદારીઓને તેમણે પ્રામાણિકતા, લોકકલ્યાણની ભાવના, કાર્યનિષ્ઠા અને કુશળતા વડે સર્વત્ર પોતાનું સ્વમાન જાળવીને ચરિતાર્થ કરી હતી.

સામાજિક ક્ષેત્રે જીવનના આરંભથી અંત સુધી તેમનું દૃષ્ટિબિંદુ એક સુધારકનું હતું અને જૂની પેઢીના હોવા છતાં વિચાર તેમજ વર્તનમાં તે પ્રગતિશીલ હતા. વૃદ્ધ વયના હોવા છતાં નવા વિચારો સાથે સદા તાલબદ્ધ રહેવાનો તેમનો પ્રયત્ન રહેતો અને આઝાદી મળ્યા બાદ જે નવાં બળો પેદા થયાં છે અને આપણા દેશના રાજકારણના તેમજ અર્થકારણના ક્ષેત્રમાં જે ઝડપી ફેરફારો થઈ રહ્યા છે તે વિષે તેમની દૃષ્ટિ નિરાશાવાદની નહિ પણ ઊંડી સહાનુભૂતિ અને ઉદાત્ત આશાવાદની હતી. તેમની વિચારવિભૂતિ ચિંતક અને અધ્યયનશીલ હતી. અનુભવ અને માહિતીનો તેમની પાસે વિપુલ ભંડાર હતો. સામાન્ય માનવીથી માંડી ઉચ્ચ દરજ્જાના કર્મચારીઓ, લોકસેવકો ને રાજદ્વારી પુરુષો સુધીનાને તેઓ સમુચિત સમતોલ માર્ગદર્શન કરી શકતા.

તેમનાં સંતાનોમાં, બહુ જાણીતાં એવાં શ્રી સરલાદેવી સારાભાઈ તથા 'જૈન મહિલા સમાજ'નાં પ્રમુખ શ્રી તારાબહેન માણેકલાલ પોતપોતાનાં ક્ષેત્રોમાં વિપુલ સેવાઓ આપી રહ્યાં છે. નાની વયમાં જ માતાવિહોણી બનેલી આ પુત્રીઓનું તેમજ અન્ય સંતાનોનું તેમણે માતાની ખોટ લવલેશ ન વર્તાય એ રીતે પાલનપોષણ અને સંસ્કારસિંચન કરેલું. દેશી રાજ્યોના વહીવટ સાથે ગાઢપણે સંકળાએલી, બહુજનહિતસુખાય ચિરંજીવ કાર્ય કરી જનારી ધુરીણ રાજ્યસેવકોની પેઢીના તેઓ કદાચ છેલ્લા પ્રતિનિધિ હતા. ('પ્રબુદ્ધ જીવન' ને 'વિકાસ' પરથી)

શીલ-સૌજન્ય-સાક્ષરતાની મૂર્તિ કેશવલાલ ધ્રુવ

બેઠી દડીનું એકવડું શરીર, ધોળી ચળકતી લાવણ્યવાળી ચામડી, ઊંડી વિદ્વત્તાના પ્રકાશથી ચળકતી અને સમજ તથા ભાવથી ભીની આંખો, માથે પાઘડી, બંધ ગળાનો લાંબો કોટ, પાટલૂન મોજાં ને બૂટમાં, આર. સી. હાઈસ્કૂલની એમની હેડમાસ્તરની ઑફિસમાંની ખુરશીમાં બેઠેલા, કે શાળાના વરંડામાં વર્ગો તપાસવા નીકળેલા, કે મૅટ્રિકનો વર્ગ લેતા સ્વ. મુ. કેશવલાલભાઈની મૂર્તિ, આજે પણ જ્યારે એમનું સ્મરણ થાય છે ત્યારે માનસિક ચક્ષુઓ આગળ તરી આવે છે અને મન નમ્રભાવે અને આદરથી નમે છે.



સ્વ. કેશવલાલભાઈ એટલે નાજુકતા, આર્દ્રતા, સૂક્ષ્મતા, પ્રખર અને ઉચ્ચ કોટિની વિદ્વત્તા, ભાષા અને શબ્દની ઉત્તમ પરખશક્તિ, 'શુદ્ધ, શુદ્ધતર અને શુદ્ધતમ', તથા 'રમ્ય, રમ્યતર અને રમ્યતમ'ને પહોંચવાનો આદર્શ, તથા ભાવ ભરેલી દંભ વિનાની, સહજ ઠાવકાશ. એ શબ્દ ને ભાષાના અજબ નિરીક્ષક ને પરીક્ષક હતા. કાવ્યના ઔચિત્યની એમની સમજ ઘણી ઊંડી, તાત્ત્વિક ને વિદ્વત્તાસભર હતી.

હાઈસ્કૂલના મારા આખાએ શિક્ષણકાળ દરમ્યાન તેઓ આર. સી. હાઈસ્કૂલના હેડમાસ્તર હતા. મૅટ્રિકના વર્ગમાં અઠવાડિયાના બે પીરીઅડ-ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતી કરવાના તેઓ જ લેતા. એને માટે દરેક વિદ્યાર્થી ખૂબ આતુર રહેતો

અને એમના પીરીઅડોની ઉત્સુકતાથી રાહ જોવાતી દરેક વિદ્યાર્થીને એમાં જે રસ પડતો તેથી સૌ હોંશમાં રહેતા.

એમની શીખવવાની રીત આવી હતી: એક શબ્દ લેવાય. પછી તેનો અંગ્રેજી કે ગુજરાતી યોગ્ય શબ્દ શો છે તે એ, બધાને વારાફરતી પૂછે; અને છેવટે કયો શબ્દ હોવો જોઇએ તે એ પોતે કહે. એ સાંભળીને તો વિદ્યાર્થીઓ આનંદથી પુલકિત થઈ ઊઠતા કે 'વાહ કેવો સુંદર, બંધબેસતો, સરસ શબ્દ સાહેબે કાઢ્યો!' આખા પીરીઅડમાં ભાગ્યે જ બેત્રણ લીટીનો અનુવાદ થતો, પણ એમાં જે સંગીન જ્ઞાન મળતું એના સંસ્કાર ઊંડા પડતા.

એક વખત કેળવણીખાતાના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર તપાસ માટે આવેલા. કેશવલાલભાઇ અમારો વર્ગ લેતા હતા તે જ વર્ગમાં એ આવી બેઠા. મુ. કેશવલાલભાઇએ તો જાણે એ તરફ ધ્યાન જ ન આપ્યું. ને પોતે વર્ગ લીધે રાખ્યો. ત્યાં ડેપ્યુટી સાહેબે વચમા એક શબ્દ માટે પોતાનું સૂચન કર્યું. કેશવલાલભાઈએ તરત જ, એક ક્ષણ પણ અચકાયા વિના, વિવેકથી છતાં દૃઢતાથી કહ્યું કે 'ના, એ શબ્દ ન આવી શકે. આ મેં કહ્યો છે તે જ શબ્દ બરાબર છે.' ડેપ્યુટી સાહેબે નમતું આપ્યું. એ કાળે, એમના જેવાને, આવું અને આમ, કેશવલાલભાઈ જ કહી શકે, કારણ કે એમની વિદ્વત્તાને એ અધિકાર હતો.

એક વાર અમદાવાદમાં સંસ્કૃતના એક વિદ્વાન શાસ્ત્રી આવેલા. તેમને સાંભળવા રા. બ. રણછોડલાલ છોટાલાલ કન્યાશાળામાં સભા યોજાએલી. તેમાં ઘણા શાસ્ત્રીઓ વિદ્વાનો અને અન્યજનો આવેલા. કેશવલાલભાઈ પ્રમુખ હતા. પેલા શાસ્ત્રીજી ફક્ત એક જ કલાક મોડા આવ્યા, અને આવીને સંસ્કૃતમાં દિલગીરી બતાવવા લાગ્યા કે 'મારી પાસે ઘટિકાયંત્ર નથી એટલે મને સમયનો ખયાલ ન રહ્યો' તરત જ કેશવલાલભાઇએ પોતાની નિત્યની ઠાવકાશથી સંસ્કૃતમાં જ જવાબ આપ્યો કે 'પ્રભુએ આપેલી સૂર્યનારાયણરૂપી ઘટિકા આપણી બધાની પાસે છે પછી સમયનો ખયાલ કેમ ન રહે?' શાસ્ત્રીજી ચૂપ થઈ ગયા.

કેશવલાલભાઇને મેં કદી ખડખડાટ હસતા જોયા કે જાણ્યા નથી; તેમ જ કદી મિજાજ ગુમાવી ગુસ્સો કરતા પણ જોયા નથી. ઔચિત્યનું ભાન એમને ખૂબ અને સતત રહેતું. એમના મોં ઉપર સદા એ એક જાતનું સ્મિત રમતું રહેતું.

ગોટીની શેરીના એમના ઘરના પહેલા માળે, સ્વચ્છ અને સુઘડ આગળને મેડે, એક પાટ ઉપર ગાદીતકિયાની એમની બેઠક રહેતી. તેના બંને બાજુએ ખુરસીઓ અને આરામખુરસી ગોઠવેલી રહેતી. દાદરો ચડતાં જ સામે પાટ ઉપર તેઓ બેઠેલા જણાય. આ તો એમનો મુલાકાતનો ઓરડો. પોતાનું વાચન-લેખન-સંશોધનનું કામ તો એમના ઘરના છેક પાછળના ત્રીજા માળે કરતા. એ ઓરડો લીંપણનો અને હમેશાં ખૂબ સ્વચ્છ અને સુવ્યવસ્થિત રહેતો. ત્યાં, ઘરના કામકાજના અવાજ-ઘોંઘાટથી દૂર થઈ જતા–અલિપ્ત થઇ જતા અને પોતાના કામમાં પરોવાએલા રહેતા.

અમે એક વાર એમને એ ઓરડામાં મળેલા ત્યારે કહે કે 'જુઓ, હું તો સૂર્યમુખી ફૂલ જેવો છું. જે બારીમાં સૂર્ય આવે છે ત્યાં બેસી, બહુદર્શી (મૅગ્નિફાઈંગ) કાચની મદદથી મારું વાંચવાલખવાનું કામ કરું છું.' એ ઓરડામાં એમની નાની ગાદી ને તકિયો, આગળ નાનું એકઢાળિયું મેજ, અને તેના ઉપર તેમજ બાજુમાં સુવ્યવસ્થિત રીતે ગોઠવાએલી એમની લખેલી કાગળની કાપલીઓ, એ સર્વ જોતાં જ એમના મગજની ને બુદ્ધિની સુવ્યવસ્થિતતા સ્વસ્થતા ને સુઘડતાનો તાદૃશ ખયાલ આવતો ને માનપૂર્વક એમને માનસિક પ્રણામ થઇ જતા.

આવી ભાવભીની, ઠાવકી, પ્રખર વિદ્વત્તાના તેજથી દીપતી વ્યક્તિને આજે એમની જન્મશતાબ્દીને દિવસે આપણે આપણી, શ્રદ્ધા અને ભક્તિભરી ભાવાંજલિ* આપીએ છીએ તે આપણે માટે ધન્યતા અનુભવવાનો પ્રસંગ છે.

—ચૈતન્યપ્રસાદ દીવાનજી



મુદત લંબાવી

ગયા અંકમાં આપેલા નવા કોયડા પૈકી પ્રશ્ન ૧માં ઉત્તર તરફે ♥ લાલ બદામનાં પાનાંમાં એક Jનું પાનું છાપભૂલથી રહી ગયું છે. તે ♥ A K Q J જોઇએ. આ સરતચૂકને કારણે, તેમજ ગયો અંક મોડો બહાર પડવાને કારણે, સાચા ઉત્તરો મુદતસર પહોંચાડવાનું શકય ન હતું; તેથી તેની મુદત લંબાવવામાં આવી છે. હવે ઉત્તરો તા. ૩૦ નવેમ્બર પહેલાં લેખકને મદ્રાસને સરનામે મોકલવા.

કોળું

પિત્તશામક કોળું આજે તાજું આવે છે, કેટલાક ધાર્મિક ભાવનાવાળા કોળું નથી ખાતા, કારણ કે કોળાંનો પશુભોગની જગ્યાએ શક્તિપૂજકો યજ્ઞ બાદ વધેરીને દશ દિગ્પાળોને નિવેદ ધરે છે! આ કોળાનો દોષ છે? આમાં આપણા અજ્ઞાનનું હાસ્યાસ્પદ પાસું જોઈ શકાય છે.

કોળાંની બે જાત છે: સફેદ અને લાલ. આપણે શાક માટે લાલ કોળું વિશેષ વાપરીએ છીએ; સફેદ કોળું હલવો કે પાક બનાવવા માટે વપરાય છે. ગુજરાતમાં રિવાજ નથી, પરંતુ સફેદ કોળાંનું શાક રૂડી રીતે થઈ શકે. શાસ્ત્રના આદેશ અને મારા અનુભવ પ્રમાણે કોળું માનવી માટે ઉપયોગી શાક છે. શરીરમાં એકઠી થએલી અને સતાવતી કૈંક નાનીમોટી બીમારી ને અસ્વસ્થતા કોળું દૂર કરે છે. આ કોળું ખાવાની જ ઋતુ છે. વૈદકશાસ્ત્રમાં આપેલા ગુણ પ્રમાણે કોળું શીતળ, રુચિકર, સ્વાદમાં મધુર, તૃપ્તિકારક તથા શોષ, જડતા, મૂત્રાવરોધ, દાહ અને રક્તવિકારનો નાશ કરનાર છે. શ્રમ (થાક) તથા ભ્રાન્તિ(ચક્કર આવવાં)-ને તે મટાડે છે, અને શરીરમાં બળ તથા વીર્યને વધારે છે. ચક્ષુ, બુદ્ધિ અને મગજ ઉપર પણ કોળાની સુંદર અસર થાય છે. કોમળ પ્રકૃતિવાળાને કોળાનું શાક પથ્ય પડે છે. ગુવાર-ચોળા જેવા વાયડા કઠોળની શીંગો સાથે કોળાનું મિશ્ર શાક કરાય છે. પણ કોળું એકલું શ્રેષ્ઠ છે.

કોળામાંથી નીચે પ્રમાણે હલવો બનાવવો, ઊછરતાં બાળકો, બુદ્ધિ વધારવા ચાહતો વિદ્યાર્થીવર્ગ, વૃદ્ધ સ્ત્રીપુરુષો, ને દાહ, બળતરા, પિત્ત, ઉષ્ણ પ્રકૃતિ, લોહીવા, પ્રદરવાળી સ્ત્રીઓ ને પેશાબની બળતરાવાળા માટે આ હલવો ગુણકારી છે. દશ તોલા કોળાનું ખમણ પાંચ તોલા ઘીમાં ચૂલા ઉપર મૂકો અને શેકાવા દો. દૂધીનાં બીજ, કોળાનાં બીજ, કાકડીનાં બીજ, ચીલગોજા, બદામ, તરબૂચનાં બીજ, એલચી, મખાના બદામ (ગાંધીને ત્યાં તૈયાર મળે છે) આ બધી વસ્તુઓનો સરખા વજને બારફુટ ભૂકો કરી ઉપરના ખમણમાં દોઢ તોલો નાખો. બધું સારી રીતે ઘીમાં સંતળાય એટલે પાંચ તોલા સાકર અંદર નાખીને ફરી શેકાવા દો, ને હલવો બનાવો. જો ખરચ કરી શકાય તો પાંચ તાંતણાં સાચું કેસર અને અરધું પાનું ચાંદીનાં વરખ નાખી સવારમાં નરણા કોઠે આપો.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ

---

*૧૯-૧૦-'૫૯ના રોજ અમદાવાદ આકાશવાણી પરથી અપાએલી.

કર્ણાટકી સંગીતનાં સ્વરૂપો

દક્ષિણ ભારતીય સંગીતનો જલસો લગભગ ત્રણથી ચાર કલાક ચાલે છે, તેમાં ગાયક મોટા ભાગનો સમય 'કૃતિ' નામે ઓળખાતી કેટલીક 'ધ્રુવપદ' જેવી દૃઢબદ્ધ રચનાઓના ગાયનમાં પસાર કરે છે. ત્યાર પછી 'રાગ-આલાપન', 'તાનમ્' અને 'પલ્લવી' ગાવામાં આવે છે, ને છેવટે કેટલાંક ભાવગીતો કે ભક્તિગીતો કે કોઈક વખત 'તિલ્લાના' વડે સમાપ્તિ કરવામાં આવે છે. ધીમા લયની 'કૃતિ'ઓ ઉત્તર હિન્દુસ્તાની સંગીતના 'ધ્રુવપદ' સાથે ઘણી મળતી આવે છે. 'રાગમ્', 'તાનમ્' અને 'પલ્લવી'માં ગાયકને પોતાની કળા બતાવવાનો પૂરો અવકાશ મળે છે. તે ઉપરાંત 'કૃતિ'માં પણ 'સંગતિ' નામના વિભાગમાં ગાયક 'નેરાવલ' અથવા 'બોલતાન' અને 'સ્વરકલ્પના' વડે પોતાની કળા (ગાયન ગાતાંગાતાં જે જે કલાત્મક રચના સ્ફુરે તે) બહેલાવી શકે છે.

'કૃતિ' તો સંગીત ઉપરાંત કાવ્ય તરીકે પણ ઉચ્ચ ગુણો ધરાવે છે. તેનો વિષય ભક્તિ કે ચિન્તનનો હોય છે. એક જ રાગમાં અનેક 'કૃતિ'ઓ રચાએલી હોય છે, ને તેના લય, તાલ વગેરે ભિન્નભિન્ન હોય છે. મુથુસ્વામી દીક્ષિતારની 'કૃતિ'ઓ મન્દ લયમાં હોય છે, ત્યાગરાજની 'કૃતિ'ઓ ખૂબ સરળતાથી માંડીને ખૂબ અટપટી રચનાવાળી હોય છે. 'કૃતિ' રચનારાઓએ તેમાં 'સંગતિ' ઉપરાંત 'ચિત્તસ્વરમ' નામના સ્વર-પ્રસારની પણ રચના કરી હોય છે. દીક્ષિતારની કૃતિઓની માફક કેટલીક કૃતિઓમાં છેવટે 'ચલતી' (દ્રુત લય) પણ થાય છે.

'કૃતિ'ના ત્રણ ભાગ હોય છે: 'પલ્લવી', 'અનુપલ્લવી' ને 'ચરણમ'.

કર્ણાટક-સંગીતમાં આ ઉપરાંત 'વર્ણમ', 'પદમ' અને 'જવાલી' પણ પ્રસિદ્ધ છે. 'વર્ણમ'થી જલસાની શરૂઆત થાય છે. 'પદમ'નો વિષય શૃંગાર છે. તેનો લય મન્દ હોય છે. તેમાં વિરહિણીની આસક્તિ, આશા, નિરાશા, સુખસ્મરણો, ઉત્સુકતા વગેરેનું રાગનાં વિવિધ સ્વરૂપો દ્વારા નિરૂપણ કરવામાં આવે છે. પદમ્ શૃંગારિક હોવાથી ભરતનાટ્યમમાં 'અભિનય' માટે પણ યોગ્ય છે.

પદમ સાથે મળતા સ્વરૂપનું 'જવાલી' છે. એનો લય દ્રુત અને સ્વર-રચના બધાંને ગમી જાય એવી હોય છે. એનો વિષય પણ શૃંગાર હોય છે. પણ એમાં ઉદાત્તતા માટેનો આગ્રહ ધરવામાં આવ્યો હોતો નથી. આ પ્રકાર હિન્દુસ્તાની સંગીતની ગઝલને મળતો આવે છે.

કર્ણાટકી સંગીતના જલસામાં કેટલીક વાર છેવટે કેટલાંક ભક્તિ-ગીતો 'દેવરરમ', 'તેવરમ', 'તિરૂપ્પુગઝ' વગેરેથી અથવા તો 'તિલ્લાના'થી સમાપ્તિ થાય છે. 'તિલ્લાના' ઉત્તર હિન્દુસ્તાની 'તરાના' સાથે મળતો આવે છે. —ટી. કે. જયરામ આયર

ભારતનાં સફેદ સાબર

ચેકોસ્લોવાકિયાની પાટનગરી પ્રાગની રાષ્ટ્રીય ગૅલેરીમાં ૧૯મી સદીના એક ચિત્રકાર ચિતુસીનાં આલેખેલાં પ્રકૃતિચિત્રો આકર્ષક છે—ખાસ કરીને ઝેલઝેલ પ્રદેશનાં. એમાં આલેખાએલાં સફેદ સાબરો અને પ્રકૃતિનું રમ્ય આલેખન મનને અભિભૂત કરી દે છે. આ સફેદ સાબરો પ્રાગની રાષ્ટ્રીય ચિત્રશાળાઓમાં માત્ર ચિત્રોમાં જ નહિ, પણ ચેકોસ્લોવાકિયાના અનામત વનપ્રદેશમાં જીવતાં પણ જોવાં મળે છે. યુરોપભરમાં અને કદાચ જગતભરમાં આ સફેદ સાબરની જાત માત્ર ચેકોસ્લોવાકિયામાં જ છે. કેટલાક દેશોમાં એક પ્રકારનાં સફેદ સાબર જોવામાં આવે છે ખરાં, પણ તે શુદ્ધ ઓલાદ નથી, કેમકે તેમનો રંગ થોડો ઘણો બદલાઈ ગયો છે અને તેમની આંખો લાલ રંગની છે; જ્યારે ચેકોસ્લોવાકિયાનાં સફેદ સાબર શુદ્ધ છે. હજી સુધી તેમાં કોઈ શારીરિક ફેરફાર થયો નથી.

પણ સૌથી રસમદ હકીકત તો એ છે કે આ સફેદ સાબરનું મૂળ વતન ભારત છે. સો વર્ષ કરતા યે વધુ કાળ પહેલા ત ભારતમાયા ચેકોસ્લોવાકિયામાં આવેલાં. આફ્રિકાના સાગરકાંઠે થઇને તે એક જહાજમાં યુરોપમાં મોકલાએલાં, અને ત્યાંથી તે ચેકોસ્લોવાકિયા પહોંચ્યાં. તે પછી તો ભારતમાં સફેદ સાબરની આ જાતને કોઈ રોગ લાગુ પડેલો ને થોડા જ વખતમાં તેનો વિનાશ થએલો, પણ ચેકોસ્લોવાકિયામાં આવેલાં સાબરો જીવતાં રહ્યાં હતાં ને આજે પણ તે જીવે છે.

'યોગ'ની સમજૂતી

તમે ગાડું તો જોયું છે. જ્યારે ગાડાને બળદ જોડવામાં આવે ત્યારે ગાડાનો અને બળદનો 'યોગ' થયો કહેવાય. ગાડીને ઘોડો જોડવામાં આવે ત્યારે ગાડીનો અને ઘોડાનો 'યોગ' થયો કહેવાય.

યોગ એટલે જોડવું, જોડાવું. જોડાવું એટલે એવી રીતે બંધાવું કે પહેલાં જે વસ્તુઓ બે હતી તે એક થઈ જાય. શરૂઆતમાં ગાડું અને બળદ છુટાંછુટાં હતાં, પણ બન્નેનો યોગ થયા પછી બન્ને મળીને જ ગાડું ગણાય. નહિતર ગાડું ચાલે નહિ, ગતિ કરે નહિ, પ્રગતિ કરે નહિ. યોગ થાય, બન્ને જોડાય, ત્યારે કામ થાય છે.

બધી નદીઓ દરિયાને જઈને મળે છે. ત્યાર પછી એમનું પોતાનું નામ રહેતું નથી, નિશાને નહિ. દરિયા સાથે નદીઓ એક થઈ જાય છે. એ નદી ને દરિયાનો યોગ થયો ગણાય. યોગમાં એકતા થઈ જાય છે.

એમ જ માણસો જ્યારે યોગસાધના કરે છે ત્યારે ભગવાન સાથે પોતે જોડાય છે. ત્યાર પછી, બળદના ગાડા પેઠે, માણસ અને ભગવાન એક થઈ જાય છે, અથવા નદી અને દરિયાના યોગ પેઠે ભગવાન રૂપ બની જાય છે.

ભગવાન પણ છે જ એવી ખાતરી હોય તે યોગ કરી શકે, કારણ કે માણસને માટેનો યોગ એટલે ભગવાન સાથે જોડાવું, ભગવાન સાથે એક થવું. અને એવો યોગ કરે ત્યારે ખરું જ્ઞાન મળે, ખરો આનંદ પણ મળે અને સાચું કામ કરવાની આવડત આવે. —અંબાલાલ પુરાણી

યાદશક્તિ વધારવા

એક રાજાએ પોતાના વૈદ્યને પ્રશ્ન કર્યો:

મીઠી પ્રકૃતિ કુંવરની, ભણતાં જીભ ઝલાય;
ભણતર ચિત્ત ચડે નહિ, તેનો શો ઉપાય?

જવાબમાં વિદ્વાન વૈદ્ય શાસ્ત્રોક્ત સિદ્ધ પ્રયોગ નીચે મુજબ બતાવ્યો:

ગળો, અઘેડો, વાવડિંગ, શંખાવળી, વજ, સૂંઠ,
વિદ્યાબ્રાહ્મી, શતાવરી, ગાના ઘીમાં ઘૂંટ;
ઊઠી પ્રભાતે જે ગળે એ ગોળી નિત એક,
મટે સ્વભાવે વિસ્મૃતિ, વિદ્યા ચડે વિશેષ.

અર્થ તો સમજાય તેમ છે.

તે પ્રમાણે ગળો, અઘેડો, વાવડિંગ, શંખાવળી, વજ, સૂંઠ, બ્રાહ્મી, શતાવરી એ આઠે ચીજો સરખે ભાગે લઇ બારીક ચૂર્ણ બનાવવું. તે ચૂર્ણને ગાયના ઘીમાં ઘૂંટી ચણા જેવડી ગોળીઓ બનાવવી. તે ગોળી દરરોજ એક લેવાથી યાદશક્તિ વધે છે. વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી હોઇ અજમાવવા જેવું છે. (સુશ્રુત)

અમૃતાંજન જેવો બામ

મેન્થૉલ ક્રિસ્ટલ્સ ૧ તોલો તથા કપૂર ૪૦ ગ્રેન લઇ ખરલમાં વાટી ખૂબ ઘૂંટી નાખવું. ત્યાર બાદ સફેદ વેસેલીન ૧૫ તોલામાં તે કાલવવું અને તેમાં તજનું તેલ ૪૦ ટીપાં, એલચીનું તેલ ૨૦ ટીપાં અને લવિંગનું તેલ ૨૦ ટીપાં નાખી બરાબર મેળવી લેવું. માથાનો દુખાવો, છાતીનો કે પડખાંનો દુખાવો વગેરેમાં, લગાવવાથી આરામ મળે છે. શરીરના કોઇ પણ ભાગના દુખાવા પર ઉપયોગી છે. ઉપરની બધી દવાઓ દવા વેચનાર (chemist)ને ત્યાં મળી શકે છે.

વિચારવિશેષ

બત્રીસલક્ષણા માણસની વાતો દંતકથાઓ ને લોકકથાઓમાં સાંભળીએ છીએ. એ લક્ષણોમાં ઘણાં તો સ્થૂળ છે. પણ માણસની જે સાચી સિદ્ધિ છે તે તો એના ગુણો છે. એ ગુણે કરીને જ કુરૂપ માણસ રૂપવાન લેખાય છે.

કહે છે, માણસમાં વીસ ગુણ હોવા જોઇએ.

શાસ્ત્રવચન છે કે બુદ્ધિમાન માણસે સિંહ પાસેથી એક, બગલા પાસેથી એક, કૂકડા પાસેથી ચાર, કાગડા પાસેથી પાંચ, કૂતરા પાસેથી છ અને ગધેડા પાસેથી ત્રણ ગુણો શીખવા જોઇએ. શાસ્ત્રનું અભયવચન છે કે આ વીસ ગુણોવાળો માણસ સર્વ કાર્યમાં, સર્વ અવસ્થામાં વિજય મેળવનાર થશે, અજેય થશે.

મોટું કે નાનું ગમે તે કાર્ય માણસ કરવા ઇચ્છતો હોય તે કાર્ય એણે સર્વ પ્રયત્નથી કરવું આ એક મહાન ગુણ સિંહ પાસેથી શીખવો.

ઇન્દ્રિયોનો સંયમ કરીને, દેશબળ તથા કાળબળ જાણીને સર્વ કાર્યો સાધવાં -આ એક ગુણ વિદ્વાન પુરુષે બગલા પાસેથી મેળવવો. નદીકાંઠે એક પગે ઊભેલો બગલો જે રીતે જળની સપાટી પર તરી આવતી માછલીને બરોબર સમયે ઝડપી લે છે એ ગુણ તે આ.

યોગ્ય સમયે જાગવું, યુદ્ધ કરવું, બંધુઓમાં ભાગ વહેંચવો, અને પોતે પરાક્રમ કરીને ભોગ ભોગવવા—આ ચાર ગુણો કૂકડા પાસેથી પ્રાપ્ત કરવા. એટલે કે યોગ્ય સમયે જાગૃત થઇ જવું, ગાફેલ કે અસાવધ ન રહેવું, પ્રતિપક્ષીનો પ્રતિકાર કરવા તત્પર રહેવું. જે કાંઇ મળે તેમાંથી બંધુજનને ભાગ આપી તેમને પોતાને પડખે રાખવા, અને પોતાનાં જ પરાક્રમો પર નિર્ભર રહી પોતાનો વૈભવ વધારવો.

ગુપ્ત દેહસંબંધ, ધૈર્ય, યોગ્ય કાળે ઘરમાં સંગ્રહ કરવો, પ્રમાદી ન રહેવું. અને કોઈનો વિશ્વાસ ન કરવો—એ પાંચ ગુણો માટે કાગડાને ગુરુ બનાવવો. અર્થાત્ શીલ, નીતિ, ચારિત્ર્ય વિષે વિવેક જાળવવો, ધીરજ કેળવવી, આગામી દિવસો પર દૃષ્ટિ ઠેરવવી, આપત્તિઓને પહોંચી વળવાની તૈયારી કરવી, આપણા પ્રમાદને કારણે બીજા ચતુર ને ચપળ માણસો જીવનની શેતરંજના ખેલમાં આપણાં પ્યાદાં ન મારી જાય તે જોવું, અને કોઇના પર આંધળો વિશ્વાસ ન મૂકવો.

તૃપ્તિભર ખાવું, થોડાથી સંતોષ, થોડી નિદ્રા લેવી, થોડાક ઇશારાથી જાગી ઊઠવું, સ્વામીભક્તિ ને શૂરપણું—એ છ ગુણોની શિક્ષા, દત્તાત્રેયની માફક, શ્વાન કનેથી મેળવવી.

ઘણો થાક લાગ્યા છતાં ભાર વહેવો, ટાઢ તડકા તરફ જોવું નહિ અને નિત્ય સંતુષ્ટ થઇને ફરવું—આ ત્રણ ગુણો ગધેડા પાસેથી મેળવવા. જીવનની જવાબદારીઓ ઘણી હોય, તે લાંબો સમય ઉપાડી પણ હોય, પણ તે પૂરી અદા ન થાય ત્યાં સુધી પીઠ પરથી એની ગાંસડી ઉતારી ન દેવાય; ટાઢતડકા, લીલીસૂકી, ચડતીપડતી, સુખદુઃખ આવે ને જાય એવાં અનિત્ય છે, માટે એના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ જ રાખવી અને પરમાત્મા જે સમયે જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદ ને સંતોષ માની, એની યોજનાના એક ભાગ રૂપ જ આપણા જીવનને બનાવી રહેવું. આ પ્રયત્નબળ, આ સહિષ્ણુતા અને સંતોષવૃત્તિ બહુ મોટી સમૃદ્ધિ છે.

આમ, આ પશુપંખીઓની ગુણસમૃદ્ધિ માણસ મેળવે તો ગમે તે સમયે ને ગમે તે પ્રવૃત્તિમાં તેના પરાજયનો ક્યાંય સંભવ નથી.

બત્રીસલક્ષણાની વાત તો કોણ જાણે; પણ આ વીસ ગુણો તો માણસ, પોતાના નિશ્ચય ને આચારવિચારના બળથી જરૂર મેળવી શકે.

(દૈનાજ્યોતિ) —મધુકર રાંદેરિયા

વેપારીએ સ્વાર્થ જ સાધવો, પૈસા જ એકઠા કરવા, એવો નિયમ નથી. એવા વેપારને આપણે વેપાર નહિ કહીએ પણ ચોરી જ કહીશું. જેમ સિપાઈ રાજ્યને સારુ મરે છે, તેમ વેપારીએ પ્રજાના સુખને અર્થે પૈસો ગુમાવવો ઘટે અને જાન પણ ખોવો ઘટે. બધાં રાજ્યમાં સિપાઇનો ધંધો પ્રજાનું રક્ષણ કરવાનો છે; પાદરીનો તેને કેળવણી આપવાનો છે; વૈદનો તેને તંદુરસ્તીમાં રાખવાનો છે; વકીલનો અદલ ઇન્સાફ પ્રજામાં ફેલાવવાનો છે; અને વેપારીનો પ્રજાને સારુ જોઇતો માલ પૂરો પાડવાનો છે. ...શીખવનાર પાદરીને રોટી મળી રહે છે તેમ વેપારીને નફો મળી રહે છે. પણ બેમાંથી એકેનો ધંધો પગાર અથવા નફા ઉપર નજર રાખવાનો નથી. બંનેએ પગાર કે નફો મળે યા ન મળે તોપણ પોતાનો ધંધો—પોતાની ફરજ—બજાવવાનો છે. આ વિચાર ખરો હોય તો વેપારી ઉત્તમ માનને લાયક છે, કેમકે તેનું કામ માલ સરસ પેદા કરવાનું અને પ્રજાને પોસાઇ શકે તેવી રીતે પૂરો પાડવાનું રહ્યું... આવો વેપારી, પોતાની ઉપર ગમે તેવું સંકટ પડે, પોતે ભિખારી થઇ જાય, તે છતાં માલ ખરાબ નહિ વેચે અને છેતરશે નહિ.

(નવજીવન) —મ. પ્ર. દેસાઈ

શેક્સપીઅર નાટ્યમહોત્સવ જયંતી

આ વર્ષે ઈંગ્લંડમાં જે શતાબ્દીઓ ને શતકોત્સવો ઊજવાયા તેમાંના ચારપાંચ તો દુનિયાના સર્વ લોકોને રસ લેવા જેવા હતા. જગનામી વનસ્પતિ-ઉદ્યાન 'ક્યુ ગાર્ડન'ની સ્થાપનાની શતાબ્દી વિષે, તથા ડાર્વિનના 'ઉત્ક્રાન્તિવાદ' પરના વિખ્યાત પુસ્તકના તેમજ ફિટ્ઝજિરાલ્ડે કરેલા 'ઉમરખય્યામની રૂબાઈઓ'ના અનુવાદગ્રંથના પ્રકાશનની શતાબ્દી વિષે પાછલા અંકોમાં લેખો આવી ગયા. બ્રિટિશ મ્યૂઝિયમને લગતા એવા એક ઉત્સવ અંગે આગામી અંકમાં આપવા ધારીએ છીએ.

દરમ્યાન, આ વર્ષે ઇંગ્લંડના મહાકવિ શેક્સપીઅરના જન્મસ્થાન 'સ્ટ્રૅટફર્ડ ઑન ઍવન (ઍવન નદી પર આવેલા સ્ટ્રૅટફર્ડ ગામ)માં થતા નાટ્યમહોત્સવની શતાબ્દી ઊજવાઈ એ નિમિત્તે 'કુમાર'ના એક સમભાવી વાચક શ્રી રામુભાઈ પટેલે ત્યાંથી ખાસ મોકલેલી શેક્સપીઅરના જન્મસ્થાનને લગતી છબિઓ સાથે ઉપયુક્ત માહિતી આપીએ છીએ.

દુનિયાની ઘણી વિભૂતિઓની પેઠે શેક્સપીઅરની કદર પણ ઇંગ્લંડની પ્રજાએ મોડી કરેલી. એના સ્મરણમાં ઊજવાતા નાટ્યમહોત્સવોની સંખ્યા આજે સો ઉપરાંતની થઇ ગઈ છે, પણ એના અવસાન પછીના કાળમાં તો પરિસ્થિતિ જુદી હતી. એના મૃત્યુ પછી છ વર્ષે, ઈ. સ. ૧૬૨૨માં એના જ સાથીદાર-નટોની એક મંડળી (જે 'કિંગ્સ પ્લેઅર્સ' તરીકે ઓળખાતી તે) સ્ટ્રૅટફર્ડના એક દેવળમાં મુકાએલી એની પ્રતિમા જોવા ગઈ ત્યારે એણે ઉમંગથી તેના માનમાં એક નાટક ભજવવાની હોંશ દેખાડેલી; પણ ત્યાંની મ્યુનિસિપાલિટીએ ઊલટા સામેથી પૈસા આપીને તેને નાટક ભજવતાં રોકેલી! આજે પણ એ નગરપાલિકાના હિસાબી ચોપડામાં એ રકમ આ રીતે ઉધારેલી છે: To the 'King's players' for not playing in The Hall...6 Sh.

અરે, છેક ૧૭૬૯માં ઈંગ્લંડના વિખ્યાત અભિનેતા ડેવિડ ગૅરિકે સ્ટ્રૅટફર્ડ ખાતે 'ગૅરિક જ્યૂબિલી'ના નામથી જે ઉત્સવ યોજેલો તેમાં પણ, ત્રણ દિવસના રંગરાગ દરમ્યાન ઘોડેસવારી, વક્તૃત્વકલા, આતશબાજી, ઘુરખાનાચ વગેરે અનેકવિધ કાર્યક્રમો થયા, પણ શેક્સપીઅરની લખેલી એક લીટી સરખીનું કોઇએ ઉચ્ચારણ કર્યું ન હતું.

આ 'નાટ્યમહોત્સવ'ની ઉજવણી શરૂ તો થઈ છેક ૧૮૭૯માં. ત્યારથી આજ સુધીમાં સો ઉપરાંત મહોત્સવો ઊજવાયા છે, અને એવો ૧૦૦મો મહોત્સવ આ વર્ષે ઇંગ્લંડે મોટી ઉકમાઈથી ઊજવ્યો. ઈ. ૧૮૭૭થી ૧૮૭૯ના ગાળામાં તો એક નાટ્યગૃહ પણ ત્યાં બંધાએલું. ૧૯૨૬માં આગથી તે ભસ્મીભૂત થતાં શેક્સપીઅરના નામને જેબ આપે તેવું નવું નાટ્યગૃહ ત્યાં બાંધવાની લોકોએ એવી તો ઊલટ બતાવી કે દુનિયાભરમાંથી તેને માટેનો ફાળો આવવા લાગ્યો, અને ૧૯૩૨ની ૨૩મી એપ્રિલે-શેક્સપીઅરની જન્મજયંતીને દિવસે-લાલ ઈંટોના એ સુંદર રંગભવનનું નિર્માણ થયું. (જુઓ સામેના પાને ચિત્ર)

દુનિયાઆખીના લોકોને શરૂઆતથી જ સ્ટ્રૅટફર્ડનું અનેરું આકર્ષણ રહ્યું છે, પણ બીજા વિશ્વયુદ્ધ પછી તો તેની સીમા જ રહી નથી. શેક્સપીઅરનું જન્મસ્થાન, મૃત્યુસ્થાન તથા તેને દફનાવ્યો હતો તે કબ્રસ્તાન નિહાળવાને, તેમજ બ્રિટનના ઉત્તમોત્તમ અભિનેતાઓ દ્વારા ત્યાં ભજવાતાં એના નાટકો જોવાને જગતભરનાં આબાલવૃદ્ધ ત્યાં ટોળે વળે છે. ગયે વર્ષે લગભગ ૩,૭૫,૦૦૦ લોકોએ ત્યાંની મુલાકાત લીધી હતી.

નવા નાટ્યગૃહની રંગભૂમિ તથા આધુનિક સગવડોને લીધે ગમે તેટલી આંટીઘૂંટીવાળી નાટ્યકૃતિની રજૂઆત પણ હવે શક્ય બની છે. સર બેરી જૅક્સન અને તેમના અનુગામીઓ જેવા કુશળ વડા વ્યવસ્થાપકોને લીધે આ નાટ્યગૃહને ઉત્તમ દિગ્દર્શકો, દૃશ્યસર્જકો તથા અભિનેતાવૃન્દ મળતાં રહે છે. માઈકલ રેડગ્રેવ, જ્હૉન ગિલગુડ અને લૉરેન્સ ઑલિવીઅર જેવા જગપ્રસિદ્ધ અભિનેતાઓને પણ સ્ટ્રૅટફર્ડમાં લાંબો વસવાટ કરવો ફાવે છે અને અભિનય, દૃશ્યોની સજાવટ તથા દિગ્દર્શનની બાબતમાં તો સ્ટ્રૅટફર્ડ ખાતે ભજવાતાં નાટકોનો વિશ્વની શ્રેષ્ઠ નાટ્યકૃતિઓમાં સમાવેશ થાય છે. આ વર્ષે પણ એપ્રિલથી તે આમાસ-નવેમ્બરના અંત સુધી ત્યાં શેક્સપીઅરનાં નાટકો ભજવાશે.

સામેના પાના પર આપેલાં ચિત્રોની સમજ: મથાળેથી ડાબી બાજુથી-(૧) શેક્સપીઅરનું જન્મસ્થાન. ઇ. ૧૫૬૪ની ૨૩મી એપ્રિલે આ મકાનમાં એનો જન્મ થયો હતો. 'શેક્સપીઅર બર્થપ્લેઈસ ટ્રસ્ટ' તેનો વહીવટ કરે છે અને પ્રવાસીઓને સમજણ આપવા માટે પાંચેક માણસો ત્યાં રોકેલાં છે. એમાં શેક્સપીઅરની હસ્તપ્રતો, મિત્રોના પત્રો અને તેના જીવનને લગતી અનેક વસ્તુઓને જાળવી રાખવામાં આવી છે. (૨) શેક્સપીઅરના ઘરનું રસોડું. (૩) શેક્સપીઅરનું વાંચવા લખવા માટેનું મેજ અને બેઠક. સામેની બારી મકાન પાછળના બગીચામાં પડે છે. હાલ આ ટેબલ પર રહેતા ચોપડામાં પ્રત્યેક મુલાકાતીએ પોતાનું તથા પોતાના દેશનું નામ લખવાનું હોય છે (૪) ઍવન નદીને કાંઠે આવેલું 'શેક્સપીઅર મેમોરીઅલ થિએટર'. તેની અદ્યતન સગવડોને લીધે ખૂબ જ આંટીઘૂંટીવાળી દૃશ્યરચનાઓ પણ અત્યારે અહીં શક્ય બની છે. (૫) શેક્સપીઅરનું શયનગૃહ. પ્રવાસીઓને વધુ આગળ જતા અટકાવવા માટે આગળ દોરડું બાંધેલું છે. સામેની ફૂલદાની પણ અસલની ન હોતાં માત્ર શોભા ખાતર અહીંની પરિચારિકાએ મૂકી છે. (૬) ઍવન નદી અને ક્લૉપ્ટન બ્રિજ: નદી પરની અવરજવરમાં અડચણરૂપ થઈ પડે એટલી બધી અહીંના હંસોની સંખ્યા હમણાં વધી ગઈ છે. ને એ તો પાછા શેક્સપીઅરના જેટલા જ માનનીય ગણાતા હોઈ તેની સામે કંઈ પગલાં લેવાતાં નથી. આખા સ્ટ્રૅટફર્ડમાં આ હંસો જ એવાં છે કે જેને જોવા માટે કંઈ આપવું પડતું નથી. (ફોટો: શ્રી રામુભાઈ પટેલ. વૂલ્વરહૅમ્પ્ટન. સ્ટૅફર્ડશાયર, ઈંગ્લંડ)



તાજેતરમાં એક [illegible] ઘરના વાતાવરણને હૂંફાળું રાખવા માટે ઇલેક્ટ્રિક હીટરને બદલે બિનધાતુકીય પદાર્થ દ્વારા એવી હૂંફ ઉત્પન્ન કરતું એક સાધન તૈયાર કર્યું છે. 'ફાઈબર ગ્લાસ' (કાચના રેસા)-ની પ્રક્રિયા પર આધારિત આ સાધન, ઉપરના ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે, દીવાલ પર કે ભોંયતળિયે હેરવીફેરવી શકાય તેવી તકતીના રૂપમાં બનેલું હોઈ ઘરના રાચરચીલા સાથે તે સુંદર સુમેળ સાધે છે.








સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'છેલબટાઉ'

'છેલછબીલો' ને 'છેલછોગાળો' માત્ર સાધારણ મનુષ્યની જ નહિ, 'નંદના લાલા'ની પણ રૂપછટા વર્ણવવા છૂટથી વપરાયા છે ને વપરાય છે. પણ તેમને બદલે કોઈ 'છેલબટાઉ' શબ્દ વાપરે તો કેવો અનર્થ થઈ જાય! 'બટાઉ' સાથે જોડાતાં 'છેલ' શબ્દ હલકો પડી જાય છે. તેમાં વરણાગીપણા ને લહેરીપણા સાથે ઉડાઉપણાનો, બિનજવાબદારીનો રખડુપણાનો ભાવ સમજાય છે. 'બટાઉની' સાથે 'ઉડાઉ' ને 'છટા'ની આછી છાયા આપણા ચિત્તમાં સંકળાએલી છે.

પણ એ તો ધ્વનિની સમાનતાની અસર છે. 'બટાઉ'નું મૂળ છે હિંદી 'બટાઊ'=વટેમાર્ગુ. હિંદી 'બટાઊ' તેમજ 'બટોહી'નો સંબંધ સંસ્કૃત 'વર્ત્મ'ને 'વહ' સાથે છે. વાટે વહેનાર, વટેમાર્ગુ તે 'બટાઉ'. કેટલાક આવતાજતા પરદેશીનો, થોડા દિવસ પરદેશમાં છૂટથી લહેર માણી લેવાની, અને અજાણ્યા વચ્ચે સંકોચ કે અંકુશ વગર વર્તવાની વૃત્તિને અનુલક્ષીને 'છેલબટાઉ' એ શબ્દ વપરાતો થયો છે.

—હરિવલ્લભ ભાયાણી

નવજીવનનાં પ્રકાશનો

રવીન્દ્ર–સૌરભ વાર્તારસિકને જેમાંથી વાર્તારસ મળી રહે ને જિજ્ઞાસુઓને જેમાંથી ઉપનિષદાદિની આર્ષવાણીનું નવનીત સાંપડે એવી, કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની તપસાધ્ય લેખનકળામાંથી પ્રકટેલી વાર્તાઓના સંગ્રહ 'લિપિકા'ના, આપણા જ્ઞાનવૃદ્ધ, પીઢ ને સમર્થ સાહિત્યકાર કાકા કાલેલકરે કરેલા મરાઠી ભાષાંતર 'રવીન્દ્ર પ્રતિભેચે કોંવળે કિરણ'નો આ ગુજરાતી અનુવાદ છે.

'લિપિકા'નું મહત્ત્વ સમજાવતાં કાકાસાહેબે લખ્યું છે : 'મૂળ બંગાળી લખાણ ('લિપિકા') રવીન્દ્રનાથ જેવા વિશ્વકવિની પ્રતિભાના પ્રતિબિંબરૂપ છે. 'લિપિકા'માં આવેલાં તમામ ગદ્યકાવ્યો નાજુક પીંછીથી ચીતરેલાં છે. એમાં જીવનાનુભૂતિ છે, કાવ્ય છે અને કાવ્યમય તત્ત્વજ્ઞાન પણ છે.' પ્રત્યેક વાર્તા સાથે કાકાસાહેબે પોતાનું મૌલિક 'નિરૂપણ'–રસગ્રહણ સાંકળ્યું છે, તે આ પુસ્તકની વિશેષતા છે.

કાકાસાહેબ જેવા સમર્થ અને દૃષ્ટિમાન લેખક દ્વારા મળતા આ અનુવાદથી આપણા સાહિત્યમાં એક મૂલ્યવાન ઉમેરો થાય છે. તે સાથે, કુમાર કાર્યાલય તરફથી તાજેતરમાં બહાર પડેલા એ જ પુસ્તકના શ્રી વિનોદ કોઠારીએ કરેલા અનુવાદ જોડે તેને અવલોકવાનો, અને એક જ કૃતિનો દ્વિવિધ આસ્વાદ માણવાનો આકસ્મિક છતાં સુભગ યોગ જિજ્ઞાસુ ને રસેપ્સુ વાચકને સાંપડે છે. રૂ. ૨-૫૦.

મહાત્માગાંધીનીકેળવણીનીફિલસૂફી

જે મહાનિબંધ માટે લેખક શ્રી મણિભાઇ શિવાભાઈ પટેલને મુંબાઈ યુનિવર્સિટી તરફથી 'ડૉક્ટર'ની ડિગ્રી અપાઈ છે તે 'ધી એડ્યુકેશનલ ફિલૉસોફી ઑાવ મહાત્મા ગાંધી' પ્રસ્તુત પુસ્તકરૂપે પ્રકાશિત થયો છે. પુસ્તકમાં આલેખાએલા વિષય અને તેના નિરૂપણ વિષે લેખક કહે છે કે 'આ પુસ્તકમાં મેં ગાંધીજીની ફિલસૂફીનું, કેળવણીના ક્ષેત્રમાં તેના તાત્ત્વિક પાયા તથા વહેવારમાં તેના વિનિયોગ સહિત, વિગતવાર અને વિવેચનાત્મક નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે.' શ્રી હંસાબહેન મહેતાના આમુખ સાથે. રૂ. ૩–૦૦.

સંયમ અને સંતતિનિયમન : એ પ્રશ્નની છણાવટ કરતા ગાંધીજીના સર્વ લેખોનો, એ વિષય પરત્વેની ગાંધીજીની વિચારસરણી સમજવા ઇચ્છનારાઓ માટે ઉપયોગી સંગ્રહ, રૂ. ૨–૦૦; **મારો જેલનો અનુભવ** : ગાંધીજીએ દક્ષિણ અફ્રિકાની લડત દરમ્યાન વેઠેલા કારાવાસોમાં પોતાને થએલા અનુભવોનું લખેલું વર્ણન, રૂ. ૦–૬૦; **વિચારદર્શન** (ભાગ બીજો): સાત્ત્વિક અને સંશુદ્ધ જીવન પ્રબોધતા, પૂ. કેદારનાથજીના લેખો, પત્રો અને સંવાદો, સંપાદક : શ્રી રમણિકલાલ મગનલાલ મોદી, રૂ. ૧-૫૦. **પંચાયતરાજ** : ગ્રામસ્વરાજને દેશસ્વરાજ લેખે મૂલવતા રાષ્ટ્રપિતા ગાંધીજીએ લખેલી, ગ્રામવિકાસ વિષેની નક્કર યોજના તથા ધ્યેયને સમજાવતી પુસ્તિકા, સંકલન : શ્રી આર. કે. પ્રભુ, રૂ. ૦-૩૦; **ગાંધીજીના પાવન પ્રસંગો–૩** : ગાંધીજીના જીવનનાં વિધવિધ પ્રેરક પાસાંને સરળ ને સાદી શૈલીમાં નિરૂપતા પ્રસંગો, લેખક : શ્રી લલ્લુભાઇ મકનજી, રૂ. ૦–૩૫; **હિંદના જવાહર** : રાષ્ટ્રનાયક પંડિત જવાહરલાલ નેહરુની શ્રી મણિભાઈ ભગવાનજી દેસાઇએ લખેલી વિગતસભર, રોચક અને સ્વદેશપ્રેમપ્રેરક અભ્યાસમંડિત જીવનકથા, રૂ. ૧–૦૦. સર્વના પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪.

વોરા કંપનીનાં પ્રકાશનો

વિસામો : સૂક્ષ્મ ભાવાલેખન, ઝીણા અને સફાઇદાર પાત્રાલેખન તથા સમતોલ સ્થિર વિવેકી વિકાસ ધરાવતી, ગુજરાતના અગ્રણી કવિ અને માન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીની બાવીસ વાર્તાઓના આ સંગ્રહના 'નિવેદન'માં તેઓ કહે છે, "શ્રાવણી મેળો' સિવાયના 'ત્રણ અર્ધું બે' અને 'અંતરાય' વાર્તાસંગ્રહો હવે રદ થાય છે. તેમાંથી જાળવવા જેવી લાગી તે વાર્તાઓ આ સંગ્રહમાં સમાવિષ્ટ છે. રદ કરેલા બે સંગ્રહો ઉપરાંત સામયિકોમાં પ્રગટ થએલી વાર્તાઓ હતી તેમાંથી કેટલીક અહીં પહેલી વાર ગ્રંથસ્થ થાય છે.' રૂ. ૩–૫૦. **નટીશૂન્ય નાટકો** : જે શાળા યા સંસ્થામાં કુમાર-કુમારીઓના સાહ-અભિનયની સગવડ થઈ શકતી નથી તેને માટે શ્રી ચુનીલાલ મડિયાએ સંપાદિત કરેલાં, જુદાજુદા આઠ લેખકોનાં, સ્ત્રીપાત્રો વિનાનાં આઠ નાટકોના ખાસ તૈયાર કરેલા આ સંગ્રહમાંની ઘણીખરી કૃતિઓ અવેતન તખતા ઉપર સફળ થઈ છે. નાટકોના અધ્યયન માટે તેમજ તખ્તા ઉપર ભજવવા માટે બંને રીતે આ સંગ્રહ ઉપયોગી છે. રૂ. ૩–૦૦. **પાવક જ્વાળા** : શ્રી ચુનીલાલ મડિયાની એ અતિ લોકપ્રિય નીવડેલી નવલકથાનો તેમણે પોતે જ કિશોરો માટે કરેલો સંક્ષેપ, રૂ. ૧–૭૫; **ત્રણ સરદારો અને હીરાનો હાર** : ફ્રેન્ચ લેખક ઍલેક્ઝાન્ડર ડ્યૂમાની મશહૂર નવલકથા 'થ્રી મસ્કેટીઅર્સ'ની સાડા સાતસો પાનાંની લાંબી નવલકથાને ટૂંકાવીને ત્રણ નાનાં પુસ્તકોમાં રજૂ કરતા જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતરાય આચાર્યે કરેલા રૂપાંતરનું પહેલું પુસ્તક, રૂ. ૨–૦૦; **સંત વિનોબા** : શાસનમુક્ત સમાજરચનાના દ્રષ્ટા તથા સર્વોદય ને ભૂદાનયજ્ઞના પ્રણેતા આચાર્ય વિનોબા ભાવેનું શ્રી સોમભાઈ પટેલે લખેલું સરળ સુવાચ્ય જીવનચરિત્ર, રૂ. ૦–૭૦; **જ્યૉર્જ વૉશિંગ્ટન** (માનવ અને દેશભક્ત) : અમેરિકાના પહેલા પ્રમુખ, દેશભક્ત અને માનવી–ઉભય શ્રેણીએ એકસરખા મહાન જ્યૉર્જ વૉશિંગ્ટનની, તરુણો માટે ખાસ લખાએલી જીવનકથા, મૂળ લેખિકા–જૅનેટ ઈટન, અનુવાદક–શ્રી ત્ર્યંબક મહેતા, પુસ્તકકાર અને પુસ્તક વિષેની ટૂંકી માહિતી સાથે, રૂ. ૧–૫૦; **માનવ સમજ** : વધતા જતા આત્યંતિક વાદો અને વૈરવૃત્તિઓનાં કાર્યકારણની તથા મુક્ત માનસની ઉદાર ભૂમિકાએ સમાધાનપૂર્વક મેળ બેસાડવાની માનસશાસ્ત્રીય છતાં વ્યવહારુ છણાવટ કરતા, હૅરી અને બોનારો ઓવરસ્ટ્રીટે લખેલા પુસ્તક

સાહિત્યિક સમસ્યા

(મહેન્દ્ર ન. પંડ્યા)

ઘણા લેખકો પોતાની કૃતિઓ ઉપનામ–તખલ્લુસ–થી લખે છે. આ નીચે એ નામ–ઉપનામ આડાંઅવળાં ગોઠવેલાં છે. તેમાંનાં ઘણાંખરાં ગુજરાતી સાહિત્યકારોનાં અને અમુક વિશ્વ-સાહિત્યકારોનાં પણ છે. તેમાંથી કયું ઉપનામ કોનું છે તે શોધી કાઢો. ઉત્તર પૃ. ૪૫૪ પર.

૧ ત્રિભુવનદાસ લુહાર . . . . 'વાસુકિ'	૭ ચાર્લ્સ લૅંગહોર્ન ક્લેમન્સ . . 'કાશ્મલન'
૨ કનૈયાલાલ મુનશી . . . .'એલિયા'	૮ ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી . . . 'તરલ'
૩ ભાનુશંકર વ્યાસ . . . .'ધૂમકેતુ'	૯ ચાર્લ્સ લૅમ્બ . . . . 'ઉશનસ'
૪ યશવંત પ્રાણશંકર શુક્લ . . . . . .'દ્વિરેફ'	૧૦ રંજિતલાલ હ. પંડ્યા . . . 'માર્ક ટ્વેઇન'
૫ નટવરલાલ કુ. પંડ્યા . . . . 'ઘનશ્યામ'	૧૧ ચાર્લ્સ ડૉડસન . . . . 'સુન્દરમ્'
૬ રામનારાયણ વિ. પાઠક . . .'બાદરાયણ'	૧૨ ઉમાશંકર જોશી . . . . 'લ્યુઇ કૅરલ'

'માઈન્ડ ગોઝ ફૉર્થ'નો શ્રી અમૃતલાલ ભ. યાજ્ઞિકે કરેલો અનુવાદ, રૂ. ૧–૭૫; **આર્થિક વિચારની પ્રવેશિકા:** અર્થશાસ્ત્રની સંપૂર્ણ નહિ પણ આર્થિક પ્રશ્નો વિષે વિચારવાની એક શાસ્ત્રીય પદ્ધતિ નિરૂપતું, અને સામાન્ય જન-સમાજ માટે વિષયની સુવાચ્ય પ્રવેશિકા રૂપ તથા જાણકારને માટે પણ અભ્યાસોપયોગી પુસ્તક, લેખકો–માર્શલ એ. રૉબિન્સન, હર્બર્ટ સી. મૉર્ટન, જેમ્સ ડી. કાલ્ડરવૂડ, અનુવાદક–શ્રી યશવંત દોશી, રૂ. ૨-૦૦. સર્વના પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨.

બાલજીવન-પ્રકાશનો

મહારાષ્ટ્રનું નંદનવન માથેરાન: શ્રી રમણલાલ નાનાલાલ શાહે લખેલું, હવા ખાવાના એ સ્થળની સફરનું વિગતપ્રચુર વર્ણન, સચિત્ર, રૂ. ૦–૮૭; **અદ્ભુત અલકા:** ચાર્લ્સ લ્યુટ્વિગ ડૉડસનની પ્રખ્યાત બાલકથા 'ઍલિસ ઇન ધ વન્ડરલૅન્ડ'નું શ્રી ભરતરામ ભાનુસુખરામ મહેતાએ કરેલું સંક્ષિપ્ત રૂપાંતર; **ચાર મિત્રો:** છ રોચક બાળવાર્તાઓ; **ચોર બ્રાહ્મણ:** નવેસરથી લખાએલી આઠ જાતક-કથાઓ; **હૃદયપલટો:** ઉપરની પુસ્તિકાને અનુસંધાને વધુ છ જાતકકથાઓ. આ અને બે પુસ્તિકાઓના લેખક-સંપાદક: શ્રી રમણલાલ નાનાલાલ શાહ; **સફેદ હાથી:** નવ જાતકકથાઓ, પ્રયોજક અને સંપાદક–શ્રી રમણલાલ નાનાલાલ શાહ; **ચોરસંન્યાસી:** છ નીતિબોધક વાર્તાઓ; **સાચી સલાહ:** બીજી પાંચ નીતિબોધક વાર્તાઓ, બંનેના લેખક: શ્રી રમણલાલ નાનાલાલ શાહ, અને સંપાદકો: સર્વશ્રી રમણલાલ નાનાલાલ શાહ અને રશ્મિકાન્ત ર. શાહ, સાતે પુસ્તિકાઓની કિંમત રૂ. ૦–૬૨; **વીર હમ્મીર:** ડૉ. મોહનલાલ જગન્નાથ પાઠકે હિંદી પરથી પ્રયોજેલી ઐતિહાસિક વિષયની બાલવાર્તા, સંપાદક–શ્રી રમણલાલ નાનાલાલ શાહ, રૂ. ૦–૪૪. સર્વનું પ્રકાશનસ્થાન, બાલજીવન કાર્યાલય, બાજવાડા, વડોદરા.

પ્રકીર્ણ

સૌરાષ્ટ્રની પછાત કોમો (ભાગ ૨જો): સૌરાષ્ટ્રમાં વસતી અનુસૂચિત જાતિઓ અને કોમો, તથા વિમુક્ત જાતિઓ મળીને કુલ ચોવીસ જાતિઓની માહિતી આપતા પહેલા ભાગ પછી, અન્ય પછાત કોમોમાંની ચોવીસ તથા તે સાથે બીજી ત્રણ પેટાકોમોનાં ઇતિહાસ, ધર્મ, સમાજ, રીતરિવાજ, ભાષા, કળા વગેરેનો સાંસ્કૃતિક દૃષ્ટિએ, તથા તે પછાત કોમોના વિકાસની દૃષ્ટિએ સવિગત પરિચય. ઘણી ફોટો-પ્લેટો તથા વિશેષ માહિતીસૂચક પરિશિષ્ટો સાથે. પ્રકાશક: સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ, મુંબાઈ રાજ્ય, રાજકોટ, રૂ. ૧૦–૦૦; **સાહિત્યસુધા:** વિવેચકની નહિ પરંતુ સાહિત્યના નિષ્ઠાવાન અભ્યાસીની દૃષ્ટિએ લખાએલા ડૉ. જનાર્દન પંડ્યાના ગુજરાતી સાહિત્ય વિષેના, અગાઉ જુદાંજુદાં સામયિકોમાં પ્રકટ થઈ ગએલા લેખોનો સંગ્રહ, સોલ એજન્ટ: એ. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨૬, રૂા. ૨–૫૦.

શ્રી મુક્તજીવનદાસજી સ્વામી (સુવર્ણજયંતી મહોત્સવ અંક): સ્વામીનારાયણ સંપ્રદાયના, અમદાવાદ ખાતેના, અનાદિ મુક્ત સદ્‌ગુરુ શ્રી મુક્તજીવનદાસજી સ્વામીના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે માસિક 'ઘનશ્યામ વિજય' તરફથી પ્રકટ કરવામાં આવેલા આ વિશેષાંકમાં તે મહોત્સવ તથા સ્વામીજીના જીવન તથા ધર્મકાર્યોને લગતી વિપુલ માહિતી સંખ્યાબંધ ફોટો-ચિત્રો સાથે આપવામાં આવી છે. પ્રકાશક: શ્રી ઘનશ્યામ વિજય કાર્યાલય, મુક્તનિવાસ, સ્વામિનારાયણ મંદિર રોડ, મણિનગર, અમદાવાદ-૮.

આ માસ(નવેમ્બર)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વૉલ્તેર

રૂઢિગત મતાંધતાના ઉચ્છેદક, અને પ્રૌઢ



તથા બુદ્ધિપૂત એવા પોતાના વિચારબલનો ચિરંજીવ પ્રભાવ ઇતિહાસ-પટ પર પાડી જનાર અને ફ્રાન્સની પ્રસિદ્ધ લોકક્રાંતિના પ્રમુખ જનક વૉલ્તેર (તેનું મૂળ નામ ફ્રાંસ્વા મારી આરૂત)નો જન્મ પારીસમાં, એક વકીલને ત્યાં ઈ. સ. ૧૬૯૪ની ૨૧મી નવેમ્બરે થયો હતો. પ્રારંભિક શિક્ષણ તેણે જેસ્યુઈટ પાદરી પાસેથી લીધું. પ્રથમથી જ તે સ્પષ્ટભાષી અને અન્યાયનો ઉગ્ર વિરોધી રહ્યો હતો અને ત્રેવીસ વર્ષની ઉમરે તો શાહી દરબાર વિરુદ્ધ અપમાનકારી શબ્દો બોલવા બદલ તેને બાસ્તીલના કારાગારમાં કેદ કરવામાં આવેલો, જ્યાં રહી તેણે પોતાની લાંબી મહાકવિતા 'હાંરીઆદ' લખી. કારાવાસમાંથી છૂટયા બાદ તેણે લખેલા કરુણાન્ત નાટક 'ઊપિદ'થી તેને સારી સિદ્ધિ ને પ્રસિદ્ધિ મળી. ૧૭૨૬માં તેના સ્પષ્ટભાષીપણા માટે ફરી તેને ત્રણ વર્ષની દેશનિકાલીની સજા કરવામાં આવી. આથી ૧૭૨૬ના મેથી ૧૭૨૯ના આરંભ સુધી તે ઇંગ્લંડ રહ્યો, જ્યાં તેણે પાર્લમેન્ટરી સરકાર તથા શેક્સ્પીઅર જેવા અંગ્રેજ લેખકોને યે બિરદાવ્યા જે એ વખતે ફ્રાન્સમાં લગભગ અજ્ઞાત હતા. પાછા ફરતાં તેણે પ્રસિદ્ધ કરેલા પુસ્તક 'લેટર્સ ઑન ધી ઇંગ્લિશ'માં અંગ્રેજી જીવનની તેના પર પડેલી છાપ સંગ્રહાએલી છે. ઇંગ્લંડની સમૃદ્ધિ તથા મતસહિષ્ણુતાને પડછે સ્વદેશનાં ગરીબી અને ગુલામ માનસ તેને ખૂંચતાં. 'એ પુસ્તકમાં અંગ્રેજોનાં વખાણ કરીને આડકતરી રીતે ફ્રેન્ચોની ટીકા કરવામા આવી છે' એવો આક્ષેપ મૂકી ફ્રેન્ચ સરકારે તે બાળી નાખ્યું, અને તેને ફરી એક વાર પારીસ છોડી જવાની ફરજ પડી. આ વખતે તે એક બીજા ગૃહસ્થની પત્ની માર્કિવસ દ શૅાતલેને પોતાની સાથે લઈ ગયો, જે ૧૪ વર્ષ સુધી માત્ર તેની જીવનસંગિની જ નહિ પણ સાહિત્ય-સાથી યે બની.

૧૭૪૬માં તેને માટે પારીસ આવવાનું સલામત લાગતાં, તેને ફ્રેન્ચ અકાદમીના સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યો. બીજાં થોડાં વર્ષો દરમ્યાન તેણે 'ઝુદિગ' ને 'લા માઇક્રોમેગા' જેવી તેની પ્રશસ્ત નાની નવલો લખી. ૧૫ વર્ષ તે લૉરેઈનમાં એક ગામડાની જાગીરમાં રહ્યો, જ્યાં તેણે વિજ્ઞાનનો અભ્યાસ કર્યો, રાજા ૧૪મા લૂઈના રાજ્યનો ઇતિહાસ લખવો શરૂ કર્યો અને નાટકો તથા કટાક્ષાત્મક નવલકથાઓ લખી. ૧૭૫૦માં માર્કિવસ દ શૅાતલેનું અવસાન થયું, તેનું દુ:ખ ભૂલવા તે પ્રુશિયાના મહાન ફ્રેડરિક સાથે ત્રણ વર્ષ રહ્યો. તેની વિચારસાહસપૂર્ણ નિર્ભય કૃતિ 'એસે ઑન ધ મૉરલ્સ ઍન્ડ ધ સ્પિરિટ ઑવ નેશન્સ' માટે દેશનિકાલીની સજા થતાં ફ્રાન્સ ને સ્વિટ્ઝર્લૅંડના સીમાડા પરના ફર્ની ખાતે તે સ્થિર થયો.

૬૦ વર્ષની વયે વૉલ્તેર યુરોપનો સૌથી પ્રખ્યાત લેખક બની રહ્યો. તેની અતુલનીય વિચારશક્તિ તથા લેખનકળા એ ઉમરે ઊલટી અનન્યપણે વિકસી. તેણે એક ખાનગી થિયેટર પણ બાંધ્યું હતું, જ્યાં ભજવાતાં પોતાનાં નાટકોમાં એ ઊતરતો. આંતરિક સમૃદ્ધિએ કંગાળ ફ્રેન્ચ સામ્રાજ્ય જેને આધારે શ્વાસ લઈ રહ્યું હતું એ પુરાણી અને ચીલાચાલુ અંધ માન્યતાઓ અને પ્રણાલિકાઓને તર્ક ને બુદ્ધિ લાગુ પાડીને તેની પોકળતા જાહેર કરવાની વૉલ્તેરની પદ્ધતિ હતી. વાણીસ્વાતંત્ર્ય અને મતસહિષ્ણુતાનો એ ઝંડાધારી હતો.

ફર્ની ખાતે તેણે તેની કીર્તિદા નવલકથા 'કૅન્ડિડ' લખી. બીજી લખી 'ફિલૉસૉફિકલ ડિક્શનરી'. પછી તો તેણે દેવળની ધર્માંધતા અને મત–અસહિષ્ણુતાને ઉઘાડી પાડતી અસંખ્ય પુસ્તિકાઓ અને ચોપાનિયાં બહાર પાડયાં. વૉલ્તેર એક આદર્શ બુદ્ધિપૂત પ્રચારક હતો. તેણે ઘડેલી સ્વચ્છ, સાદી અને તર્કયુક્ત તેજસ્વી શૈલી આજે પણ ઉત્તમ ફ્રેન્ચ લેખનની લાક્ષણિક ગણાય છે.

૮૪ વર્ષની વયે તે પારીસ ગયો, જે વખતે કોઈ પણ સાહિત્યકારને માટે અપૂર્વ એવો તેનો આદર-સત્કાર કરવામાં આવ્યો. તે પછી તરત, ઈ. ૧૭૭૮ની ૩૦મી મેએ પારીસ ખાતે જ તેનું અવસાન થયું. તેના જીવનકાર્યના પ્રધાન લક્ષ્ય સમી ફ્રેન્ચ લોકક્રાંતિ તેના મૃત્યુ પછી અગિયારમે વર્ષે જ આવવાની હતી.

દિનવિશેષ

તા. ૧ ૧૪૦ વર્ષે ભારતમાંની ફ્રેન્ચ વસાહતોની પ્રજાની મુક્તિ, વહીવટ ભારતને સોંપાયો, ૧૯૫૪.
તા. ૩ વીસમી સદીના સર્વોન્નત સુપ્રતિભ નાટકકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉનું અવસાન, ૧૯૫૦.
તા. ૪ કૉંગ્રેસ કારોબારી સમિતિએ વિદેશી કાપડનો દેશવ્યાપી બહિષ્કાર પોકાર્યો, ૧૯૨૧.
તા. ૬ બ્રિટિશ ગવર્નર જનરલે ફતેસિંહરાવ સાથે સંધિ કરીને અમદાવાદ મળવ્યું, ૧૮૧૭.
તા. ૮ રશિયાનો સૌથી પહેલો બોલ્શેવિક બળવો શરૂ : મહાન રશિયન ક્રાંતિનાં મંડાણ, ૧૯૧૭.
તા. ૧૦ બંગભંગના બળવાવીર કન્હાઈ દત્ત અને સત્યેન્દ્ર દત્તને ફાંસી આપવામાં આવી, ૧૯૦૮.
તા. ૧૧ કથકલી નૃત્યના પુનરુદ્ધારક 'કેરળકોકિલ' કવિ વલ્લત્તોળ નારાયણ મેન્નનનો જન્મ, ૧૮૭૮.
તા. ૧૫ બુનિયાદી તાલીમનું મંડાણ કરતી 'ગુજરાત વિદ્યાપીઠ' ગાંધીજીએ સ્થાપી, ૧૯૨૦.
તા. ૨૩ ગુજરાત ઉપર બાવન વર્ષ હકૂમત ચલાવી સુલતાન મહમદ બેગડો મૃત્યુ પામ્યો, ૧૫૧૧.
તા. ૨૪ ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓની ઉત્ક્રાંતિનો ઐતિહાસિક સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો, ૧૮૫૯.
તા. ૨૬ અંગ્રેજ સત્તા સામે વીરતાથી ઝૂઝનાર મૈસૂરના વાઘ ટિપુ સુલતાનનું મૃત્યુ, ૧૭૯૯.

પ્રસંગવિશેષ : ક્લાઈવનો આપઘાત, ૨૨મી નવેમ્બર ૧૭૭૪

મદ્રાસ ખાતેના અંગ્રેજોના થાણા ફૉર્ટ ડેવિડ પર ફ્રેન્ચો હુમલો લાવ્યા ત્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અદના કારકુન રૉબર્ટ ક્લાઇવે હથિયાર ધારણ કરીને જે બચાવ કર્યો તથા ત્રિચિનોપલ્લી અને અર્કટ મેળવવામાં તેણે ફ્રેન્ચો સામે જે બહાદુરી અને બાહોશી દાખવી તેને પરિણામે ભારતમાં ફ્રેન્ચ સત્તાનાં વળતાં પાણી થયાં, અને અંગ્રેજોની સત્તાની ચડતી કળા વર્તાઈ. પછી તો તે મદ્રાસના ગવર્નરને પદે પહોંચ્યો અને બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાને પદચ્યુત કરીને તેને સ્થાને મીરજાફરને, અને પછી મીર કાસિમને ગાદી અપાવવામાં તથા બંગાળ, બિહાર અને ઓરિસ્સાના પ્રાંતોમાં દીવાનીની સનદનો હક કંપનીને માટે મેળવવામાં તેણે અંગ્રેજ સત્તાને ભારતમાં વિસ્તારી કાયમ કરવાની મજબૂત મેખ મારી. આ સર્વ તેનાં મહત્ત્વાકાંક્ષી કૃત્યો જરૂર હતાં, પરંતુ તેની પાછળ પોતે વાપરેલી ફૂટનીતિ અને કપટથી તે અભાન નહોતો જ. કંપનીના પૈસા વેડફી નાખવાનું તહોમત મૂકીને તેની સામે ઇંગ્લંડમાં મુકદ્દમો પણ ચાલેલો, પરંતુ અંતે તેના કૃત્યને 'સ્વદેશના હિતને ખાતર' ગણાવીને નિર્દોષ જાહેર કરાયો. પોતાની પાછલી જિંદગીના અનેકવિધ આઘાત-પ્રત્યાઘાતો તથા ચાલેલા મુકદ્દમાના તહોમતની અસરથી તેનું માનસ બહુધા અસ્થિર રહેતું, અને આથી તે અફીણનું ભારે સેવન કરતો. અંતે માનસ-દુ:ખ સહ્યું ન જતાં ઈ. ૧૭૭૪ની ૨૨મી નવેમ્બરે લંડનમાં બર્કલી સ્ક્વેર ખાતેના પોતાના મકાનમાં તેણે પોતાનું ગળું કાપી નાખીને આત્મહત્યા કરી.

મોતને કહી દો ન મૂકે હોડમાં નિજ આબરૂ
શૂન્ય છે એ કોઇનો માર્યો કદી મરશે નહિ.

—શૂન્ય

વર્ષો પહેલાં એક પગપાળા પ્રવાસ વખતે કાકા કાલેલકર, વિનોબાજી ને બિલાસપુરના રામાનંદજી રેલવે-ગરનાળા પરના પાટાની પાટડીના બાજુના ભાગ પર પગ મૂકતા ચાલતા હતા, એવામાં પાછળથી ગાડી આવતી સંભળાઇ! વિનોબાજી છેલ્લા હતા. એક તો અંધારું થઈ ગયું હતું, ને વિનોબાજીની આંખો નબળી તો હતી જ. વળી તેમણે ચશ્માં યે નહોતાં પહેર્યાં. ત્યાં તો એન્જિન તેમની પાછળ સાવ નજીક આવી ગયું, પણ વિનોબા એકધારા દોડી રહ્યા હતા. વિનોબાજી વચ્ચે-વચ્ચે ખાલી જગ્યાવાળી પાટડી ચોખ્ખી જોઇ શકતા નથી એ કાકાસાહેબ જાણતા હતા, એટલે એમના ફફડાટનો તો પાર નહિ. ત્યાંતો સૌની નિરાંત અને આશ્ચર્ય વચ્ચે વિનોબાજી દોડતાદોડતા ગરનાળું વટાવી ગયા. પાછળથી વિનોબાજીએ કહેલું: 'હું પાટડીઓ જોઈ શકતો ન હતો, પણ મને ખબર હતી કે પાટડીઓ એકસરખે અંતરે છે, એટલે મેં મારી ગતિમાં 'એક તાલ' પકડી લીધો હતો.

અનેકાર્થી શબ્દ: **આપ**=તમે; પોતે, પોતાનું; અહંભાવ; આત્મા; ઈશ્વર; દેહ; ચળકાટ; તેજ; દરજ્જો; પાણી, પાણીનો સમૂહ; આકાશ; વાપરવા આપવું; કરજે ધીરવું.

કહેવતોની કથા: 'રાણીનો સાળો'—કોઇ માથાભારે થનાર માટે વપરાતી આ કહેવત પાછળ એવી વાત છે કે એક બેવકૂફ ને બેફિકર ઠાકોરના ગામમાં આવેલા પરદેશીએ ત્યાં સૌને મન ફાવે તેમ ચરી ખાતા જોઈને, પોતે પણ એ અંધાધૂંધીનો લાભ લેવા સ્મશાનમાં અડ્ડો જમાવીને મુડદાવેરો ઉઘરાવવો શરૂ કર્યો ને ધીમેધીમે એમાં માલદાર થઈ ગયો. એક વખત રાજગઢમાં મરણ થતાં તેણે ખુદ રાજા પાસેથી પણ દાણ માગ્યું, ત્યારે ઠાકોરે પૂછ્યું કે તું કોણ છે ને શા હકથી આ જકાત લે છે. પેલાએ જવાબ આપ્યો કે 'હું રાણીનો સાળો છું.' આવા નિકટના સંબંધથી સંતોષ પામી બેવકૂફ રાજાએ જકાત ભરી દીધી ને ઘેર જઈ રાણીને હોંશથી વાત કરી કે 'સ્મશાનમાં તમારો સાળો દાણ લે છે તે બહુ હોશિયાર લાગે છે!' ચતુર રાણી સમજીને સમસમી રહી કે જે ધણીને એટલી ગમ નથી કે સ્ત્રીને સાળો હોય નહિ, તેના રાજમાં કોઇ મસાણનું દાણઉઘરાવી ખાય એમાં શી નવાઈ?


પાણીમાં સોય તરાવવી છે? તો પાણીભરેલા વાસણમાં બારીક પતંગિયા કાગળનો ટુકડો તરતો મૂકી તે પર હળવેથી સોય મૂકજો. થોડી વારે કાગળ પલળીને નીચે બેસી જશે ને સોય પાણી ઉપર તર્યા કરશે!

કોઇ પણ ઊંચા ઝાડની ઊંચાઈ માપવાની સહેલી રીત તેના પડછાયા પરથી છે. ઝાડની નજીક એક નાનકડી લાકડી ઊભી રાખી તેના પડછાયાની લંબાઈ માપો. પછી તે વડે ઝાડના પડછાયાને ભાગી નાખીને જે આવે તેને લાકડીની ઊંચાઇ વડે ગુણો, એટલે ઝાડની ઊંચાઇનું ચોક્કસ માપ મળી રહેશે.



ચન્દ્ર ઉપર સોવિયેટ યૂનિયનના રૉકેટનું સફળ ઉતરાણ થયાની મહાન વૈજ્ઞાનિક સિદ્ધિના સ્મરણમાં પૂર્વ જર્મનીના સોવિયેટ ઝોને ગઇ તારીખ ૨૧મી સપ્ટેમ્બરે કાઢેલી નવી ટિકિટ.

પ્લાસ્ટર ઑવ પૅરિસમાં સફેદો મિલાવી કરેલું સિમેન્ટ વૉશ બઝીન વગેરેની તરડો પૂરવામાં અકસીર છે.



લાકડાના એક પાટિયાની વચ્ચે ચોરસ કાણું પાડી, તેની બે સામસામી બાજુ લાકડાના બે કટકા જડી, તેમની નીચે પાડેલા ખાંચામાં ચપ્પુ કે છરી મૂકીને કેળાં, બટાટા, કાકડી, રતાળુ વગેરેનાં પતીકાં ઉતારતો સંચો બનાવી શકાશે. પતીકાંની જાડાઇનો આધાર શા પર છે તે વિચારશો તો એક જ સંચામાંથી બે જાતનાં પતીકાં ઉતારવાનું પણ ગોઠવી શકશો.

જે પોતે બીજાનું ઉપરીપણું બરદાસ્ત કરી શકે તે જ બીજા પર ઉપરીપણું કરી શકે.
ટૉમસ એ. કેમ્પીસ



'બૈરીએ એને હોકો ઘરમાં લાવવાની સુદ્ધાં ના પાડી છે; એટલે...'

એક વાચક (લેખકને): તમે લખેલું છેલ્લું પુસ્તક મેં હમણાં જ પૂરું કર્યું. સરસ છે. તમે મને કહેશો, એ તમે કોની પાસે લખાવેલું?

લેખક: તમારાં અભિનંદન માટે આભાર. એક વાત પૂછું? એ તમે કોની પાસે વંચાવેલું?



કલાકણિકા

પરંપરાનો કલાપ્રસાદ જાળવી રાખતી ભારતની આધુનિક કારીગરી